વ્યાખ્યાન કાર્યક્રમમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલ, મુખ્ય વક્તા શ્રી પાયલ પાઠક (Show: Shark Tank India માં ઈનોવેટિવ આઈડિયા દ્વારા ફંડિગ મેળવનાર), અતિથિ વિશેષ શ્રી કિશોર રાઠોડ (માસ્ટર ટ્રેનર), પ્રા.ડૉ. રશ્મિ સોની, ડૉ. મુકેશકુમાર બારૈયા, ડૉ. શ્વેતા ઝાલા સહિત પ્રબોધ લેવલ બેઝિક ટ્રેનિંગ લેનાર તાલીમાર્થી વિદ્યાર્થિનીઓ તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યાં.

ડૉ. મુકેશકુમાર બારૈયાએ વ્યાખ્યાનના પ્રારંભમાં સૌને આવકારી મુખ્ય વક્તા શ્રી પાયલ પાઠક તથા અતિથિ વિશેષ શ્રી કિશોર રાઠોડનો ટુંક પરિચય આપ્યો. ત્યારબાદ સ્મૃતિ ભેટ દ્વારા બન્નેનું અભિવાદન કરવામાં આવ્યું. ડૉ. રશ્મિ સોનીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. મુખ્ય વક્તા શ્રી પાયલ પાઠકે New Startup ને Platform પુરુ પાડનાર SET India TV ના સુપ્રસિદ્ધ Show: Shark Tank Indiaમાં પોતે રજૂ કરેલ New Startup: The Simply Salad ના idea ની સ્વાનુભવિક પ્રયોગાત્મક માહિતી પ્રદાન કરી. ૩૦ લાખનું ફંડિંગ પ્રાપ્ત કરતી વખતે કઈ બાબતને ધ્યાનમાં લીધેલી વગેરે વિશે રજૂઆત કરી. વધુમાં, વિદ્યાર્થિનીઓને તેમના Innovative ideas ને આગળ ધપાવવા માટે અમૂલ્ય માગદર્શન પુરુ પાડ્યું. અતિથિ વિશેષ શ્રી કિશોર રાઠોડે તાલીમ આપતી વખતે પોતાને થતા અનુભવો વિશે રજૂઆત કરી. ત્યારબાદ પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલે પ્રવર્તમાન સમયમાં તાલીમની બદલાતી તાસીર તેમજ સંચાર માધ્યમો દ્વારા રોજગારને પ્રોત્સાહક કાર્યક્રમોનો ઉલ્લેખ કરી, સાંપ્રત સમયને આનુષંગિક આયોજિત વ્યાખ્યાન કાર્યક્રમને બિરદાવ્યો.

નિકી જોષી તેમજ રાધા ગુપ્તાએ પ્રતિનિધિરૂપ તાલીમાર્થીના પ્રતિભાવ રજૂ કરી જણાવ્યું કે, ‘‘રોજગારલક્ષી તાલીમ, તાલીમને અનુરૂપ વ્યાખ્યાન વિષય, વ્યાખ્યાનમાં માહિતી પ્રદાન કરનાર નિષ્ણાતોની રજૂઆત વગેરેમાં સહભાગી બન્યાનો અમને ખૂબ આનંદ થાય છે. ઘણુ બધુ જાણવા અને શીખવા મળે છે.’’

કાર્યક્રમના સમાપને ડૉ. શ્વેતા ઝાલાએ ગુજરાત સરકારની વિવિધ સ્ટાર્ટઅપ યોજનાઓ વિશે માહિતી આપી તેમજ ઉપસ્થિત સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

**નોંધઃ** પ્રબોધ લેવલ બેઝિક ટ્રેનિંગ લેનાર તાલીમાર્થી - વિદ્યાર્થિનીઓને મંચસ્થજનોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. મુકેશકુમાર બારૈયાએ કર્યું.

માહિતીના આદાન-પ્રદાન સાથે સમગ્ર વ્યાખ્યાન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

## ❑ ડૉ. શ્વેતા ઝાલા:

- તા. ૧૯-૨૪ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન અમદાવાદમાં Commissionerate of Higher Education and KCG-Knowledge Consortium of Gujarat દ્વારા આયોજિત Innovation Management in Higher Education વિષયક Faculty Development Programme માં સહભાગી થયાં.
- તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ અમદાવાદમાં Commissionberate of Higher Education Government of Gujarat and Intel Technology India Pvt. Ltd. ના સંયુક્ત ઉપક્રમે આયોજિત AI-Artificial Intelligence for Current Workforce વિષયક Faculty Development Programme માં સહભાગી થયા.

## ★ Climate Change :

**SLU: Climate Change Programme ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. શ્વેતા ઝાલા કાર્યભાર સંભાળે છે.**

**Note :** As part of Gujarat's proactive approach, in 2009, the Government of Gujarat to form a new Department of Climate Change.

The Climate Change Department acts as a bridge within the Government, and between the Government and the Society to address Climate Change.

તા. ૨૬-૩૦ નવેમ્બર, ૨૦૨૨ દરમિયાન કૉલેજ કેમ્પસમાં Department of Climate Change - Government of Gujarat ના નેજા હેઠળ આયોજિત Climate Change Youth Outreach Fortnight Programme અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

ડૉ. શ્વેતા ઝાલાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ વિવિધ કાર્યક્રમમાં ...

- તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ આયોજિત Group Discussion on Single Use Plastic; Water Recycling; Energy Storage; Battery Operated Vehiclesમાં સલોની પંજવાણી, મિત્તલ રાઠોડ તથા ફુરુસીમ રાજપૂતે ઉત્કૃષ્ટ રજૂઆત કરી.
- તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ આયોજિત Elocution Competition on Ozone Depletion: Legal Issues and Challengesમાં પ્રથમ સ્થાને આફિયા પાલીવાલા, દ્વિતીય સ્થાને સલોની પંજવાણી તથા તૃતીય સ્થાને રોશની વાસન વિજેતા બન્યાં.
- તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૨ના રોજ આયોજિત Slogan Writing Competition: (1) Problems due to Climate Change (2) Appeal to use ozone friendly goods etc. માં પ્રથમ સ્થાને આફ્રિન જામજાદા; દ્વિતીય સ્થાને વૈશાલી કદમ તથા તૃતીય સ્થાને માહેરા શેખ વિજેતા બન્યાં.

- તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ આયોજિત Scientific Discussion on Innovation Ideas for Combating Climate Change.
- તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ આયોજિત Eassy Writting Competition on the Hazards of climate Change and Solution there of માં પ્રથમ સ્થાને નીકિતા રાઠોડ, દ્વિતીય સ્થાને માહી પરમાર તથા તૃતીય સ્થાને સ્મિતા મકવાણા વિજેતા બન્યાં. ..

ઉપર્યુક્ત તમામ કાર્યક્રમોમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

## ★ ICTC (Institute of Computer Technology and Career) :

**શ્રી પાયલ શાહ (મેનેજિંગ ડાયરેક્ટર)**ના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થિનીઓ કમ્પ્યૂટર ટેક્નોલોજી તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન મેળવે છે. વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓને PMKVY (Pradhan Mantri Kaushal Vikas Yojana); ભારત સરકારના MSDES (કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય) ના NSDC (National Skill Development Corporation) તેમજ ITI (Industrial Training Institute) વગેરેના નેજા હેઠળ Online માર્ગદર્શન / તાલીમ આપવામાં આવી.

આ તાલીમમાં વિશેષ કરીને Field Sales Executive - Telecom Plans and Services; Accounts Executive - Accounts Payable & Recivable; GST - Goods & Service Tax; GDA (General Duty Assistant) - (Nursing Assistant) વગેરેના અનુસંધાનમાં માર્ગદર્શન / તાલીમ આપવામાં આવી.

- માર્ચ-મે, ૨૦૨૩ દરમિયાન ICTC ના નેજા હેઠળ NIIT Foundation, New Delhi તથા Pragati Foundation, Ahmedabad ના સહયોગથી Skill Development અને Job Placement ના હેતુથી વિના મૂલ્યે આયોજિત તાલીમ કાર્યક્રમો-
  - Programme in Customer Relationship Management.
  - Programme in Business Correspondent...

  ... માં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર સહભાગી બની.

## ❑ પાયલ શાહ:

તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ અમદાવાદમાં IBS - ICFAI Business School દ્વારા આયોજિત Enhancing Campus Placements - Stepping Up the Game વિષયક TPO (Training and Placement Officers) Meet માં સહભાગી થયાં.

## ★ Job Placement :

**SLU : Job Placement ના નોડલ ઓફિસર તરીકે ડૉ. કેતન મહેતા તથા મદદનીશ તરીકે શ્રી પાયલ શાહ કાર્યભાર સંભાળે છે.**

**નોંધઃ** ગુજરાત સરકાર - ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા KCGના માધ્યમથી 'ઉદ્યોગ સાહસિકતા'ને પ્રોત્સાહન આપવામાં આવે છે.

| No. | Student's Name | Post | Company |
|---|---|---|---|
| ● | Nirali Banker | Jr. Officer-Processing | HDB Finance Services<br>Radhika, 2nd Floor,<br>Law Garden Road,<br>Navrangpura, Ahmedabad. |
| ● | Devanshi Rana | Jr. Officer-Processing | HDB Finance Services<br>Radhika, 2nd Floor, Law<br>Garden Road,<br>Navrangpura, Ahmedabad. |
| ● | Jinal Rupala | Jr. Officer-Processing | HDB Finance Services<br>Radhika, 2nd Floor,<br>Law Garden Road,<br>Navrangpura, Ahmedabad. |
| ● | Avani Joshi | Jr. Officer-Processing | HDB Finance Services<br>Radhika, 2nd Floor,<br>Law Garden Road,<br>Navrangpura, Ahmedabad. |
| ● | Snehal Parmar | Jr. Officer-Processing | HDB Finance Services<br>Radhika, 2nd Floor,<br>Law Garden Road,<br>Navrangpura, Ahmedabad. |
| ● | Yahoshua Christian | Jr. Officer-Processing | HDB Finance Services<br>Radhika, 2nd Floor,<br>Law Garden Road,<br>Navrangpura, Ahmedabad. |
| ● | Rushmaparvin Shaikh | Accounts Executive | Diamond Accounts Ltd.<br>4, Sumanglam Building,<br>Opp. Drive in Cinema,<br>Drive in Road, Ahmedabad. |

| | | |
|---|---|---|
| • Anjali Vaghela | Administrator | SBI Bank<br>3rd floor, SBI SMECC,<br>Nr. Jain Dairy,<br>Swastik char rasta,<br>Ahmedabad. |
| • Samirabanu Shaikh | Data entry Operator | Simran Management<br>4th floor, Shivalik-3,<br>Nr. Drive in Cinema,<br>Thaltej, Ahmedabad. |

★ સ્વ.ડૉ. હરિણી રામિલ દીવાનજી મેમોરિયલ ફાઉન્ડેશન તરફથી જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને ભણતરના અનુસંધાનમાં પુસ્તકો ખરીદવા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી. જેનો લાભ વિદ્યાર્થિનીઓએ લીધો.

★ 'ફોરમ'ના નેજા હેઠળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વિભાગના સંયુક્ત સહકારથી વિદ્યાર્થિનીઓ દ્વારા કૉલેજના બૉર્ડ પર સુવિચાર લેખનની પ્રવૃત્તિનું આયોજન પ્રતિવર્ષની જેમ થયું.

★ ગુજરાત સાહિત્ય અકાદમી - અભિલેખાગાર ભવન, ગાંધીનગર તરફથી સમાજ સુધારકો, સમાજના અગ્રણીઓ પર લખાયેલ અને સરફરોશી પુસ્તક શ્રેણી અંતર્ગત પ્રકાશિત થયેલા 'પુસ્તકો' એસ.એલ.યુ. કોલેજ પુસ્તકાલય માટે ભેટરૂપે આપ્યા.

★ તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ અમદાવાદ સ્થિત શાંતિનિકેતન સિનિયર લીવીંગ સંસ્થાએ ૧૮ નંગ ખુરશીઓ ભેટરૂપે આપી. શ્રી મહેન્દ્રભાઈ ગોસ્વામી (મેનેજર) એ સંસ્થા વતી ઉપસ્થિત રહી, કોલેજને સુપ્રત કરી.

નોંધઃ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી જૂલી દેસાઈએ મધ્યસ્થી તરીકે કામગીરી કરી.

★ ગુજરાત સાહિત્ય અકાદમી - અભિલેખાગાર ભવન, ગાંધીનગર તરફથી સમાજ સુધારકો, સમાજના અગ્રણીઓ પર લખાયેલ અને સરફરોશી પુસ્તક શ્રેણી અંતર્ગત પ્રકાશિત થયેલા 'પુસ્તકો' એસ.એલ.યુ. કોલેજ પુસ્તકાલય માટે ભેટરૂપે આપવામાં આવ્યાં.

★ આઝાદીના અમૃત મહોત્સવ અવસરે રાષ્ટ્ર નિર્માણમાં નાગરિકોની પ્રતિબધ્ધતાને ઉજાગર કરવાના હેતુથી ઘોષિત 'હર ઘર તિરંગા' (૧૩-૧૫ ઓગસ્ટ, ૨૦૨૨) અભિયાન અંતર્ગત દેશભક્તિની ભાવનાને જાગૃત કરવાના આશયથી તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨ રોજ કૉલેજના **પટાંગણમાં તિરંગા યાત્રા**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલ તથા ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે 'તિરંગા યાત્રા'નો પ્રારંભ કરાવ્યો. આ યાત્રામાં કૉલેજના શૈક્ષણિક તથા

વહીવટી કર્મચારી ભાઈ-બહેનો સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. રાષ્ટ્રીય ચેતનાયુક્ત યાત્રા દરમિયાન દેશભક્તિના ગીતો તથા સૂત્રોથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું.

નોંધ : તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન ‘તિરંગા’ ને લહેરાવા માટે પ્રોત્સાહિત કરવા પ્રસારિત કરેલ website - https://harghartiranga.com દ્વારા એસ.એલ.યુ. પરિવારજનોએ Flag ને Pinning કર્યું તેમજ તિરંગા સાથે Selfy લઈ રાષ્ટ્ર નિર્માણમાં પોતાની પ્રતિબધ્ધતા અભિવ્યક્ત કરી.

- તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે કૉલેજના પટાંગણમાં **ધ્વજવંદન કાર્યક્રમ** યોજાયો.

ડૉ. મુકેશકુમાર બારૈયાના (Master of Ceremony) નેતૃત્વ તેમજ ઈનચાર્જ પ્રિન્સિપાલ અને NCC ના Care taker ડૉ. શૈલજા ધ્રુવ તેમજ NCC કેડેટ્સના સહભાગથી આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્ મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકા રાવલ ઉપસ્થિત રહ્યાં.

આ સાથે શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી - ગુ.સ્ત્રી.કે.મંડળ), ડૉ. શૈલજા ધ્રુવ (ઈનચાર્જ પ્રિન્સિપાલ, એસ.એલ.યુ. કૉલેજ), ડૉ. દીપિકા રાઠોડ (ઈનચાર્જ પ્રિન્સિપાલ, એસ.એમ.એન.કે. દલાલ એજ્યુ. કૉલેજ), બન્ને કોલેજના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારી ભાઈ-બહેનો સહિત NCC, Sports, NSS ની વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં.

ડૉ. ચંદ્રિકા રાવલના વડપણ હેઠળ ધ્વજવંદન દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી. ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવતાં ડૉ. ચંદ્રિકાબહેને જણાવ્યું કે, “આઝાદીના અમૃત મહોત્સવના અવસરે આઝાદીમાં યોગદાન આપનારને વંદન. આપણી સંસ્થાના ઉદ્ભવ-વિકાસમાં યોગદાન આપનાર બહેનોએ પણ આઝાદીની હાકલમાં સામેલ થઈ, રાષ્ટ્રીય ચેતનાને જગાવેલી. પ્રવર્તમાન સમયમાં જ્યારે આપણે સૌ શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ - NCC, NSS, Sports, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં લઈએ છીએ ત્યારે તેમાં આપણી દેશભાવના જ મહેકતી હોય છે. વિશ્વ ફલક પર આપણો દેશ ધ્યાનાકર્ષક બની રહ્યો છે, ત્યારે નાગરિક તરીકે આપણી ફરજો પ્રત્યેની સભાનતાનું મૂલ્ય વધી જાય એ સ્વાભાવિક છે. હાલમાં કૉલેજ દ્વારા યોજાયેલ તિરંગા યાત્રા; આપના ઘરે લહેરાતો તિરંગો અને આજે ધ્વજવંદનના કાર્યક્રમથી ધ્વજને સલામી આપવા કટિબધ્ધ બનેલા આપણે સૌ ઉન્નત ભારતના નિર્માણને એક પ્રકારે ગતિશીલ જ બનાવી રહ્યા છીએ. આપ સૌને આઝાદીના અમૃત પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. વંદે માતરમ્, ભારતમાતા કી જાય.”

★ તા. ૩૦ ઑગસ્ટ, ૨૦૨૨ ના રોજ એસ.એલ.યુ. કૉલેજના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી.

ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને સ્થાપના દિનની શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, “નાચો... ગાઓ

ખુશી મનાઓ, આયા હૈ અવસર ચલો જશ્ન મનાઓ, રખકર સબ ચિંતાઓ કો એક આરે, મિલકર ગીત ખુશી કે ગાઓ ઔર એસ.એલ.યુ. કા અવસર મનાઓ.''

**નોંધ:** -એસ.એલ.યુ. કૉલેજની સ્થાપનાના ૧૦૨ વર્ષ પૂર્ણ થયાં. ૧૦૩માં વર્ષમાં મંગળ પ્રવેશ થયો.

-સાંસ્કૃતિક કાર્યક્રમ : DJ ના તાલે સૌએ Solo, Group Dance કરી, સમગ્ર કેમ્પસને આહ્‌લાદાયક બનાવ્યું.

★ તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ પ્રતિવર્ષની જેમ પ્રકાશિત 'આરસી' (A mirror of this college) મેગેઝીન : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૨; અંક-૧૭; કૉલેજની વાર્ષિક પ્રવૃત્તિની ઝલક તથા કૉલેજની વિકાસગાથાને દર્શાવતા માહિતીપ્રદ મેગેઝિનના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં શ્રી મનસુખ સલ્લા (જાણીતા કેળવણીકાર), ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રીશ્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ), ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ સહિત એસ.એલ.યુ. પરિવારજનો ઉપસ્થિત રહ્યાં.

સમારોહના પ્રારંભમાં ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, સંસ્થાનો ટુંક પરિચય આપ્યો તેમજ વિમોચનકર્તા શ્રી મનસુખભાઈ સલ્લાનો પરિચય આપી, સ્મૃતિભેટથી અભિવાદન કર્યું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આરસી અંક-૧૭ની પશ્ચાદ્‌ભૂમિકા દર્શાવી, કાર્યક્રમની રૂપરેખા આપી.

વિમોચનકર્તા શ્રી મનસુખભાઈ સલ્લાના શુભ હસ્તે આરસી અંક-૧૭ નું વિમોચન થયું. જેને સૌએ તાલીઓના ગડગડાટથી વધાવ્યું.

ડૉ. ચંદ્રિકા રાવલે ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, ''કૉલેજના દસ્તાવેજરૂપ 'આરસી'ના અંક-૧૭ના પ્રકાશન માટે અભિનંદન પાઠવું છું. મુખ્ય સંપાદક ડૉ. શૈલજાબહેન, કાર્યકારી આચાર્યની વધારાની જવાબદારી સાથે આરસીના પ્રકાશનને મુખ્ય ધારા સાથે સાંકળી રાખવા કટિબધ્ધ રહે છે. તેનાથી હું વિદિત છું. આપ સૌને ભાવિ શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ માટે હાર્દિક શુભેચ્છાઓ.''

'આરસી'ના વિમોચનકર્તા શ્રી મનસુખભાઈ સલ્લાએ જણાવ્યું કે, ''શિક્ષણ, સંશોધન, તાલીમ, વિસ્તરણ જેવી બાબતો સાથે લેખન-વાંચન-પ્રકાશન ગાઢ રીતે સંકળાયેલ છે. વળી, પ્રકાશન પ્રક્રિયા અનેક સ્તરમાંથી પસાર થાય છે. મને આનંદ છે કે આપની કૉલેજ દસ્તાવેજરૂપ બાબતોને ધ્યાનમાં લઈ, પ્રકાશન થકી શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓને ઉજાગર કરે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ના અંક પ્રકાશન માટે આપ સૌને ખૂબ અભિનંદન'. વધુમાં તેમણે સદૃષ્ટાંત જણાવ્યું કે, ''શિક્ષકના વર્તન-વ્યવહારની વિદ્યાર્થીઓના ઘડતર પર ગહન અસર થાય છે. શાંત, મૃદુભાષી લાગતો વિદ્યાર્થી શિક્ષકની નજરે કદાચ

ધ્યાનાકર્ષક ન બને. પણ શિક્ષકના વર્તન-વ્યવહારની તેના પર અમીટ છાપ પડે છે. આથી જ 'શિક્ષક'ની ભૂમિકાને સમાજજીવનમાં મહત્વની ગણવામાં આવે છે. કારણ કે તેનાથી જ ભાવિ પેઢીની દિશા નિર્દેશીત થાય છે. મારા મતે અધ્યાપકોનું બેંક બેલેન્સ એટલે વિદ્યાર્થીઓનો પ્રેમ. આ સંસ્થા અનેક મજલમાંથી પસાર થઈ ૧૦૩માં વર્ષમાં પ્રવેશી છે, મહિલાઓના ઉચ્ચશિક્ષણને વરેલી આ સંસ્થાનો ઈતિહાસ જોતા આદ્યસ્થાપકોની દીર્ઘદ્દષ્ટિ ફળીભૂત થતી જોઈ શકાય છે. 'સંસ્થાનું આયુષ્ય નહી પણ પ્રદાન મહત્વનું છે' આ વિચાર અહીં સાર્થક થયેલો અનુભવાય છે.''

સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સમગ્ર સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો. સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. શૈલજા ધ્રુવે કર્યું.

★ તા. ૧૨-૧૩ ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન Om Stationery ના સહયોગથી અનામત કેટેગરીની વિદ્યાર્થિનીઓને Online Schlorship form fill up માટે help મળે તે હેતુથી Help Desk ની વ્યવસ્થા કરવામાં આવી. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લાભ લીધો. ઉપર્યુક્ત કંપનીના શ્રી દિગંત શેઠ (પ્રોપ્રાઈટર) તેમજ શ્રી સાહિલ મન્સૂરી (મદદનીશ)એ માર્ગદર્શનરૂપ ભૂમિકા ભજવી.

★ તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ વિદ્યાર્થિનીઓ માટે મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદની ઓઢવ સ્થિત ધ્વનિ જનરલ હોસ્પિટલના ડૉ. વસંત પટેલ તથા મદદનીશ બહેનો દ્વારા વિદ્યાર્થિનીઓની તબીબી તપાસ કરવામાં આવી.

## ★ G-20:

**SLU: G-20 ના નોડેલ ઑફિસર તરીકે ડૉ. શીતલ રાઠોડ કાર્યભાર સંભાળે છે.**

Note : The Group of Twenty (G-20) is the premier forum for international economic cooperation. It plays an important role in shaping and strengthening global architecture and governance on all major international economic issues.

India holds the Presidency of the G-20 from 1 December 2022 to 30 November, 2023.

The Group of Twenty (G-20) Comprises 19 countries (Argentina, Australia, Brazil, Canada, China, France, Germany, India, Indonesia, Italy, Japan, Republic of Korea, Mexico, Russia, Saudi Arabia, South Africa, Turkiye, United Kingdom and United States) and the European Union. The G-20 members represent around 85% of the global GDP, over 75% of the global trade, and about two thirds of the world population.

જાન્યુઆરી - એપ્રિલ, ૨૦૨૩ દરમિયાન કૉલેજ દ્વારા G-20 હેઠળ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

**નોંધ:** ભારત ૧ ડિસેમ્બર ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી G-20 નું પ્રમુખપદ ધરાવતુ હોવાને લીધે 'વસુધૈવ કુટુમ્બકમ'ની થીમ પર (એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય) ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં દિશા નિર્દેશીત્ કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓને ભારતના G-20 નો એક ભાગ બનાવવા માટે રાજ્યએ

તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહિત કરવામાં મદદ મળશે તેમજ તેમને શીખવા માટે સારું પ્લેટફોર્મ પુરું પડશે. આ સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નેજા હેઠળ રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

G-20 અંતર્ગત કૉલેજમાં યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિવિધ પ્રવૃત્તિઓ પૈકી...

- પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં રાધા ચંદ્રશેખર ચૌધરી (B.A. SEM-IV) પ્રથમ સ્થાને; હેરિના મનુભાઈ મકવાણા (B.COM SEM-IV) દ્વિતીય સ્થાને તથા ફરહીનબાનુ અહેમદહુસેન શેખ (B.COM SEM-IV) તૃતીય સ્થાને વિજેતા બન્યાં.
- નિબંધ સ્પર્ધામાં રેશ્મા મોહમ્મદ ઈકબાલ શેખ (BCOM SEM-II) પ્રથમ સ્થાને; ગાયત્રી વિજયભાઈ સોનવણે (B.A. SEM-IV) દ્વિતીય સ્થાને તથા માહિન સાજીદભાઈ આરબ (B.COM SEM-IV) તૃતીય સ્થાને વિજેતા બન્યાં.

★ **એસ.એલ.યુ. કૉલેજના યજમાન પદે Symposium on New Education Policy : 2020-Prospects and Challenges:**

તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૩ના રોજ એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનના યજમાન પદે આયોજિત અને પ્રા. પ્રભુદાસ પટેલ (પૂર્વ અધ્યક્ષ-સમાજશાસ્ત્ર વિભાગ) દ્વારા પ્રાયોજિત 'New Education Policy: 2020-Prospects and Challenges' વિષયક Symposium યોજાયું.

Symposiumના આયોજનમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના - ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રીશ્રી), શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી) તેમજ એસ.એલ.યુ. કૉલેજના - ડૉ. શૈલજા ધ્રુવ (ઈનચાર્જ પ્રિન્સિપાલ), ડૉ. મુકેશકુમાર બારૈયા (કૉ-ઓર્ડિનેટર) એ સક્રિય ભૂમિકા ભજવી.

સાંપ્રત સમયને અનુલક્ષીને આયોજિત આ Symposiumમાં કૉલેજના ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તથા અધ્યાપકો - પ્રા. ભરત પટેલ, ડૉ. રશ્મિ સોની, ડૉ. મુકેશકુમાર બારૈયા, ડૉ. નિશા જોશી, ડૉ. સોનલ મોદી, ડૉ. રાવજી કોટવાલ, ડૉ. ટવીન્કલ ચૌધરી, પ્રા. હિના પટેલ, ડૉ. કંદર્પ ચાવડા, ડૉ. નયના પ્રજાપતિ, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. શિતલ રાઠોડ, ડૉ. નીતા પટેલ, ડૉ. મધુસુદન મુકરજી, ડૉ. આશાબેન રાઠવા, ડૉ. વર્ષા પ્રજાપતિ, પ્રા. કેતલ ત્રિવેદી, ડૉ. શ્વેતા ઝાલા, ડૉ. કેતન મહેતા, પ્રા. નરવતસિંહ ડામોર, ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ સહિત અન્ય કૉલેજના મળીને લગભગ ૮૦ જેટલા અધ્યાપકો સહભાગી થયા.

## પ્રારંભઃ

- પ્રારંભમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે મંચસ્થજનો-ડૉ. વિદ્યુતભાઈ જોષી, ડૉ. રાજસીબહેન કલાર્ક, ડૉ. ગુરુદત્ત જપ્પી, ડૉ. કરસનભાઈ ચોથાણી, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો- શ્રી લીલાબહેન દેસાઈ (પ્રમુખશ્રી), શ્રી જયશ્રીબહેન પટેલ (ઉપપ્રમુખશ્રી), શ્રી શિરીનબહેન કાંગા (ઉપપ્રમુખશ્રી), ડૉ. ચંદ્રિકાબહેન રાવલ (માનદ્ મંત્રીશ્રી), શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી) સહિત સૌ સહભાગી અધ્યાપકોને આવકારી, સંસ્થાગત ટૂંક પરિચય આપ્યો. તેમણે જણાવ્યું કે, "નવી શિક્ષણ નીતિઃ ૨૦૨૦ના અમલીકરણનો પ્રારંભ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૦૨૪ થી કરવાનો નિર્ધાર થઈ રહ્યો છે. ત્યારે શૈક્ષણિક જગતમાં તેના ચિંતન થવા લાગે તે સ્વાભાવિક છે. આ પૃષ્ઠભૂમિને અનુલક્ષીને આજરોજ Symposiumનું આયોજન કર્યું છે, અમને ખુશી છે કે NEP:2020 ની સંભાવનાઓ અને પડકારોના જ્ઞાન-ચિંતનમાં આપ સૌ બહોળી સંખ્યામાં ઉપસ્થિત થયા છો. સંચાલક મંડળના હોદ્દેદારોની ઉપસ્થિતિની સાનંદ નોંધ લઈએ છીએ. વિશેષરૂપ ડૉ. ચંદ્રિકાબહેન રાવલની શૈક્ષણિક અને વહીવટી કોઠાસુઝ તેમજ સંપર્કોને લીધે આજે આ સમગ્ર સભાગૃહ જ્ઞાનવર્ધક વાતાવરણની અનુભૂતિ કરાવે છે તેની નોંધ લઈએ છીએ. કાર્યક્રમના હાર્દસમા મુખ્ય વક્તાશ્રી વિદ્યુતભાઈ, રિસોર્સ પરસન તરીકે ઉપસ્થિત શ્રી જપ્પીસાહેબ અને શ્રી કરસનભાઈ તેમજ સંકલનકર્તા ડૉ. રાજસીબહેને અમારા નિમંત્રણને વ્યસ્તતા વચ્ચે પણ સહજ રીતે સ્વીકાર્યું એ બદલ કૃતજ્ઞતા અનુભવીએ છીએ. આશા છે આજનો કાર્યક્રમ સૌને ઉપયોગી બની રહેશે. NEP:2020ની દૃષ્ટિએ કહી શકાય કે, સખત રસ્તાઓ હંમેશા સુંદર લક્ષ્ય તરફ દોરી જાય છે."
- ડૉ. ચંદ્રિકાબહેન રાવલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, "સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકોઃ ૨૦૩૦- સંયુક્ત રાષ્ટ્રોના લક્ષ્યાંક ક્રમાંક ૪માં પ્રતિબિંબિત અને ભારત દ્વારા ૨૦૧૫માં અપનાવેલ વૈશ્વિક શૈક્ષણિક વિકાસ કાર્યસૂચિ મુજબ, વર્ષ ૨૦૩૦ સુધીમાં વિશ્વના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકો ને પ્રોત્સાહન આપવું." આ લક્ષ્યાંકોને સિધ્ધ કરવા માટે NEP:2020ના અમલીકરણની તૈયારીઓ થવા લાગી છે. અલબત્ત તેમાં ઊભી થતી સંભાવના અને પડકારો ચિંતન-મનન તરફ પ્રેરે છે. આવનાર સમયમાં શિક્ષણક્ષેત્રે ધરખમ બદલાવ આવશે, આપણે સૌએ સમયના પ્રવાહ સાથે પરિવર્તિત થવુ પડશે. Multi Approachની માનસિકતા કેળવવી પડશે. જ્યારે આ બધા બદલાવો ભાવિ પેઢી માટે સાનુકુળ સંજોગો ઊભા કરવામાં સહાયક નીવડશે ત્યારે તેની ફળશ્રુતિ દૃષ્ટિગોચર થતી અનુભવાશે. આપ સૌ વિવિધ શૈક્ષણિક વિભાગોથી જોડાયેલા છો. આમ છતાં NEPની કેટલીક બાબતો સર્વસામાન્ય પણ છે. અત્રે સૌને ઉપયોગી બની રહે તે રીતે કાર્યક્રમની રૂપરેખા ઘડવાનો પ્રયત્ન કર્યો છે. નિષ્ણાત વક્તાઓના માહિતી પ્રદાનથી સૌમાં NEP વિશેની સજ્જતા વધુ કેળવાશે એવી શ્રધ્ધા ધરાવું છું."

- પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ મહેમાનોનો ટૂંક પરિચય આપી, શૉલ તેમજ સ્મૃતિભેટથી અભિવાદન કરવામાં આવ્યું.

**વક્તવ્યોઃ**

➡ **મુખ્ય વક્તા ડૉ. વિદ્યુત જોષી** (પૂર્વ કુલપતિશ્રી - ભાવનગર યુનિવર્સિટી; નિયામકશ્રી - સમતા અને વિકાસ કેન્દ્ર - ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) એ 'નવી શિક્ષણ નીતિમાં મેનેજમેન્ટ અને અધ્યાપકની ભૂમિકા' ના અનુસંધાનમાં NEP:2020ના ૨૮ પ્રકરણ પૈકી ૧૧ પ્રકરણમાં શિક્ષણ, સંસ્થાના affiliation નહીં પણ autonomous, ICTની મૂલ્યાંકનમાં પાયારૂપ ભૂમિકા, સંસ્થાગત માળખાના બદલાવમાં Board of Governorsની ભૂમિકા, UG Credit System, શિક્ષણ અને સંશોધનની બદલાતી તરાહ વગેરે મુદ્દાઓની તલસ્પર્શી રજૂઆત કરી.

➡ **રિસોર્સ પરસન ડૉ. ગુરુદત્ત જપ્પી** (અધ્યક્ષ - ઍડવાન્સ બિઝનેસ સ્ટડીઝ, સ્કૂલ ઑફ કૉમર્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ 'નવી શિક્ષણ નીતિમાં કૉમર્સ ફેકલ્ટી' વિશે PPTના માધ્યમથી રજૂઆત કરી. NEP: 2020ના અમલીકરણમાં ૪ વર્ષ, ૮ સેમેસ્ટર, ABC (Academic Bank of Credits), Major Subject, Agnotology વગેરે વિશે વિસ્તૃત રજૂઆત કરી.

➡ **રિસોર્સ પરસન ડૉ. કરસનભાઈ ચોથાણી** (આચાર્ય - સી.યુ.શાહ આટ્‌ર્સ કૉલેજ, અમદાવાદ) એ નવી શિક્ષણ નીતિમાં આટ્‌ર્સ ફેકલ્ટી વિશે PPTના માધ્યમથી રજૂઆત કરી. NEP: 2020ના અમલીકરણમાં ૪ વર્ષ, ૮ સેમેસ્ટર, આટ્‌ર્સના વિવિધ વિષયો અને સંસ્થાગત ભૌતિક માળખું, વિદ્યાર્થીલક્ષી બાબતો વગેરે વિશે વાસ્તવિકતાથી રજૂઆત કરી.

➡ **સંકલનકર્તા પ્રો.ડૉ. રાજસી કલાર્ક** (નિયામકશ્રી - સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ જણાવ્યું કે, ''ત્રણેય વક્તાશ્રીઓએ વિષયોચિત જ્ઞાનવર્ધક રજૂઆત કરી. NEP:2020ના અમલીકરણમાં શિક્ષણના અલગ અલગ સ્તર પર થનારી સંભાવનાઓ અને પડકારોની સૂચક દિશા તેમજ દશા પ્રારંભમાં અસમંજસની સ્થિતિ સર્જશે. આપણે સૌ જાણીએ છીએ કે કોઈ પણ પરિવર્તન કરવામાં સંક્રાન્તિકાળમાંથી પસાર થવુ પડે છે. મૂળ ઘરેડ સ્થિરતાને પકડે અને પરિવર્તન ગતિશીલતાને લલકારે. અગાઉ પણ આપણે વાર્ષિક થી સેમેસ્ટર પધ્ધતિ, પરીક્ષા પધ્ધતિમાં બદલાવ, Online-Offline શિક્ષણ પધ્ધતિ વગેરેની પરિસ્થિતિમાંથી પસાર થયા છીએ. વળી, COVID:19 એ તો શૈક્ષણિક ક્ષેત્રે ઘણી બધી બાબતોથી સજ્જ કર્યાના ઉદાહરણો પણ છે.

આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના ભવિષ્યને વધુ ઉજ્જળ બનાવવા NEP:2020ના અમલીકરણ માટે જોમ આપી રહ્યા છે. તેમના મતે, દરેક દેશ પોતાની શિક્ષણ પધ્ધતિને

પોતાના રાષ્ટ્રીય મૂલ્યો સાથે જોડીને, તેમાં બદલાવ કરીને દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે. ધ્યેય એ હોય છે કે દેશની શિક્ષણ પધ્ધતિ પોતાની વર્તમાન અને આવનારી પેઢીઓનું ભવિષ્ય તૈયાર કરે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણનીતિના પાયામાં પણ આ જ વિચારો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૧મી સદીના ભારતનો - નવા ભારતનો પાયો નાખનારી છે. ૨૧મી સદીના ભારતના યુવાનો, ભાવિ યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે અને તેની સાથે કેવા કૌશલ્ય જોઈએ તે વિષય પર નવી શિક્ષણ નીતિમાં વધારે ધ્યાન અપાયું છે. ભારતને શક્તિશાળી બનાવવા માટે વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડવા માટે, ભારતના નાગરિકોને વધુ સશક્ત બનાવવા માટે પણ આ શિક્ષિત નીતિમાં વધારે ભાર મૂકવામાં આવે છે.'' આમ, સમગ્ર દૃષ્ટિથી જોઈએ તો દેશના ઉજ્જળ ભવિષ્ય માટે NEP:2020ની અગત્યતા ઘણી છે. મને ખુશી છે કે આપ સૌ અધ્યાપકો પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી, આપની જ્ઞાનપિપાસાને ગતિ આપી રહ્યા છો. આપ સૌને મારી શુભેચ્છાઓ.

અત્રે ડૉ. ચંદ્રિકાબહેન, ડૉ. શૈલજાબહેન એ મને નિમંત્રણ પાઠવી, તમને સૌને મળવાની તક આપી તે બદલ તેમજ મારી નિવૃત્તિની શુભેચ્છા પાઠવવા બદલ આભાર માનુ છું. બન્ને બહેનોની આયોજન સૂઝથી વાકેફ છું અને આજના કાર્યક્રમમાં પણ સમગ્રતયા જોઈ શકુ છું.

પુનઃ આપ સૌનો આભાર.''

વક્તવ્યો અને સંકલનકાર્ય બાદ પ્રશ્નોતરી દ્વારા માહિતીનું આદાન-પ્રદાન થયું.

**સમાપનઃ**

કાર્યક્રમના સમાપને કૉ-ઑર્ડિનેટર ડૉ. મુકેશકુમાર બારૈયાએ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર સૌનો આભાર માન્યો તેમજ સ્વરુચિ ભોજન લેવા માટે આહવાહન કર્યું.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. મુકેશકુમાર બારૈયાએ કર્યું.

## ★ Institutional Development Plan for HEIs:

**SLU: IDPના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. કંદર્પ ચાવડા તથા કૉ-કૉઓર્ડિનેટર તરીકે ડૉ. મુકેશકુમાર બારૈયા કાર્યભાર સંભાળે છે.**

NOTE : As per the guidelines of UGC (University Grants Commission) and directives of KCG (Knowledge Consortium of Gujarat) - Department of Education, Government of Gujarat, the SLU College formed the Institutional Development Plan under NEP:2020.

Institutional Development Plan under NEP: 2020 report has to be submitted by the college as per the guideline of UGC and directives of KCG has on 29 April, 2023.

નોંધઃ ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) ના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ

IDPમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, કૉ-ઑર્ડિનેટર ડૉ. કંદર્પ ચાવડા, કૉ-કૉઑર્ડિનેટર ડૉ. મુકેશકુમાર બારૈયાએ સક્રિય ભૂમિકા ભજવી. ડૉ. રશ્મિ સોની, ડૉ. મધુસુદન મુકરજી, પ્રા. દિનેશ પટેલ તથા ડૉ. સિરાલી મહેતા (પૂર્વ આચાર્ય - એસ.એલ.યુ. કૉલેજ, કારોબારી સભ્ય - ગુ.સ્ત્રી.કે.મંડળ) એ મદદનીશરૂપે કામગીરી કરી, તદ્‌ઉપરાંત શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારી ભાઈ-બહેનોએ સહયોગી કાર્ય કર્યું.

## ★ વિદ્યાર્થિનીઓની પ્રવૃત્તિઓ:

### ● સપ્તધારા:

સમગ્ર વર્ષ દરમિયાન **સપ્તધારા પ્રવૃત્તિઓ**ના આયોજનમાં ડૉ**. વર્ષા પ્રજાપતિએ કન્વીનર તરીકે કામગીરી** કરી.

ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત સરકારના નિયમાનુસાર, વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા ‘સપ્તધારા સંગમ’ના નેજા હેઠળ વિવિધ બૌધ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓએ વ્યક્તિગત સિધ્ધી હાંસલ કરી, ઈનામો મેળવ્યાં, જેમાં...

⇨ **વક્તૃત્વ સ્પર્ધા :**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **મુસ્કાન શેખ** | (B.Com. SEM-III) |
| **દ્વિતીય** | : | **માસૂમા સૈયદ** | (BA SEM-V) |
| **તૃતીય** | : | **મહેરિન કાદરી** | (B.Com. SEM-V) |
| | | **પલક મહેતા** | (B.Com. SEM-V) |

⇨ **શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા :**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **પલક મહેતા** | (B.Com. SEM-V) |
| **દ્વિતીય** | : | **મોહસિના શેખ** | (B.Com SEM-III) |
| | | **માહિન અજમેરી** | (BA SEM-III) |
| **તૃતીય** | : | **નૂરસબા અન્સારી** | (BA SEM-V) |
| | | **આફિયા કુરેશી** | (BA SEM-III) |

⇨ **ડિબેટ સ્પર્ધા :**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **મહેરિન કાદરી** | (B.Com. SEM-V) |
| **દ્વિતીય** | : | **પલક મહેતા** | (B.Com SEM-V) |
| **તૃતીય** | : | **મોહસિના શેખ** | (B.Com SEM-III) |

➩ પાદપૂર્તિ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | નૂરસબા અન્સારી | (BA SEM-V) |
| દ્વિતીય | : | રિધ્ધિ સાપરા | (BA SEM-I) |
| તૃતીય | : | માહિન અજમેરી | (BA SEM-III) |

➩ કાવ્યપઠન સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | નૂરસબા અન્સારી | (BA SEM-V) |
| દ્વિતીય | : | માસૂમાબાનુ સૈયદ | (BA SEM-V) |
| તૃતીય | : | મેહરોઝ શેખ | (B.Com. SEM-V) |

➩ ક્વિઝ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | રુહી શેખ | (B.Com. SEM-I) |
| દ્વિતીય | : | સુજાન ખટીબ | (B.Com. SEM-V) |
| તૃતીય | : | સંજીદા પઠાણ | (B.Com. SEM-V) |

➩ નિબંધ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | ગોપી દેસાઈ | (BA SEM-I) |
| દ્વિતીય | : | ઉમેરા બરોડાવાલા | (B.Com. SEM-III) |
| | | ગુલનાઝબાનુ મલેક | (BA SEM-I) |
| તૃતીય | : | ધારા યાદવ | (B.Com. SEM-III) |
| | | બુશરા શેખ | (B.Com. SEM-V) |

➩ મહેંદી સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | માહેરા શેખ | (B.Com. SEM-I) |
| દ્વિતીય | : | માહીન અરબ | (B.Com. SEM-III) |
| | | જાગૃતિ પરમાર | (BA SEM-V) |
| તૃતીય | : | ફઝીલત શેખ | (BA SEM-III) |
| | | મિસ્બાહ મલેક | (BA SEM-III) |

➩ રંગોળી સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | અમૃતા હુબ્લીકર | (B.Com. SEM-III) |
| દ્વિતીય | : | ફૈઝાહ શેખ | (B.Com. SEM-III) |
| તૃતીય | : | નિશા ચૌધરી | (BA SEM-I) |
| | | પ્રિયાંશી ગોહેલ | (B.Com. SEM-III) |

⇨ ઑન ધ સ્પોટ પેઈન્ટીંગ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | રાધા ચૌધરી | (BA SEM-III) |
| દ્વિતીય | : | જાગૃતિ પરમાર | (BA SEM-V) |
| | | હેરીના મકવાણા | (B.Com. SEM-III) |
| તૃતીય | : | સોફિયા શેખ | (B.Com. SEM-I) |
| | | અફશીનબાનુ સીદ્દીકી | (BCom SEM-III) |

⇨ કાર્ટુનિંગ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | રાધા ચૌધરી | (BA SEM-III) |
| દ્વિતીય | : | જીનલ પ્રજાપતિ | (B.Com. SEM-V) |
| | | અફસાના ખાન | (B.Com. SEM-III) |
| તૃતીય | : | ફરીનબાનુ શેખ | (B.Com. SEM-III) |
| | | અસવારા પઠાણ | (BA SEM-V) |
| | | શ્રુતિ મેજીયાતર | (B.Com. SEM-III) |

⇨ કૉલાજ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | ફીઝા શેખ | (B.Com. SEM-III) |
| દ્વિતીય | : | અસવારા પઠાણ | (BA SEM-V) |
| તૃતીય | : | આફરીન જામજાદા | (BA SEM-V) |
| | | ફાતિમા ચોપડા | (B.Com. SEM-III) |

⇨ પોસ્ટર મેકિંગ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | અસવારા પઠાણ | (BA SEM-V) |
| દ્વિતીય | : | ફૈઝા શેખ | (B.Com. SEM-III) |
| | | અફસાના ખાન | (B.Com. SEM-III) |
| | | આફરીન જામજાદા | (BA SEM-V) |
| તૃતીય | : | રાધા ચૌધરી | (BA SEM-III) |
| | | પ્રિયાંશી ગોહિલ | (B.Com. SEM-III) |
| | | જીનલ પ્રજાપતિ | (BA SEM-V) |

⇨ એકપાત્રિય અભિનય સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | સુમૈયા વોરા | (B.A. SEM-V) |
| દ્વિતીય | : | નૂરફાતિમા શેખ | (B.Com. SEM-I) |

➪ **હળવું કંઠ્ય સંગીત સ્પર્ધા :**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **દીપિકા જાદવ** | (BA SEM-I) |
| **દ્વિતીય** | : | **મનિષા મકવાણા** | (BA SEM-I) |
| | | **આફિયા કુરેશી** | (B.Com. SEM-III) |
| **તૃતીય** | : | **નૂરસબા અન્સારી** | (BA SEM-V) |
| | | **પૂજા રાવલ** | (B.Com. SEM-I) |
| | | **દિશા શાહ** | (BA SEM-V) |

.... **સ્થાને વિજેતા** બન્યાં. વિજેતા થનારને પ્રમાણપત્ર અને ઈનામ એનાયત કરવામાં આવ્યાં.

- વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન **રાધા ચૌધરી** (BA SEM-III/IV)ને કલા-કૌશલમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે **SLU College : KALA-KAUSHAL TROPHY એનાયત** કરવામાં આવી.
- વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન **દીપિકા જાદવ** (BA SEM-I/II)ને સૂર-સંગીતમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે **SLU College : SOOR SANGEET TROPHY** એનાયત કરવામાં આવી.

## નવરાત્રિ મહોત્સવઃ

તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ નવરાત્રિ મહોત્સવના ભાગરૂપે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતા, કૉલેજનું મેદાન પરંપરાગત પરિધાનોથી નવરાત્રિમય બની રહ્યું.

નિર્ણાયકો : ડૉ. જલ્પા ગજ્જર, શ્રી તપસ્વીની ગજ્જર

➪ **શ્રેષ્ઠ પરિધાનઃ**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **સ્નેહા વાળોદરા** | (B.Com. SEM-I) |
| **દ્વિતીય** | : | **મનિષા શ્રીમાળી** | (BA SEM-V) |
| **તૃતીય** | : | **હિના જાદવ** | (BA SEM-I) |
| | | **મનિષા ચાવડા** | (BA SEM-I) |

➪ **શ્રેષ્ઠ અભિવ્યક્તિઃ**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **સ્નેહા વાળોદરા** | (B.Com. SEM-I) |
| **દ્વિતીય** | : | **હની દરજી** | (B.Com. SEM-I) |
| **તૃતીય** | : | **પ્રિયંકા અંજારા** | (B.Com. SEM-V) |

**શ્રુતિ પારેખ** (B.Com. SEM-I)

➪ **વિશેષ પુરસ્કાર :**

**શૈક્ષણિક સ્ટાફ** : **ડૉ. વર્ષા પ્રજાપતિ**
**ડૉ. શીતલ રાઠોડ**
**ડૉ. શ્વેતા ઝાલા**

| | | |
|---|---|---|
| વિશેષ ઉત્સાહ પ્રદાન | : | ડૉ. દર્શના અંજારિયા |
| બિન-શૈક્ષણિક સ્ટાફ | : | શ્રી માયા સોની |
| | | શ્રી રસિલા કટારા |
| ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ | : | ધારા ચંદેલા |
| | | પ્રિયા વાઘેલા |
| | | કુસુમ પરમાર |

⇨ **M.Com :**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | નેહા પરમાર | (M. Com. SEM-I) |
| દ્વિતીય | : | મૌલિકા ઝાલા | (M. Com. SEM-III) |
| તૃતીય | : | હિના રાઠોડ | (M. Com. SEM-III) |

⇨ **પ્રોત્સાહક ઈન્નામઃ**

**નોંધઃ સોની હેન્ડીક્રાફ્ટ, અમદાવાદ દ્વારા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં.**

- પૂજા રાવલ (B. Com. SEM-I)
- હેજલ સોલંકી (B A SEM-I)
- સંગીતા ગોહિલ (B A SEM-I)
- સુજાન પરમાર (M. Com. SEM-III)
- નિશા રેવર (B. Com. SEM-V)

## ● આંતર કૉલેજ / આંતર વિભાગ / રાજ્ય કક્ષા / રાષ્ટ્રીય કક્ષાએ...

- તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ કૉલેજમાં શિક્ષક દિન નિમિત્તે IBS-ICFAI Business School દ્વારા આયોજિત Teacher's Day Best Message Contest: 2022માં Best Three Messageમાં Misbah Surti (B Com SEM-V); Shreyanshi Purohit (B Com SEM-V) તથા Noorsaba Ansari (BA SEM-V) - પસંદગી પામ્યાં.
- ઓગસ્ટ-૨૦૨૨ દરમિયાન ડૉ. પિંકેશકુમારી ગર્ગના માર્ગદર્શન હેઠળ Asoy Explorers - Jamnagar દ્વારા આયોજિત તથા Reliance Industries Limited & Dulerai Matalia Charitable Trust દ્વારા પ્રાયોજિત State level Nature Painting Competition-2022 for teenagers & youth of Gujarat (online)માં વિદ્યાર્થિનીઓ- Dharmishtha Desai, Mahin Arab, Herina Makwana,

Priyanshi Gohel, Ayesha Parwala, Ashiya Shaikh, Saniya Pathan, Shruti Mejiyater - એ ભાગ લીધો. ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને Ashoy Explorers Institute દ્વારા પ્રમાણપત્ર send કરી, પ્રોત્સાહિત કરવામાં આવી.

- તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ અમદાવાદમાં ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટસ્ ઓર્ગેનાઈઝેશન (AIDSO) દ્વારા આયોજિત **નર્મદ-મેઘાણી શૌર્યગીત સ્પર્ધામાં દીપિકા જાદવ** (BA SEM-I) **દ્વિતીય સ્થાને વિજેતા** બની.
- તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં એમ.પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન દ્વારા આયોજિત આંતર કૉલેજ સૂર-સંગીત સ્પર્ધામાં દીપિકા જાદવે (BA SEM-II) ભાગ લીધો.
- તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ અમદાવાદમાં ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટસ્ ઑર્ગેનાઈઝેશન **(AIDSO) દ્વારા** નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતીના સમાપન પ્રસંગે આયોજિત **વક્તૃત્વ સ્પર્ધામાં પલક મહેતા** (B. Com. SEM-VI) **પ્રથમ સ્થાને** વિજેતા બની.

★ વિદ્યાર્થિનીઓની લાગણીને માન આપી, શિસ્ત તથા રાષ્ટ્રીય ગૌરવને કેન્દ્રમાં રાખી વિવિધ Days ઉજવાયાં જેમ કે,

| **Day** | **ડ્રેસીંગ** | **ત્રીજા પિરિયડ પછી કરવાની પ્રવૃત્તિ** |
|---|---|---|
| Black and White Day (Executive Day) | સફેદ-કાળા વસ્ત્રો પરિધાન | કારકિર્દી ઘડતર અંગેની પ્રવૃત્તિઓ |
| Group Day | એકસરખા વસ્ત્રો પરિધાન | ગૌરવપ્રદ મિત્રતાની પ્રવૃત્તિઓ |
| Environment Day | લીલા-પીળા વસ્ત્રો પરિધાન | પર્યાવરણ જાગૃતિની પ્રવૃત્તિઓ |
| Traditional Day | સાડી, પ્રાદેશિક વસ્ત્રો પરિધાન | ભારતીય સંસ્કૃતિને ઓપતી પ્રવૃત્તિઆ |

તા. ૨ માર્ચ, ૨૦૨૩ ના રોજ **ત્રિવિધ કાર્યક્રમ - અભિવ્યક્તિઃ ૨૦૨૩; ઈનામ વિતરણ; ટી.વાય શુભેચ્છા**નું આયોજન કરવામાં આવ્યું.

**અભિવ્યક્તિઃ ૨૦૨૩ઃ**

વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના સંયુક્ત ઉપક્રમે Annual Day યોજાયો. જેમાં વિદ્યાર્થિનીઓએ Group Dance, Solo Singing વગેરે રજૂ કર્યા.

**ઈનામ વિતરણઃ**

શિક્ષણ સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓમાં સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને બિરદાવવા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો - શ્રી લીલાબહેન દેસાઈ (પ્રમુખશ્રી), ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રીશ્રી) શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી) ઉપસ્થિત રહ્યાં.

મહેમાનો, ઈનચાર્જ આચાર્યશ્રી તેમજ અધ્યાપકોના શુભહસ્તે સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવી.

**ટી.વાય. શુભેચ્છાઃ**

કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરનાર Arts તેમજ Commerce ની તમામ વિદ્યાર્થિનીઓને ઈનચાર્જ પ્રિન્સીપાલ ડૉ. શૈલજા ધ્રુવે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ''કૉલેજના ત્રણ વર્ષ આપ સૌ માટે સવિશેષ યાદગાર રહેશે, એની અમને ખાતરી છે. કારણ કે વૈશ્વિક મહામારી COVID:19 ને લીધે પ્રથમ વર્ષ Online અને ત્યારબાદ તબક્કાવાર Offline દ્વારા શિક્ષણ તેમજ ક્રમશઃ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં સામેલ થયાનો રોમાંચ તમે સૌએ અનુભવ્યો. સમયના પ્રવાહના આવા પડકારો જીવન ઉપયોગી ઘણી શીખ આપે છે. કૉલેજ કેમ્પસમાં તમારા જોશ, ઉત્સાહ, ઉમંગે શૈક્ષણિક સંકુલને ધમધમતુ રાખવામાં સહાયક ભૂમિકા ભજવી છે. આપણે સૌ જાણીએ છીએ કે દરેક સવાર એક નવો જ સંદેશ લઈને આવે છે. સવારે આશાઓ બંધાય, સાંજે અનુભવો બંધાય. બધા પોતાના પર ભરોસો રાખજો, અહીં સુધી આવ્યા છો તો આગળ પણ જશો. તમારુ સ્મિત, તમારો logo; તમારુ વ્યક્તિત્વ, તમારુ Business Card; તમારુ વર્તન તમારો Trade Mark રહેશે. આપ સૌને પરીક્ષા માટે Best of Luck, Best Wishes તેમજ આપ સૌના સપના સાકાર થાઓ એવી એસ.એલ.યુ. કૉલેજ પરિવારવતી શુભેચ્છાઓ પાઠવું છું.''

## ● વિભાગીય પ્રવૃત્તિઃ

વર્ષ દરમિયાન વિભાગ તેમજ વિભાગીય અધ્યાપકો દ્વારા વ્યક્તિગત રીતે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ તેમજ આંતરવિભાગીય પ્રવૃત્તિઓનું પણ આયોજન થયું. જેની વિગત આંતરવિભાગીય વિભાગમાં તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દૃષ્ટિગોચર થાય છે.

## ★ કોમર્સ વિભાગઃ

**શૈક્ષણિક મુલાકાતઃ**

તા. ૨૨-૨૩ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન પ્રા. ભરત પટેલ, ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં B.Com. SEM-VI ની વિદ્યાર્થિનીઓએ અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના School of Commerce દ્વારા તૈયાર કરાયેલ 'Kautilya' Museum of Accountancy ની શૈક્ષણિક મુલાકાત લીધી.

નોંધ : ભારતમાં આ પ્રકારનું સૌ પ્રથમ સંગ્રહાલય ગણાય છે.

મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ તેમજ અભ્યાસક્રમ સંબંધિત વિષયોચિત માહિતી પ્રદાન કરી.

**સેમિનારઃ**

- તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ ડૉ. રશ્મિ સોની, ડૉ. શીતલ રાઠોડ, ડૉ. કેતન મહેતાની નિશ્રામાં B.Com. SEM-II, IV તથા VI ની વિદ્યાર્થિનીઓ માટે STPC Banking Jobs ના સહયોગથી 'Career counselling (What to do further in career) વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. Shri Pravinsinh Pawar (Founder-STPC Jobs) એ વિદ્યાર્થિનીઓને વિષયોચિત માહિતી પ્રદાન કરી. વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી મેળવી.
- તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ પ્રા. ભરત પટેલ, પ્રા. દિનેશ પટેલ, ડૉ. શીતલ રાઠોડ તથા ડૉ. કંદર્પ ચાવડાના માર્ગદર્શન હેઠળ B.Com. SEM-II, IV તથા VI ની વિદ્યાર્થિનીઓ માટે 'Sustainable Development Goals' વિષયક સમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૮ જેટલી વિદ્યાર્થિનીઓએ વિષયોચિત વિવિધ 'Goals' વિશે રજૂઆત કરી.

**Presentation Competition:**

- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ પ્રા. ભરત પટેલ, ડૉ. શીતલ રાઠોડ તથા ડૉ. કંદર્પ ચાવડાના માર્ગદર્શન હેઠળ B.Com. SEM-VI ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમ (Business Law - ધંધાકીય કાયદો) અંતર્ગત 'Case Study' Presentation નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૭ જેટલી વિદ્યાર્થિનીઓએ વિવિધ ધંધાકીય ક્ષેત્રે રચાયેલા કાયદાને ધ્યાનમાં લઈ 'Case study' ની રજૂઆત કરી.
- તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ડૉ. કંદર્પ ચાવડા તથા પ્રા. દિનેશ પટેલના માર્ગદર્શન હેઠળ BCom SEM-II, IV તથા VI ની વિદ્યાર્થિનીઓ માટે **'અભિવ્યક્તિ' - the presentation competition** નું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓના વિચારને આકાર આપવાના, તેમની અનુભૂતિ અને અભિભાવોને ઉજાગર કરવાના તેમજ સંચાલનના (Management) વિવિધ પાસાની સમજ કેળવવાના હેતુથી આયોજિત આ Competition માં ૨૪ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. ગુજરાતી માધ્યમની વિદ્યાર્થિનીઓ પણ હિસ્સેદાર રહી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. મધુસુદન મુખરજી તથા ડૉ. શીતલ રાઠોડે ભૂમિકા ભજવી. તેમના ઉદ્‌બોધનમાં વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, 'Power of Points' એટલે જ Powerpoint આ સ્પર્ધામાં **Sarah Memon અને Sharmin Saiyad પ્રથમ સ્થાને, Zahin Shaikh દ્વિતીય સ્થાને** તથા **Muskan Shaikh અને Mubashira Shaikh તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.

**Workshop:**

તા. ૧૩ જુલાઈ, ૨૦૨૨ ના રોજ B.Com. SEM-III & V ની વિદ્યાર્થિનીઓ માટે પ્રા. ભરત પટેલ તથા ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં IBS - ICFAI Business School, અમદાવાદના સહયોગથી Towards Smart gools and Career Management વિષયક Workshop નું આયોજન કરવામાં આવ્યું. IBS-

ICFAI Business School ના Shri Amit Prajapati (Chief Manager-Gujarat area), Shri Shripalsinh Rajpurohit (Branch Manager), Shri Prashant Jethva (Branch Assistant Manager), Shri Amit Shah (Branch assistant Manager) તથા Dr. Pallavi Mittal (Faculty-IBS, Ahmedabad) ઉપસ્થિત રહ્યાં. Shri Amit Prajapati (Chief Manager-Gujarat, IBS Information Office) તથા Dr. Pallavi Mittal (Faculty - IBS, Ahmedabad) એ વિદ્યાર્થિનીઓને વિષયોચિત માર્ગદર્શન આપ્યું. વૈચારિક આદાન-પ્રદાન દ્વારા સમગ્ર Workshop સફળ બની.

## M.Com:

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમના અનુસંધાનમાં આયોજિત Seminar, Group Discussions માં ભાગ લીધો.

### ❑ ડૉ. જશવંત ઠક્કર:

- ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીના Dean તરીકે આરૂઢ થતા કાર્યરત (તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૧૯ થી)
- ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીની Academic Council ના સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીની Admission (B.Com. BBA, BCA, MBA- ઈન્ટિગ્રેટડ Msc, IT તમામ કોર્ષ) Committee ના કન્વીનર તરીકે સક્રિયપણે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીમાં Legal Cell ના કન્વીનર તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીમા સેનેટ સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીની મહત્વની વિવિધ કમિટિમાં સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટડીઝ (સ્ટેટીસ્ટીક્સ)ના સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી (આંકડાશાસ્ત્રઃ UG, PG) કમિટિના સભ્ય તરીકે કાર્યરત
- ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી (આંકડાશાસ્ત્રઃ PG) કામગીરીમાં કાર્યરત.

### ❑ પ્રા. ભરત પટેલ :

- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટડીઝ (કોમર્સ)ના સભ્ય તરીકે સક્રિયરૂપે કાર્યરત (નિયુક્તિ ૨૨/૦૭/૨૦૨૧; સમિતિ અવધિ : ૨૨/૦૭/૨૦૨૧ થી ૨૧/૦૭/૨૦૨૪)
- અધ્યાપક સહાયકની ભરતી માટેની પસંદગી સમિતિમાં કૉમર્સ /એકાઉન્ટન્સીના વિષય તજજ્ઞ તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની કોમર્સ વિદ્યાશાખાની વિવિધ પરીક્ષાના સંદર્ભમાં કુલપતિશ્રી દ્વારા નિમાયેલ

સમિતિના સભ્ય તરીકે સક્રિયપણે કાર્યરત

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

❑ **ડૉ. શીતલ રાઠોડઃ**

- તા. ૬-૧૪ મે, ૨૦૨૨ દરમિયાન NSS Hindu College, Changanacherry, Kottayam, Kerala in association with Lore & Ed Research Associates, Kottayam, Kerala દ્વારા આયોજિત 'Literature Review: Narrative & Systematic' વિષયક Online International Workshop માં સહભાગી થયાં.
- તા. ૧૯ મે-૧૭ જુલાઈ, ૨૦૨૨ દરમિયાન અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના Human Resource Development Centre (HRDC) દ્વારા આયોજિત અને UGC (University Grants Commission) દ્વારા પ્રાયોજિત Guru - Dakshta, Online FIP (Faculty Induction Programmes - Equivalent to Orientation Programme) માં સહભાગી થયાં.

  નોંધ: FI Programme માં 'A' Grade પ્રાપ્ત કર્યો.
- તા. ૬-૨૪ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન Archbishop Kavukattu Central Library, Assumption College (Autonomous) Changanacherry, Kottayam, Kerala and the Research and Post graduate Department of Economics, Bishop Kurialacherry College for Women, Amalagiri, Kottayam, Kerala in association with Lore & Ed Research Associates, Kottayam Kerala દ્વારા આયોજિત Trends in book and Journal Publishing વિષયક Online National Workshop માં સહભાગી થયાં.
- તા. ૨૫-૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન Global Institute of Statistical Solutions (GISS) દ્વારા આયોજિત 'Academic Writing: Ethical Issues' વિષયક Online International Workshop માં સહભાગી થયાં.
- તા. ૨૬-૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન Research Affairs Committee, Rajdhani College, University of Delhi; Indian Commerce Association Delhi-NCR Chapter તથા Pinak Technno, India ના સંયુક્ત ઉપક્રમે આયોજિત Sustainable development in Commerce, Management & Technology વિષયક Online International Conference માં 'Evaluating the impact of camel Ratios on the Efficiency of Selected Indian Banks' વિશે પેપર (સંયુક્ત) રજૂ કર્યું.
- તા. ૮-૧૪ માર્ચ, ૨૦૨૩ દરમિયાન International School of Business Management, Suresh

Gyan Vihar University, Jaipur તથા Pinki Technno, India ના સંયુક્ત ઉપક્રમે આયોજિત Online Faculty Development Programme માં સહભાગી થયાં.

- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્ટડીઝ (Accounting including Costing) ના સભ્ય તરીકે સક્રિયરૂપે કાર્યરત (નિમણુંકઃ ૨૨/૭/૨૦૨૧; સમિતિ રચના : તા. ૨૨/૭/૨૦૨૧ થી તા. ૨૧/૭/૨૦૨૪)
- Pinaki Technno Gandhinagar ના Sachetas' - Journalના Editorial Board સભ્ય તરીકે કાર્યરત (નિયુક્તિ તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૨)
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

### ❑ ડૉ. કંદર્પ ચાવડાઃ

- તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ કૉલેજના કોમર્સ અને એકાઉન્ટન્સીના અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક થતા હાજર થયાં. (સંદર્ભઃ E-GYAN No.-18; ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. ૧૧/૬/૨૦૨૧ના પત્રાંક કવટ/ISCB/ભરતી/૨૦૨૧/૦૧૦ NOC અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના ભલામણ પત્ર ક્રમાંકઃ CHE/RAS ૨૦૨૦/૨૦૨૨/૫૦૯ તા. ૧૯/૧૨/૨૦૨૨; ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પત્રાંકઃ ભરતી પ્રક્રિયા / નિમણૂંક / ૨૦૨૨-૨૩/૬૬ તા. ૧૯/૧૨/૨૦૨૨)
- તા. ૧૮ માર્ચ, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત Nirma University દ્વારા આયોજિત Curriculum Review and New Programme Launch of M.Com. માં વિષય તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યાં.

- **પ્રકાશનઃ**

  **પેપરઃ**

  'An Altman's Z Score Model Analysis of Tata Motors Ltd' in E-Journal of 'Gap Gyan-A Global Journal of Social Sciences', A peer-reviewed and open access journal, ISSN: 2581-5830; Impact Factor - SJIF-4.998; IIFS-4.375; Vol. - VI, Issue-I, Pg. 39-43. (Joint) (https://www.gapgyan.org/)
- Gujarat University, GLS University સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ અર્થશાસ્ત્ર વિભાગઃ

### ❑ ડૉ. કેતન મહેતાઃ

- ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

  નોંધઃ ગુજરાત યુનિવર્સિટીની BA SEM-I & II પરીક્ષાના (અર્થશાસ્ત્ર) વિભાગના ચેરમેન તરીકે કામગીરી કરી.

- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાના સંચાલન માટે 'મંડળના પ્રતિનિધિ' તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) નવી દિલ્હી દ્વારા અમદાવાદમાં આયોજિત Civil Services (main) પરીક્ષાના સંચાલન માટે Local Inspecting Officer તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયા માટેની પસંદગી સમિતિમાં વિષય-અધ્યક્ષ તરીકે કામગીરી કરી.

**❑ ડૉ. આશા રાઠવાઃ**

- તા. ૩ નવેમ્બર, ૨૦૨૨ના રોજ કૉલેજના અર્થશાસ્ત્રના અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક થતા હાજર થયાં. (સંદર્ભ : E-GYAN No. 18; ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. ૧૧/૬/૨૦૨૧ના પત્રાંક કવટ/ISCB / ભરતી/૨૦૨૧/૦૧૦ NOC અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના ભલામણ પત્ર ક્રમાંકઃ CHE/RAS ૨૦૨૦/૨૦૨૨/૪૮૭ તા. ૦૨/૧૧/૨૦૨૨; ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પત્રાંકઃ ભરતી પ્રક્રિયા / નિમણૂંક / ૨૦૨૨-૨૩/૬૫/૧ તા.૦૨/૧૧/૨૦૨૨)
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

**❑ ડૉ. આશા રાઠવા તથા ડૉ. ટ્વીન્કલ ચૌધરીઃ**

- તા. ૨૪-૨૮ એપ્રિલ, ૨૦૨૩ દરમિયાન ભાવનગર સ્થિત Maharaja Krishnakumarsinhji Bhavnagar University ના Department of Economics દ્વારા આયોજિત Faculty Development Programme (FDP) માં સહભાગી થયા.

**❑ ડૉ. ટ્વીન્કલ ચૌધરીઃ**

- તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કૉલેજના અર્થશાસ્ત્રના અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક થતા હાજર થયાં. (સંદર્ભ : E-GYAN No. 18; ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. ૧૧/૬/૨૦૨૧ના પત્રાંક કવટ/ISCB / ભરતી/૨૦૨૧/૦૧૦ NOC અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના ભલામણ પત્ર ક્રમાંકઃ CHE/RAS ૨૦૨૦/૨૦૨૨/૬૦૨ તા. ૧૩/૦૧/૨૦૨૩; ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પત્રાંકઃ ભરતી પ્રક્રિયા / નિમણૂંક / ૨૦૨૨-૨૩/૭૨/૧ તા. ૧૩/૦૧/૨૦૨૩)
- તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૩ના રોજ માણસા (જિ. ગાંધીનગર) સ્થિત S.D. Arts and Shah B.R.

Commerce College દ્વારા આયોજિત Dr. Babasaheb Ambedkar, Guaradian of equality, freedom and fraternity વિષયક Webinar માં સહભાગી થયાં.

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ હોમસાયન્સ વિભાગ

આ વિભાગ દ્વારા તમામ પ્રવૃત્તિઓ **ભૂતપૂર્વ અધ્યક્ષા સ્વ.શ્રી ગીતાબહેન દિક્ષીતની સ્મૃતિમાં** કરવામાં આવે છે.

### ❑ ડૉ. પિંકેશકુમારી ગર્ગ:

- ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્ટડીઝ (હોમસાયન્સ)ના સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી API- વિષય નિષ્ણાત (હોમસાયન્સ) સમિતિના સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

### ❑ ડૉ. નયના પ્રજાપતિ:

- તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ ચાણસ્મા (જિ. પાટણ) સ્થિત જેઠીબા કે. પટેલ આટ્ર્સ કૉલેજ અને બી.એ. પટેલ તથા ડી.બી. વ્યાસ કૉમર્સ કૉલેજ રૂપપુરમાં NAAC- પિયર ટીમની રિએક્રીડીટેશન માટેની સંસ્થાગત મુલાકાતમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓની આયોજિત મિટીંગમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ઉપસ્થિત રહ્યાં.
- ગુજરાત યુનિવર્સિટી ઍડહોક બૉર્ડ ઑફ સ્ટડીઝ (હોમસાયન્સ)ના સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ★ ગુજરાતી વિભાગ:

- **ગુજરાતી વિભાગના યજમાનપદે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા**

તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ગુજરાતી વિભાગ - એસ.એલ.યુ. કૉલેજ તથા ગુજરાતીનો અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી વિષયના (SEM-I, III, V) અભ્યાસક્રમ આનુષંગિક વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું.

વ્યાખ્યાનમાળાની પૂર્વ તૈયારીમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિએ સક્રિય કામગીરી કરી.

વ્યાખ્યાનમાળામાં કૉલેજના વિભાગીય અધ્યાપકો, વિદ્યાર્થિનીઓ સહિત શહેરની અન્ય કૉલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર સહભાગી થયાં.

## પ્રારંભઃ

વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, ગુજરાતી વિભાગની પ્રવૃત્તિઓને ટાંકીને વ્યાખ્યાનમાળાના કાર્યક્રમને બિરદાવી, શુભેચ્છાઓ પાઠવી. મંચસ્થજનોનું સ્મૃતિભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકા રાવલે સંસ્થાના પરિસરની સાહિત્યિક પ્રવૃત્તિઓના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યને ટાંકીને સંસ્થાગત પરિચય સહ્ કાર્યક્રમને શુભેચ્છા પાઠવી. ગુજરાતીનો અધ્યાપક સંઘના પૂર્વ મંત્રીશ્રી ડૉ. અજય રાવલે (એસોસિયેટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ) ગુજરાતીનો અધ્યાપક સંઘની સ્થાપનાથી સાંપ્રત કામગીરીથી સૌને અવગત કર્યા. પ્રવર્તમાન મંત્રીશ્રી પ્રા. રાજેન્દ્ર પટેલે (એસોસિયેટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ - ડૉ. ઉર્મિલાબેન ચીમનભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ) ગુજરાતીનો અધ્યાપક સંઘ અને ગુજરાતી વિભાગ એસ.એલ.યુ. કોલેજના સંયુક્ત ઉપક્રમે આયોજિત વ્યાખ્યાનમાળા સંદર્ભે રાજીપો વ્યક્ત કર્યો.

## વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા અંતર્ગત...

- ડૉ. ગુણવંત વ્યાસ (એસોસિયેટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ - આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ) એ ઝવેરચંદ મેઘાણી કૃત 'યુગવંદના' વિશે
- ડૉ. રાજેશ મકવાણા (એસોસિયેટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ - સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર) એ પ્રેમાનંદ કૃત 'ચંદ્રહાસ વ્યાખ્યાન' વિશે.
- ડૉ. સંજય ચોટલિયા (આસિસ્ટન્ટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ - આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ લુણાવાડા) એ ભરતમુનિ કૃત 'રસમીમાંસા' વિશે

... વ્યાખ્યાન આપ્યાં.

વ્યાખ્યાનબાદ પ્રશ્નોતરી દ્વારા સહભાગીદારોએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

સહભાગી અધ્યાપકોએ સંયુક્તરૂપે પ્રતિભાવ આપતા જણાવ્યું કે, "વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાની રચનાના હેતુઓ અને આયોજકોની સક્રિય ભાગીદારીના સમન્વયને આજે અનુભવ્યાં. એસ.એલ.યુ. કૉલેજના કાર્યક્રમોના સુઆયોજન ધ્યાનાકર્ષક હોય છે. કૉલેજ દિન-પ્રતિદિન ઉન્નતિ કરતી રહે તેવી અમારી શુભેચ્છાઓ."

પ્રતિનિધિરૂપ વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, "આજના કાર્યક્રમથી અમને ઘણુ નવું જાણ્યાનું લાગે છે. અમારા અભ્યાસક્રમને નવીન રીતે ઉઘડતો જોયો, જે અમારી વૈચારિકશક્તિને ખીલવવામાં ચોક્કસ ઉપયોગી બનશે. વિવિધ વક્તાઓને પ્રત્યક્ષ સાંભળ્યાનો પણ આનંદ છે. એસ.એલ.યુ. કૉલેજ દ્વારા વ્યવસ્થા પણ સરસ કરવામાં આવી છે."

વ્યાખ્યાનમાળાના સમાપને ડૉ. અર્ચના પંડ્યા (એસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ-ગુજરાતી વિભાગ) એ ગુજરાતીનો અધ્યાપક સંઘ, આમંત્રિતો, સહભાગીદારો સહિત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક ભૂમિકા ભજવનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

સમગ્ર વ્યાખ્યાનમાળા કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. વર્ષા પ્રજાપતિ (આસિસ્ટન્ટ પ્રૉફેસર- ગુજરાતી વિભાગ) એ કર્યું.

- **વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી: 'માતૃભાષા વંદના'**

તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાતી વિભાગ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદના નેજા હેઠળની નવલકથાકાર દેવશંકર મહેતા વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ઉજવણી કરવામાં આવી. Multi Media તેમજ પ્રત્યક્ષ વક્તવ્યના માધ્યમથી આયોજિત 'માતૃભાષાા વંદના' કાર્યક્રમમાં વિભાગીય અધ્યાપકો તેમજ SEM-II, IV તથા VI (ગુજરાતી)ની વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર સહભાગી થયાં.

**પ્રારંભ:**

કાર્યક્રમના પ્રારંભમાં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવેલ Video Clipings દર્શાવવામાં આવ્યાં જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રીશ્રી સમીર ભટ્ટે માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવી. માતૃભાષાના સંરક્ષણ અને સંવર્ધન સંદર્ભે વિચારો રજૂ કર્યા. તદ્ઉપરાંત જેમના નામે વ્યાખ્યાનશ્રેણી શરૂ કરવામાં આવી એવા નવલકથાકાર શ્ર દેવશંકર મહેતાના જીવન તેમજ ગુજરાતી સાહિત્યક્ષેત્રે પ્રદાન વિશે માહિતી આપી. ત્યારબાદ Video Cliping ના માધ્યમથી જ જાણીતા સાહિત્યકાર અને સમાજસેવીશ્રી જગદીશ ત્રિવેદીએ માતૃભાષા દિવસની સૌને શુભેચ્છા પાઠવી, મા જેટલી જ મુજને વ્હાલી મારી માતૃભાષાના આવિર્ભાવને અભિવ્યક્ત કર્યો. સંસ્કૃતિ સાથે ભાષાના જોડાણ અને જતન વિશે સદષ્ટાંત રજૂઆત કરી.

Video Cliping ના માધ્યમથી પ્રસારિત માતૃભાષા મહિમાને સૌ શ્રોતાજનોએ નિહાળી, તાલીઓના ગડગડાટ સાથે વધાવ્યો.

**વ્યાખ્યાન:**

'માતૃભાષા વંદના' અંતર્ગત શ્રી નિસર્ગ આહીર (આસિસ્ટન્ટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ - ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ)નું 'માતૃભાષાનું માધુર્ય' શીર્ષક હેઠળ વ્યાખ્યાન યોજવામાં આવ્યું.

વ્યાખ્યાનની શરૂઆતમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે પ્રાસંગિક ઉદ્બોધનમાં સૌને માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, "પ્રત્યેક વ્યક્તિના જીવનમાં માતૃભાષા, માતૃભૂમિ તેમજ

માતૃસંસ્થા અનેરુ સ્થાન ધરાવે છે. પ્રવર્તમાન સમયમાં ભાષાઓનું વૈવિધ્ય વધતું જાય છે. આમ છતાં માતૃભાષા તો હંમેશા હૃદયસ્થ જ રહે છે અને એને ગૌરાન્વિત રાખવી પણ આવશ્યક છે.''

ઉદ્‌બોધન બાદ તેમણે મુખ્ય વક્તા શ્રી નિસર્ગ આહીરનો પરિચય આપી, સ્મૃતિભેટ દ્વારા અભિવાદન કર્યું.

શ્રી નિસર્ગ આહીરે 'માતૃભાષાનું માધુર્ય' અંતર્ગત મનનીય વ્યાખ્યાન આપ્યું. તેમણે પોતાના વ્યાખ્યાનમાં પ્રાચીન, અર્વાચીન તેમજ લોકસાહિત્યના સાહિત્ય સ્વરૂપોને ટાંકીને માતૃભાષાના માધુર્યનો રસથાળ પીરસી, માતૃભાષાના મહિમાગાનની આવશ્યકતા પર ભાર મૂક્યો.

કાર્યક્રમના સમાપને ડૉ. અર્ચના પંડ્યા (એસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ - ગુજરાતી વિભાગ) એ ગુજરાતી સાહિત્ય પરિષદ, વક્તાશ્રી તેમજ કાર્યક્રમને સફળ બનવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાળો આપનાર સર્વ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. વર્ષા પ્રજાપતિ (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ) એ કર્યું.

- **અતિથિ - વ્યાખ્યાનઃ**

તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિની નિશ્રામાં SEM-II,IV તથા VI ની વિદ્યાર્થિનીઓ માટે 'છંદ' વિષયક અતિથિ-વ્યાખ્યાન (Guest Lecture) નું આયોજન કરવામાં આવ્યું.

ડૉ. નિયતિ અંતાણી (આસિસ્ટન્ટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ - ગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (ઈવનીંગ), અમદાવાદ) એ 'છંદ' અંતર્ગત છંદના પ્રકારો, તેનું બંધારણ વગેરે વિશે સદષ્ટાંત માહિતી આપી.

પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

- **શૈક્ષણિક મુલાકાત**

- તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્વ હેઠળ SEM-VI ની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૩૧૧ઃઅર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ) આનુષંગિક ગાંધી યુગ સંદર્ભે અમદાવાદના સાબરમતી આશ્રમની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન જેમના આચાર અને વિચારોથી ગુજરાતી ભાષા અને ગુજરાતી ભાષાનું સાહિત્ય પ્રભાવિત થયુ છે એવા સર્જક ગાંધીજીના જીવનકવન સંબંધિત માહિતીપ્રદ ચિત્રો, પ્રદર્શન, ચીજ વસ્તુઓ નિહાળી, અભિભૂત થઈ. તદ્‌ઉપરાંત આશ્રમ સંલગ્ન પુસ્તકાલય પણ નિહાળ્યું.
- તા. ૬ માર્ચ, ૨૦૨૩ના રોજ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્વ હેઠળ SEM-VI ની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૩૧૧ઃ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ) આનુષંગિક અમદાવાદ સ્થિત

માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય (M.J. Library) ની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન ગુજરાતી અને દેશ-વિદેશના સર્જકોના પુસ્તકો; ગુજરાતી સર્જકોની છબિઓ; મહિલા, બાળ તેમજ અન્ય વિભાગોમાં વિષયોચિત પુસ્તકો તેમજ સામયિકો નિહાળ્યાં. તદ્ઉપરાંત અંધજનો માટે પુસ્તકોનું કઈ રીતે રેકોર્ડિંગ થાય છે તેની માહિતી મેળવી.

- **પ્રતિબિંબ - ભીંતપત્રઃ**

પ્રતિવર્ષની જેમ સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ માતૃભાષા ગુજરાતીને લક્ષમાં રાખી, તેના વિવિધ પાંસાને આનુષંગિક માહિતી એકત્રિત કરી, પ્રતિબિંબમાં રજૂ કરી.

❑ **ડૉ. અર્ચના પંડ્યાઃ**

- ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના અનુસ્નાતક વિભાગમાં Visiting Faculty તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

❑ **ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિઃ**

- તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગ અને ગુજરાતીનો અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ભારતીય અને વિશ્વસાહિત્યની કૃતિઓ' વિષયક અધ્યાપક સજ્જતા શિબિરમાં સહભાગી થયાં જેમાં...

  - ડૉ. વર્ષા પ્રજાપતિએ અરુંધતી રોય કૃત 'ધ મિનિસ્ટ્રી ઑફ અટમોસ્ટ હેપ્પીનેસ' વિશે પેપર રજૂ કર્યું.

❑ **ડૉ. વર્ષા પ્રજાપતિઃ**

- તા. ૧૩ મે,૨૦૨૨ ના રોજ અમદાવાદમાં ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, અમદાવાદ દ્વારા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે આયોજિત ત્રિદિવસીય સર્જન શિબિર અંતર્ગત 'કાવ્યસર્જન પ્રક્રિયા' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨-૩ જુલાઈ, ૨૦૨૨ દરમિયાન અમદાવાદમાં अखिल भारतीय साहित्य परिषद - गुजरात प्रदेश द्वारा આયોજિત नाथ परंपरा का भारतीय साहित्य पर प्रभाव વિષયક राष्ट्रीय संगोष्ठी માં સહભાગી થયાં.
- તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ અમદાવાદ સ્થિત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આયોજિત 'જાણીતા કવિ અને વિવેચક શ્રી વિનોદ જોશીની સર્જનાત્મક ગીત-લેખન શિબિર'માં સહભાગી થયાં.
- તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં કવિ, વાર્તાકાર, બાળસાહિત્યકાર રમેશ મોહનલાલ પારેખના ૮૩મા જન્મદિન પ્રસંગે ઓમ કૉમ્યુનિકેશન આયોજિત 'સાત રંગના સરનામે' વિષયક

સાહિત્યિક વ્યાખ્યાનમાં 'રમેશ પારેખની કાવ્યકલા' પર વ્યાખ્યાન આપ્યું.

- તા. ૧૬-૧૮ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન સાયલા (જિ. સુરેન્દ્રનગર)માં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહ્યાં.
- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ (સાંજ)ના ગુજરાતી વિભાગ અને ગુજરાતીનો અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાઃ ૨૦૨૩માં 'ઊર્મિકાવ્યઃ સ્વરૂપ અને લક્ષણો' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૪-૫ માર્ચ, ૨૦૨૩ દરમિયાન વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતીનો અધ્યાપક સંઘ આયોજિત ૭૨મા વાર્ષિક અધિવેશનમાં ઉપસ્થિત રહ્યાં.
- તા. ૧૭ માર્ચ, ૨૦૨૩ના રોજ પાટણ (જિ. પાટણ) સ્થિત Shri & Smt. P.K. Kotawala Arts College, Patan અને ગુજરાત સાહિત્ય એકાડમિ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગુજરાતી મુક્ત- દીર્ઘ કવિતા (Gujarati Blank Verse Narrative Poetry) વિષયક રાજ્ય સ્તરિય સેમિનારમાં 'ત્રણ યુધ્ધ' અને 'પીડોન્મુખ' દીર્ઘ કવિતા (સ્નેહી પરમાર) વિશે પેપર રજૂ કર્યું.

  નોંધઃ સેમિનારના શોધપત્ર - વાંચન બેઠકમાં અધ્યક્ષ તરીકે ભૂમિકા ભજવી.
- તા. ૬ માર્ચ, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠ અંતર્ગત શતાબ્દી વ્યાખ્યાન શ્રેણીમાં ઉપસ્થિત રહ્યાં.

**સન્માનઃ**

- તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૨ના રોજ અમદાવાદ સ્થિત શ્રીમતી એ.પી. પટેલ આર્ટ્સ ઍન્ડ સ્વ. શ્રી એન.પી. પટેલ કૉમર્સ કૉલેજ, નરોડા (માતૃ સંસ્થા) ના Naroda College Alumni Association દ્વારા આયોજીત 'તેડું' અંતર્ગત સ્નેહ મિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પૂર્વવિદ્યાર્થિનીના નાતે સન્માનિત કરવામાં આવ્યાં.
- ૨૬ માર્ચ, ૨૦૨૩ના રોજ ઈન્દોર (મધ્યપ્રદેશ)માં Wishwabharati Sansthan અમદાવાદ તથા મધ્ય ભારત હિન્દી સાહિત્ય સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન (૮ માર્ચ, ૨૦૨૩) નિમિત્તે ભારતીય લેખિકા સંમેલનઃ 'જૂઈ-મેળોઃ ૨૦૨૩'નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે માતૃભાષા, રાષ્ટ્રભાષા તેમજ કલા-સંસ્કૃતિના ગરિમામય યોગદાન આપવા બદલ 'શ્રીમતી કોકિલા-હીરા કાવ્યકલા પારિતોષિક'થી સન્માનિત કરવામાં આવ્યાં. રૂા. ૧૧૦૦૦/- નો ચેક તેમજ મેમેન્ટો એનાયત થયો.

**કાવ્યપઠન સ્પર્ધાના નિર્ણાયક તરીકે...**

- તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત 'ગાંધી વિચાર અને સિનેમા' વિષયક કાર્યશાળા અંતર્ગતની કાવ્યપઠન સ્પર્ધામાં,

- તા. ૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સુરત સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૪૯મા યુવા મહોત્સવ અંતર્ગતની કાવ્ય પઠન સ્પર્ધામાં,
- તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં અંધશાળા, આશ્રમરોડના ૭૯મા સ્થાપના દિન નિમિત્તે અંધશાળા દ્વારા આયોજિત દૃષ્ટિ દિવ્યાંગ ઈન્ટરસ્કૂલ અંતર્ગતની કાવ્યપઠન સ્પર્ધામાં,

... નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી.

**કવિ સંમેલનના સંચાલક તરીકે...**

તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ લુણાવાડા (જિ. મહિસાગર) ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ લુણાવાડા આર્ટ્સ કૉલેજ દ્વારા આયોજિત 'પરથમ્ પૂજ્યાની લાજું રાખજો' વિષયક કવિ સંમેલનમાં સંચાલનકર્તા તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી.

**સ્વરચિત કાવ્ય પઠન...**

- ➡ તા. ૧૯ જૂન, ૨૦૨૨ના રોજ અમદાવાદ સ્થિત બાલ્કનજી બારી ટ્રસ્ટ સંચાલિત સાહિત્ય સંગમ ગ્રુપ આયોજિત કવિ-બહેનોના સન્માન સમારંભ તેમજ કાવ્યગોષ્ઠિ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા અને કાવ્યપઠન કર્યું.
- ➡ તા. ૩૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ આણંદમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે વિશ્વ ભારતી સંસ્થાન અમદાવાદ તથા રીડર્સ કલબ - શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'જૂઈ મેળો' : અંતર્ગતના કવિયત્રિ સંમેલનમાં કાવ્યપઠન કર્યું.
- ➡ તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત 'વ્હાલા સાથે વાળુ' કાવ્યપઠન કાર્યક્રમ અંતર્ગત કાવ્યપઠન કર્યું.
- ➡ તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ઓમ કૉમ્યુનિકેશન આયોજિત 'સાહિત્ય પંચામૃતઃ ૨૦૨૩'માં કાવ્યપઠન કર્યું.
- ➡ તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં ZAD Care Publicationના પુસ્તક લોકાર્પણ કાર્યક્રમમાં કાવ્યપઠન કર્યું.

**પ્રસારણઃ**

**સ્વ-રચિત કવિતા...**

- ➡ તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૨ GTPL ચેનલ ૨૮૨ પર પ્રસારિત 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમમાં સર્જક તરીકે ઉપસ્થિત રહ્યા તેમજ કાવ્યપઠન કર્યું.

સર્જક : ડૉ. વર્ષા પ્રજાપતિ; ઈન્ટરવ્યુ લેનારઃ શ્રી શૈલેષ પંડ્યા 'ભીનાશ'

➡ તા. ૮ માર્ચ, ૨૦૨૩ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે Gujarat first News Channel દ્વારા પ્રસારિત, કાર્યક્રમમાં કાવ્યપઠન કર્યું.

**પ્રકાશન :** સ્વ-રચિત કવિતા / ગીત / લેખ

➡ એક (૧) કવિતા પ્રકાશિત - 'હું તો પાંખ વિનાનું પંખી'; પરબ, જૂનઃ ૨૦૨૨

➡ એક (૧) ગીત પ્રકાશિત- 'વૈશાખી વાયરે'; 'શબ્દસર'; જૂનઃ૨૦૨૨

➡ એક (૧) ગીત પ્રકાશિત- 'પીડા નામે તરફડવું'; 'શબ્દસર'; ડિસેમ્બરઃ૨૦૨૨

➡ એક (૧) ગીત પ્રકાશિત- 'ગુરુ શબદને તાગું'; 'શબદ'-દીપોત્સવી અંક, ગાંધીનગર સાહિત્ય સભા; વર્ષઃ૨૦૨૨

➡ એક (૧) ગીત પ્રકાશિત- 'બોલ સખા!' તું યાદ કરે એ ક્યાં મલકનું અજવાળું?'; 'છાલક'-દીપોત્સવી સાહિત્યિક સામયિક; ડિસેમ્બર-જાન્યુઆરીઃ૨૦૨૩

- ગુજરાતીનો અધ્યાપક સંઘના (ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ વિસ્તાર) મંત્રી તરીકે નિયુક્તિ થતા સક્રિયપણે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ★ हिन्दी विभाग:

### हिन्दी दिवस (१४ सितंबर, २०२२)

प्रति वर्ष की तरह इस साल भी हिन्दी दिवस के उपलक्ष्य में आयोजित कार्यक्रमों में छात्राओंने बढ़-चढ़ कर हिस्सा लिया।

### रेली:

ता. १४ सितंबर, २०२२ को हिन्दी दिवस के उपलक्ष्य में मे.ब. पटेल राष्ट्रभाषा विनयन और वाणिज्य महाविद्यालय से गूजरात विद्यापीठ तक आयोजित भव्य रेली में छात्राओं ने डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल के नेतृत्व में अति उत्साह के साथ भाग लिया। उसके बाद गूजरात विद्यापीठ के सभाखंड में आयोजित वक्तव्य कार्यक्रम में सामेल हुए।

### चर्चा:

ता. १६ सितंबर, २०२२ को 'हिन्दी भाषा के महत्व' के संदर्भ में आयोजित चर्चा में SEM-I, III एवं V की छात्राओं ने उत्साह के साथ हिस्सा लिया। इस चर्चा में विभागीय अध्यापको ने भी अपने अपने विचार व्यक्त किये।

## ❑ डॉ. निशा जोशी:

- ता. ३०-३१ दिसंबर, २०२२ दरमियान अहमदाबाद में School of Languages-Gujarat University द्वारा आयोजित 'भारतीय रुपक में जीवन-शिक्षण' विषयक अन्तराष्ट्रिय परिसंवाद में अथ से आज तक स्त्री-संघर्ष की गाथा: 'माधवी' के संदर्भ मे प्रपत्र प्रस्तुत किया।

- ता. २७ मार्च - १ अप्रेल, २०२३ दरमियान अहमदाबाद में Bharat Shodh Sansthan, School of International Studies & Diaspora, Gujarat University द्वारा आयोजित Indian Knowledge System (IKS) विषयक Faculty Development Programme में सहभागी हुए।

- गुजरात युनिवर्सिटी परीक्षालक्षी कामगीरी में कार्यरत।

## ❑ डॉ. रावजी कोटवाल:

- ए.पी. पटेल आर्ट्स एन्ड कॉमर्स कॉलेज अहमदाबाद - अनुस्नातक विभाग में अध्यापन कार्य में सक्रिय रुप से कार्यरत।

- गूजरात युनिवर्सिटी डॉ. बाबासाहेब आंबेडकर ओपन युनिवर्सिटी संलग्न परीक्षालक्षी कामगीरी में सक्रिय रुप से कार्यरत।

  नोंध: गुजरात युनिवर्सिटी के BA SEM-III (हिन्दी) परीक्षा के चेरमेन के रुप में कार्य किया।

- गूजरात विद्यापीठ (अहमदाबाद) संलग्न अनुस्नातक स्तरीय परीक्षालक्षी कामगीरी में सक्रिय रुप से कार्यरत।

# ★ English Department:

## ❑ Dr. Madhusudan Mukerjee and Dr. Rashmi Soni :

Participated in Exam Oriented Duties of Gujarat University.

# ★ ભૂગોળ વિભાગ:

### શૈક્ષણિક મુલાકાત:

- તા. ૧૪-૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન ડૉ. ઘનશ્યામ અંજારા તથા ડૉ. શ્વેતા ઝાલાના નેતૃત્વ હેઠળ BA SEM-I, III, V (ભૂગોળ)ની વિદ્યાર્થિનીઓ માટે કચ્છ જિલ્લાના મુદ્રા પોર્ટની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ બંદરની કામગીરી, જાહેર અને ખાનગી બંદરોની કામગીરીમાં તફાવત, બંદરો પર થતી આયાત-નિકાસ વગેરે વિશે માહિતી મેળવી. તદ્ઉપરાંત અદાણી ઈન્ડસ્ટ્રીઝમાં જુદી જુદી પધ્ધતિઓ દ્વારા તેલ ઉત્પાદન, રાસાયણિક ખાતર અને કોલસાની ભરતી વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ BA SEM-II, IV તથા VI (ભૂગોળ)ની વિદ્યાર્થિનીઓએ ડૉ. ઘનશ્યામ અંજારા તથા ડૉ. શ્વેતા ઝાલાની નિશ્રામાં અમદાવાદ સ્થિત ISRO (Indian Space Research Organisation) ની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ ISRO ના Faculties દ્વારા ભારત દ્વારા અંતરિક્ષમાં તરતા મૂકવામાં આવેલા ઉપગ્રહો, તેના દ્વારા મેળવવામાં આવતી માહિતી, IRS (Indian Remote Sensing) Satellite તેમજ ઉપગ્રહોને અંતરિક્ષમાં મૂકવા માટેના વિવિધ લોન્ચીંગ વિહિકલ વગેરે વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી.
- **ભૂગોળ વિભાગના યજમાનપદે વ્યાખ્યાનમાળા**

  તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેનના ભૂગોળ વિભાગના યજમાન પદે શ્રીમતી જલિનીબેન કે. પટેલ (પૂર્વ અધ્યક્ષ - ભૂગોળ વિભાગ, એસ.એલ.યુ. કૉલેજ) અનુદાનિત અને ગુજરાત ભૂગોળ મંડળ દ્વારા આયોજિત 'ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત' અંતર્ગત વ્યાખ્યાનમાળા : ૨૦૨૩ ના પ્રથમ મણકાનું આયોજન થયું.

  વ્યાખ્યાનમાળાના પૂર્વ આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. ઘનશ્યામ અંજારા, ડૉ. શ્વેતા ઝાલા, પ્રા. કેતલ ત્રિવેદીએ સક્રિય કામગીરી કરી.

  વ્યાખ્યાનમાળામાં શ્રીમતી જલિનીબેન કે. પટેલ, ગુજરાત ભૂગોળ મંડળના સભ્યો અને પદાધિકારીઓ, અમદાવાદ અને ગાંધીનગરમાં ભૂગોળ વિષય ભણાવતી કૉલેજોના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ, કૉલેજના વિભાગીય અધ્યાપકો સહિત ભૂગોળ વિષયની વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા.

**પ્રારંભઃ**

વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, સંસ્થાગત ટુંક પરિચય સહિત કૉલેજના ભૂગોળ વિભાગ અંતર્ગતની પ્રવૃત્તિઓથી સૌને અવગત કરાવ્યાં. મુ. શ્રી જલિનીબહેન પટેલની ભૂગોળ વિષય પ્રત્યેની સ્નેહભાવનાને બિરદાવી ખુશી વ્યક્ત કરી.

ડૉ. ઘનશ્યામ અંજારા (અધ્યક્ષ - ભૂગોળ વિભાગ; સંયોજક - વ્યાખ્યાનમાળાઃ ૨૦૨૩) એ મંચસ્થજનોનો પરિચય આપી, વ્યાખ્યાનમાળાની પશ્ચાદ્‌ભૂમિ, પ્રથમ મણકાના કાર્યક્રમની રૂપરેખા તેમજ વ્યાખ્યાનમાળાના કુલ પાંચ મણકાની રજૂઆત કરી.

મંચસ્થજનોનું સ્મૃતિભેટ આપી, અભિવાદન કરવામાં આવ્યું.

ડૉ. ચંદ્રિકા રાવલે (માનદ્ મંત્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) વ્યાખ્યાનમાળાના પ્રથમ મણકાનો ઉઘાડ કરતા જણાવ્યું કે, 'ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત' શીર્ષક હેઠળ આયોજિત વ્યાખ્યાનમાળાના વિવિધ મણકા દ્વારા 'ગુજરાતની ભૂગોળ' વિશે ખાસ કરીને વિદ્યાર્થીઓને સવિશેષ માહિતી પ્રાપ્ત થશે. આપણે સૌ જાણીએ છીએ કે, આપણા વ્યવહારિક અને વ્યવસાયિક જીવનમાં પ્રાકૃતિક વાતાવરણ, સ્થાનિક થી

આંતરરાષ્ટ્રીય કક્ષાની સરહદી સીમાઓ અનેરુ મહત્વ ધરાવે છે. આપ સૌને મારી શુભેચ્છાઓ. એસ.એલ.યુ. કૉલેજના ભૂગોળ વિભાગના યજમાન પદે પ્રથમ મણકાનો પ્રારંભ થઈ રહ્યો છે તેની ખુશી સાથે અભિનંદન પાઠવું છું.''

ડૉ. જલિનીબેન પટેલે ભૂગોળ વિષયની પ્રવૃત્તિઓને બિરદાવી, તેમજ ગુજરાત ભૂગોળ મંડળના સ્થાપના - સમયની ટુંક માહિતી આપી, સમગ્ર વ્યાખ્યાન શ્રેણી માટે આશીર્વાદ પાઠવ્યાં.

**વ્યાખ્યાનઃ**

મુખ્ય વક્તા ડૉ. જે.જી. રંગીયા (આચાર્યશ્રી - સરકારી વાણિજ્ય કૉલેજ, નરોડા, અમદાવાદ; પ્રમુખ ગુજરાત ભૂગોળ મંડળ) એ 'ગુજરાતના આર્થિક વિકાસમાં ભૌગલિક તત્વોની ભૂમિકા' વિશે વક્તવ્ય આપ્યું.

વ્યાખ્યાનબાદ પ્રશ્નોતરી દ્વારા સહભાગીદારોએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

**સમાપન :**

વ્યાખ્યાનશ્રેણીના પ્રથમ મણકાના સમાપને ડૉ. શ્વેતા ઝાલા (અધ્યાપક સહાયક - ભૂગોળ વિભાગ) એ મંચસ્થજનો, વક્તાશ્રી, સહભાગીદારો સહિત કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાળો આપનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો. પ્રા. કેતલ ત્રિવેદી (ખંડસમયના વ્યાખ્યાના - ભૂગોળ વિભાગ) એ સહાયક ભૂમિકા ભજવી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. ઘનશ્યામ અંજારાએ કર્યું.

- **ભૌગોલિક શૈક્ષણિક પ્રવાસ**

તા. ૮-૧૧ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન SEM-VI ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમ (Paper : 305 : પ્રાયોગિક ભૂગોળ ; Unit 3 & 4) ને અનુલક્ષીને ડૉ. ઘનશ્યામ અંજારા તથા ડૉ. શ્વેતા ઝાલાના નેતૃત્વ હેઠળ 'ગીરના જંગલો' - 'એક ભૌગોલિક પ્રવાસ' અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.

ગીરના જંગલોનો અભ્યાસ અને વન્ય પ્રાણીસૃષ્ટિ સંરક્ષણ જાગૃતિના હેતુથી આયોજિત આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓએ ગીરના જંગલોમાં - ધારી - ગળધરા - ખોડીયાર ડેમ, આંબરડી, તુલસીશ્યામ, ભોલે નર્સરી, ઉના, દીવના સ્થળો, કનકાઈ જંગલ, સત્તાધાર જંગલ વિસ્તાર, સાસણ - ગીર જંગલ વિસ્તાર, સોમનાથ વગેરે વિસ્તારોની મુલાકાત લઈ - જંગલો, જમીનો, વનસ્પતિ, વન્ય પશુઓ, જંગલોના રહેઠાણ (નેશ), ખેતી વગેરે વિશે ઊંડાણયુક્ત વિસ્તૃત માહિતી મેળવી.

- **વ્યાખ્યાન શ્રેણી :**

ગુજરાત ભૂગોળ મંડળ દ્વારા આયોજિત અને શ્રીમતી જલિનીબેન કે. પટેલ અનુદાનિત 'ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત': વ્યાખ્યાન શ્રેણીઃ ૨૦૨૩ અંતર્ગત...

- તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ ગાંધીનગરમાં સરકારી વિનેયન કૉલેજના ભૂગોળ વિભાગના યજમાન પદે આયોજિત વ્યાખ્યાન શ્રેણીના 'ગુજરાતમાં કૃષિક્ષેત્રની ઉત્પાદકતા અને દુર્બળતા' તેમજ 'ગુજરાતમાં ઘટી ગયેલ મહિલાઓનું મેપિંગ' વિષયક ચોથા મણકામાં ડૉ. ઘનશ્યામ અંજારા તેમજ SEM-II, IV & VI ની વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં.
- તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના ભૂગોળ વિભાગના યજમાનપદે આયોજિત વ્યાખ્યાન શ્રેણીના 'ગુજરાતમાં પ્રકોપો' વિષયક પાંચમા મણકામાં ડૉ. ઘનશ્યામ અંજારા, ડૉ. શ્વેતા ઝાલા, પ્રા. કેતલ ત્રિવેદી સહિત SEM-II, IV તથા VI ની વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં.

## ડૉ. ઘનશ્યામ અંજારા :

- Environmental Pollution Problem in Ahmedabad District; A Geographical Analysis વિષય પર સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદમાં મહાનિબંધ સુપ્રત કરી, Ph.D. ની પદવી પ્રાપ્ત કરી. (Notification: 09 August, 2022)
- તા. ૨૯-૩૦ જુલાઈ, ૨૦૨૨ દરમિયાન અમદાવાદ સ્થિત Sabarmati Universityના School of Humanities and Social Sciences દ્વારા આયોજિત Dialogues and Deliberations in Social Sciences and Humanities વિષયક International Conference માં Identification of heat islands of Urban Ahmedabad Considering land surface temperature વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૧ જાન્યુઆરી - ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન ગુજરાત ભૂગોળ મંડળ, અમદાવાદ દ્વારા આયોજિત અને શ્રીમતી જલિનીબેન કે. પટેલ અનુદાનિત ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત : વ્યાખ્યાન શ્રેણીઃ ૨૦૨૩ના પ્રથમ થી પાંચ મણકાના સંયોજક તરીકે સક્રિયરૂપે કામગીરી કરી.
- તા. ૧૬-૧૭ માર્ચ, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના EMRC (Educational Multimedia Reseach Centre) in Collaboration with CEC (Consortium for Educational Communication) New Delhi દ્વારા આયોજિત Design & Development of Digital content વિષયક National Seminar માં સહભાગી થયાં.

### પ્રકાશનઃ

### આર્ટિકલઃ

Assessment of water pollution in Ahmedabad city region'. in Shodhasamhita - Journal of fundamental & Comparative Research; Vol.VIII; No.1 (XXV):2022: ISSN: 2277-7067: UGC care approved, Peer Reviewed and Referred Journal, Published by: Kavikulaguru Kalidas Sanskrit University, Ramtek, Dist. Nagpur, Maharastra. Page : 153-159.

- અધ્યાપક સહાયકની ભરતી માટેની પસંદગી સમિતિમાં ભૂગોળના વિષય નિષ્ણાત તેમજ અધ્યક્ષ તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ; સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદમાં બૉર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના સભ્ય તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, સાબરમતી યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

  નોંધઃ ગુજરાત યુનિવર્સિટીઃ SEM- V & VI (ભૂગોળ)ની પરીક્ષાના ચેરમેન તરીકે કાર્યરત.

### ❑ ડૉ. શ્વેતા ઝાલાઃ

- તા. ૨૪ જૂન, ૨૦૨૨ના રોજ કૉલેજના ભૂગોળના અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક થતા હાજર થયાં. (સંદર્ભઃ E-GYAN No. 18; ગુજરાત સરકારના ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. ૧૧/૬/૨૦૨૧ના પત્રાંક કવટ/ISCB/ભરતી/૨૦૨૧/૦૧૦ NOC અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના ભલામણ પત્ર ક્રમાંક : CHE / RAS 2020/2022/ 28 - તા. ૦૭/૦૬/૨૦૨૨; ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પત્રાંકઃ ભરતી પ્રક્રિયા / નિમણૂંક / ૨૦૨૨-૨૩/૨૮ તા. ૦૭/૦૬/૨૦૨૨)
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ ઈતિહાસ વિભાગઃ

**સેમિનાર**

તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ SEM-I ની વિદ્યાર્થિનીઓ માટે ‘હડપ્પીયન સંસ્કૃતિ’ વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓના Group કરવામાં આવેલ. પ્રત્યેક Group એ PPT દ્વારા વિષયોચિત વિવિધ પાસાઓની રજૂઆત કરેલ.

### ❑ ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટઃ

- ૧૩ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ધનસુરા (જિ. અરવલ્લી) સ્થિત ધી ધનસુરા પીપલ્સ કૉ-ઑપરેટિવ બેંક લિમિટેડ આટ્ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે આયોજિત વ્યાખ્યાન કાર્યક્રમમાં ‘તિરંગાનો ઈતિહાસ’ વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ગાંધીનગરમાં ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (બી.ઍડ) દ્વારા ભારતીય સમુદાય શિક્ષણ સંઘના નેજા હેઠળ આયોજિત ‘સંવેદનશીલ નાગરિકત્વ’ અંતર્ગતની કાર્ય-શિબિરમાં ‘નવી શિક્ષણ નીતિ અને નાગરિકોનું ઘડતર’ વિશે વક્તવ્ય આપ્યું.

- તા. ૨૬-૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન નવી દિલ્હીમાં ભારતીય ઈતિહાસ અનુસંધાન પરિષદ-શિક્ષા મંત્રાલય, ભારત સરકાર તથા અખિલ ભારતીય ઈતિહાસ સંકલન યોજના દ્વારા આયોજિત स्व, स्वतंत्रता और प्रतिरोध : अतीत से वर्तमान तक विषयक १२ वाँ महाधिवेशन एवं राष्ट्रीय संगोष्ठी में लींबडी सत्याग्रह - एक अध्ययन પર પેપર રજૂ કર્યું.
- તા. ૩-૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન અમદાવાદમાં Indian Council of Historical Research, New Delhi and BAPS Swaminarayan Research Institute, New Delhi ના સંયુક્ત ઉપક્રમે On the occasion of Pramukh Swami Maharaj Centenary Celebrations અંતર્ગત આયોજિત The role and contribution of Sages and Saints in the History of India વિષયક International Conference માં સહભાગી થયાં.
- તા. ૨૧-૨૨ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન જામનગરમાં શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ દ્વારા આયોજિત ગુજરાત ઈતિહાસ પરિષદના ૩૧મા અધિવેશનમાં 'લિંબડી સત્યાગ્રહ' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત 'સાવરકર-ભારત કે મહાનાયક' વિષયક National Seminar માં સહભાગી થયાં.
- ૫, ૬, ૭, ૧૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત એસ.વી. આર્ટ્સ કૉલેજ દ્વારા આયોજિત 'New Syllabus of History' વિષયક મીટિંગમાં ઉપસ્થિત રહ્યાં.
- ગુજરાત ઈતિહાસ પરિષદના ઉપપ્રમુખ તરીકે સક્રિયપણે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટીના Ph.D. (ઈતિહાસ) ગાઈડ તરીકે કાર્યરત
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ★ માનસશાસ્ત્ર વિભાગઃ

**ચર્ચાઃ**

તા. ૧૩-૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન ડૉ. નીતા પટેલની નિશ્રામાં SEM-II (Paper-111: સામાન્ય મનોવિજ્ઞાન મૂળભૂત મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ) અને SEM-IV (Paper: 211 : સમાજલક્ષી મનોવિજ્ઞાન) ના અભ્યાસક્રમના સંયોજનથી SEM-II તથા IV ની વિદ્યાર્થિનીઓ માટે સંયુક્ત ચર્ચા યોજવામાં આવી.

જેમાં વિદ્યાર્થિનીઓએ મનોવિજ્ઞાન - ઉદ્ભવ-વિકાસ; મનોવિજ્ઞાન - એક વાર્તનિક વિજ્ઞાન; મનોવિજ્ઞાનની શાખાઓ; સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ; સામાજિકીકરણ, લોકમત, પ્રચાર, સમૂહ માધ્યમોમાં મનોવૈજ્ઞાનિક વલણોની ભૂમિકા જેવા મુદ્દાઓને Group Discussion દ્વારા રજૂ કર્યા.

**શૈક્ષણિક મુલાકાતઃ**

તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ SEM-II તથા SEM-IV ની વિદ્યાર્થિનીઓએ ડૉ. નીતા પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ સ્થિત બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થની શૈક્ષણિક મુલાકાત લીધી. Shri Hiren Dave (Psychiatric Social Worker, B.M. Institute of Mental Health) એ વિદ્યાર્થિનીઓને સંસ્થાકીય સવિશેષ માહિતી પ્રદાન કરી.

❑ **ડૉ. નીતા પટેલ :**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ સમાજશાસ્ત્ર વિભાગઃ

**Samaj Setu** *...We CreateRelations* અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

**પ્રોજેક્ટ કાર્યઃ**

ડૉ. ચંદ્રિકા રાવલના (પૂર્વ પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) માર્ગદર્શન હેઠળ વિભાગીય અધ્યાપકો અને SEM-V / VI ની વિદ્યાર્થિનીઓએ Social Profile of Sociology Students: SLU Arts and H & P Thakore Commerce College for Women અંતર્ગત પ્રોજેક્ટ કાર્ય કર્યું.

**Presentation Competition:**

- તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ SEM-VI ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપરઃ ૩૧૨: સામાજિક વસ્તીશાસ્ત્ર) અનુસંધાનમાં ‘વસ્તી-એક સામાજિક સમસ્યા’ વિષયક Presentation Competition નું આયોજન કરવામાં આવ્યું. જેમાં **જિનલ વિનોદભાઈ પ્રજાપતિ - પ્રથમ સ્થાને; વિભૂતિ જેઠાભાઈ રાઠોડ - દ્વિતીય સ્થાને તથા આફરિન મોહમ્મદખાન જામજાદા - તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.
- તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ SEM-IV ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપરઃ૨૧૩: સમાજશાસ્ત્રીય ચિંતકો) અનુસંધાનમાં ‘નોકરશાહીની લાક્ષણિકતાઓ’ વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં **રિધ્ધિબા પ્રવિણસિંહ ડોડિયા - પ્રથમ સ્થાને ; સીમાબાનુ મોહસીનહુસેન સોલંકી - દ્વિતીય સ્થાને** તથા **વિધિ રમેશભાઈ પરમાર - તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.

**Guest Lecture :**

તા. ૩ માર્ચ, ૨૦૨૩ ના રોજ ડૉ. યોગેશ રાજગોર (એસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ - એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ) એ SEM-II, IV, VI (સમાજશાસ્ત્રઃ મુખ્ય વિષય)ની વિદ્યાર્થિનીઓને ‘માધ્યમ સંસ્કૃતિની સામાજિક અસર’ (Social Impact of Media Culture) વિષય અંતર્ગત વ્યક્તિગત તેમજ વ્યવસાયિક અનુભવના આધારે ઉદાહરણ સહિત

વિષયોચિત મનનીય માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે, ''આદિકાળના (સેપિયન્સ)થી આજના આધુનિક માનવી (સોયબર્ગ)ની વિકાસયાત્રામાં માધ્યમનો સવિશેષ પ્રભાવ જોવા મળ્યો છે. કૃષિ, ઔદ્યોગિક અને સંચાર (માહિતી) ક્રાંતિએ સમાજની અવધારણામાં મૂળગામી પરિવર્તન નિપજાવ્યા છે. ખાસ કરીને આજના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ અને ડેટા સાયન્સની અસર વ્યક્તિગત અને તેને પરિણામે સામાજિક જીવન પર જોવા મળે છે. સંચાર વ્યવહારમાં જેમ જેમ યંત્રવિજ્ઞાનનો ઉપયોગ અને વ્યાપ વધતો જાય છે તેમ તેમ તેની સીધી અને આડકતરી અસર સામાજિક વ્યવસ્થા પર પડે છે. સામાજિક સંબંધો, મૂલ્યો અને ધોરણો પરની અસર સમગ્રપણે સમાજ વ્યવસ્થામાં ફેરફાર અને પડકારો ઉભા કરે છે. તાજેતરમાં શરૂ થયેલ ChatGPT (Generative Pre-Trained Transformer) એ સમગ્ર વિશ્વ સમક્ષ એક નવો બદલાવ ઊભો કર્યો છે. માનવ અને યંત્રમાનવ વચ્ચેના સંબંધોએ એક નવા જ સમાજની (Singular Society) રચના કરી છે, જેમાં મનુષ્ય પર યંત્રોનો પ્રભાવ વધતો જાય છે.''

વક્તવ્ય બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી મેળવી.

**નોંધઃ** ડૉ. યોગેશભાઈ રાજગોરે Live Demonstration દ્વારા Chat GPT વિશે વિદ્યાર્થિનીઓને પ્રાયોગિક અનુભવ કરાવ્યો.

સાંપ્રત પ્રવાહને આનુષંગિક Guest Lectureના પ્રતિભાવરૂપે સંયુકતતાથી વિદ્યાર્થિનીઓએ જણાવ્યું કે, ''યોગેશસરે ખૂબ જ સરસ માહિતી આપી, અમને Demonstration પણ કરાવ્યું. અમારા ભવિષ્યને માટે ઘણી ઉપયોગી માહિતી આપી. સાથે જીવનમાં 'માધ્યમો' હાવિ ન થાય તેની ચેતવણી પણ આપી. અમને આજે ઘણું જાણવા મળ્યું.''

**શૈક્ષણિક મુલાકાતઃ**

વર્ષારંભે SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની શૈક્ષણિક મુલાકાત લઈ, તેના નેજા હેઠળ યોજાતા સેવા કાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી.

તદ્ઉપરાંત 'અખંડ જ્યોત ફાઉન્ડેશન'ની શૈક્ષણિક મુલાકાત લઈ, HIV/AIDS સંબંધિત સચોટ માહિતી પ્રાપ્ત કરી તેમજ વર્ષ દરમિયાન અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં લોકજાગૃતિ માટે પેમ્ફલેટ વિતરણ તથા સમજાવટની કામગીરી કરી.

- તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૨૦૩ઃસામાજિક સંશોધન પરિચય) સંદર્ભે 'ગ્રંથાલયની ઉપયોગિતા - ગોઠવણી' અંતર્ગત કૉલેજના શ્રી મિનલ કોઠારી

ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત લીધી, શ્રી રેખા સોલંકી (ઈનચાર્જ ગ્રંથપાલ) એ વિદ્યાર્થિનીઓને સવિસ્તર માહિતી આપી.

- તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પ્રા. હિના પટેલના નેતૃત્વ હેઠળ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૨૦૨ઃભારતના આદિવાસીઓ) અનુસંધાનમાં ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલ આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીમાં સ્થાપિત 'આદિવાસી મ્યુઝિયમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, આદિવાસીઓની પ્રાદેશિક ભિન્નતા, ચીજવસ્તુઓ તથા જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી. શ્રી પંકજભાઈ મહાડીક (ગ્રંથપાલ અને સંગ્રહાલય જાળવણીકાર) એ વિષયોચિત સવિશેષ માહિતી પ્રદાન કરી.

  તદ્ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠમાં જ સ્થાપિત શ્રી મોરારજી દેસાઈ સ્મૃતિ ભવન તેમજ વિજ્ઞાન ભવનની શૈક્ષણિક મુલાકાત લઈ, અનુક્રમે શ્રી મોરારજી દેસાઈના જીવન-કવન તથા વૈજ્ઞાનિક સાધનો વિશે જાણકારી મેળવી.

- તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ SEM-Iની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુષંગિક (પેપરઃ૧૦૨ઃભારતીય સમાજનું માળખું) 'નગર સમુદાય' મુદ્દાના અનુસંધાનમાં અમદાવાદના પાલડી વિસ્તારના સંસ્કાર કેન્દ્રમાં સ્થાપિત કર્ણાવતી અતીતની ઝાંખી 'અમદાવાદ મ્યુઝિયમ'ના બાહ્ય વિસ્તાર હેઠળ અમદાવાદઃ ઈતિહાસ અને તવારીખ વિષયક પ્રદર્શન નિહાળી, પ્રાચીન તથા અર્વાચીન અમદાવાદની ચીજવસ્તુઓ, જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૩૧૫ઃ સમાજ અને સમાજકાર્ય) અનુસંધાનમાં અમદાવાદના ફતેહપુરા - પાલડી વિસ્તાર સ્થિત Akhand Jyot Foundation સંસ્થાની શૈક્ષણિક મુલાકાત લીધી. શ્રી સ્મિતાબહેન ચાવડા (પ્રોજેક્ટ કૉ-ઑર્ડિનેટર) તેમજ અખંડ જ્યોતના કર્મચારીઓએ વિદ્યાર્થિનીઓને આવકારી, સંસ્થાના ઉદ્ભવ - વિકાસ તેમજ સંસ્થાની કુટુંબ કલ્યાણ, બાળ-કલ્યાણની પ્રવૃત્તિઓ અને વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો વિશે માહિતી આપી.

  નોંધઃ શૈક્ષણિક મુલાકાતને આધારે વિદ્યાર્થિનીઓએ Unit-4ના અનુસંધાનમાં અહેવાલ લેખન કર્યું.

- તા. ૩ માર્ચ, ૨૦૨૩ ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૩૧૧ઃભારતનો સામાજિક ઈતિહાસ) સંદર્ભે અમદાવાદ સ્થિત 'ગાંધી આશ્રમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, ગાંધીજીની જીવન-ઝરમર સંબંધિત માહિતીપ્રદ ચિત્રો ઉપરાંત તેને સંલગ્ન પુસ્તકાલય પણ નિહાળ્યું.

**ચર્ચા :**

- તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી તથા પ્રા. હિના પટેલની નિશ્રામાં SEM-I, III અને V ની વિદ્યાર્થિનીઓ દ્વારા દ્વિવિધ દિવસઃ વિશ્વ આદિવાસી દિવસ (૯ ઓગસ્ટ, ૨૦૨૨ અનુસંધાન) તેમજ National Librarian's Day (૧૨ ઓગસ્ટ, ૨૦૨૨ અનુસંધાન)ની ઉજવણી કરવામાં આવી.

➡ **વિશ્વ આદિવાસી દિવસઃ**

'આદિવાસી સમુદાય' વિષયક આયોજિત ચર્ચામાં આદિવાસી સમુદાયની લાક્ષણિકતાઓ, પ્રાદેશિક વિસ્તારો, જીવનનિર્વાહની રીતો-પરંપરા અને પરિવર્તન, ઉત્સવો વગેરે વિશે વિદ્યાર્થિનીઓએ રજૂઆત કરી.

નોંધઃ આદિવાસી નૃત્યશૈલીની ઝાંખી પણ રજૂ કરી.

➡ **National Librarian's Day :**

વિભાગીય અધ્યાપકોએ ડૉ. એસ.આર. રંગનાથન (Dr. Siyali Ramamrita Ranganathan - National Professor of Library Science Considered the Father of Library Science in India) અને Librarian's Day વિશે જાણકારી આપી તેમજ Library Course વિશે માહિતી આપી. વિભાગીય અધ્યાપકો તેમજ વિદ્યાર્થિનીઓએ શિક્ષણ અને પુસ્તકાલયના સહસંબંધ તેમજ સંશોધનમાં પુસ્તકાલયની ઉપયોગિતા વિશે વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

**નોંધઃ** તા. ૯ ઓગસ્ટ, ૧૮૯૨ પ્રો.ડૉ. એસ.આર. રંગનાથનનો જન્મદિવસ and 12th August Librarian's Day.

- તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી તથા પ્રા. હિના પટેલની નિશ્રામાં SEM-II, IV, VI ની વિદ્યાર્થિનીઓ માટે **દ્વિવિધ દિવસ** (૨૪ જાન્યુઆરી - રાષ્ટ્રીય કન્યા દિવસ; ૨૫ જાન્યુઆરી - રાષ્ટ્રીય મતદાતા દિવસ)ના **અનુસંધાનમાં ચર્ચા**નું આયોજન કરવામાં આવ્યું.

➡ **રાષ્ટ્રીય કન્યા દિવસઃ** (૨૪ જાન્યુઆરી, ૨૦૨૩)

'કન્યા ઉછેરમાં સમાજની માનસિકતા' વિષયક ચર્ચામાં વિદ્યાર્થિનીઓએ કન્યા ઉછેરના સમાજના પરંપરાગત માનસ તેમજ બદલાતી વિચારસરણી વિશે નિરીક્ષણો, સ્વાનુભવથી તેમજ સ્વરચિત કવિતા દ્વારા રજૂઆત કરી.

**વિશેષ :** ડૉ.શૈલજા ધ્રુવે રાષ્ટ્રીય કન્યા દિવસની ઉજવણીના હેતુઓ તેમજ પ્રારંભ વિશે માહિતી આપી જણાવ્યું કે, ''આ ઉજવણીના હેતુઓમાં

- ભારતની કન્યાઓને મદદ અને તકો પૂરી પાડવી.

- કન્યાના અધિકારો વિશે જાગૃતિ ફેલાવવી.
- કન્યા શિક્ષણનું મહત્વ તેમજ આરોગ્ય અને પોષણ વિશે જાગૃતિ ફેલાવવી.

…બાબતો સમાવિષ્ટ છે.

તા. ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે શ્રી ઈન્દિરા ગાંધીએ શપથ લીધા હતા માટે  આ દિવસ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આ દિવસની ઉજવણીની શરૂઆત ૨૦૦૯ થી થયેલ છે.''

વિભાગીય અધ્યાપકોએ પણ વિષયોચિત માહિતી પ્રદાન કરી.

➡ **રાષ્ટ્રીય મતદાતા દિવસ** (૨૫ જાન્યુઆરી, ૨૦૨૩ - પૂર્વ દિન)

'લોકશાહી પર્વમાં મતદાનઃ મતદાર-ઉમેદવાર અભિગમ' વિષયક ચર્ચામાં વિદ્યાર્થિનીઓએ ચૂંટણીના માહોલમાં મતદાતાઓની માંગણી, ઉમેદવારના મતદાતાઓને રિઝવવાના નુસ્ખા વગેરે વિશે રજૂઆત કરી. વિભાગીય અધ્યાપકોએ વિષયોચિત વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

ડૉ. શૈલજા ધ્રુવે રાષ્ટ્રીય મતદાર દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, ''મતદાન એ લોકશાહી પર્વનું સૌથી અગત્યનું પાસું ગણાય. જેમાં પક્ષપાત, પૂર્વગ્રહથી મુક્ત તટસ્થતાથી મતદાન થાય તેમાં મતદાતાનો અભિગમ મહત્વનો બની રહે છે. સુયોજિત રાષ્ટ્રીય નિર્માણમાં શિક્ષિત યુવાઓનું યોગદાન આવશ્યક બની રહે છે. બીજી તરફ રાજકીય પક્ષો તેમજ સંલગ્ન ઉમેદવારો પણ રાષ્ટ્રીય મૂલ્યોને ધ્યાનમાં લઈ લોકશાહી પર્વની પવિત્રતાને ઉજાગર કરે તો જ આવા લોકશાહી પર્વને આનુષંગિક દિવસની ઉજવણી સાર્થક બની રહે.''

**નોંધઃ** તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૧ (૬૧મો ચૂંટણીપંચ સ્થાપના દિન) ના રોજ મતદાનમાં યુવા ભાગીદારી વધારવાના હેતુથી ચૂંટણી પંચ દ્વારા સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશનની પ્રથમ શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે તાત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી પ્રતિભા પાટીલે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ના નેજા હેઠળ ચૂંટણીપંચના સ્થાપના દિનને ઉજવવાની પહેલ કરેલી.

## ❑ ડૉ. શૈલજા ધ્રુવ :

- એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેનના કાર્યકારી આચાર્ય (Incharge Principal) તરીકે વધારાનો કાર્યભાર સંભાળ્યો.
  (નોંધ : નિયુક્તિ તા. ૧૫ જૂન, ૨૦૨૧ થી)
- તા. ૩ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત Meeting regarding Subject of Sociology માં ઉપસ્થિત રહ્યાં.

- તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં IBS-ICFAI Business School દ્વારા આયોજિત Heads of Institutions Meet on 'Emerging Landscape of Higher Education - Stakeholders Perspective' માં સહભાગી થયાં.
- તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં GRC- (Gender Resource Centre) - Women and Child Development Department, Government of Gujarat દ્વારા આયોજિત Towards Equity & Equality workshop on Restructuring of Nari Gaurav Niti માં Education & Sports વિશે રજૂઆત કરી.
- તા. ૧૬-૧૭ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન અમદાવાદમાં CRY (Child Rights and You), ISAR (Institute for Social Action and Research) તથા Unicef-for evey child ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Employability & Skilling Opportunities for Adolescents and Young people' અંતર્ગતની Strategy and Learning workshop માં સહભાગી થયાં.
- તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ વલ્લભ વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના Dr. Babasaheb Ambedkar Adhyayan Ekam Prakalp (chair) દ્વારા આયોજિત 'Social Harmony and Nation Building' વિષયક National Seminar માં 'ભારતીય લોકશાહી શાસન વ્યવસ્થા - બંધારણ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પ્રદાન' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ભાવનગરમાં Maharaja Krishnakumarsinhji Bhavnagar University ના Department of Sociology દ્વારા આયોજિત Guest Lecture માં 'પ્રવાસન સંચાલન' વિશે વ્યાખ્યાન આપ્યું.

**પ્રકાશન:**

**Chapter in a book:**

Chapter : 32 - 'પ્રવાસનની સામાજિક - સાંસ્કૃતિક અસર'; Book: ભારતમાં પ્રવાસન - પ્રશ્નો, પડકારો અને અસરો; પ્રો. એચ. એલ. ચાવડા, ડૉ. સ્ટેન્લી એ. ભણાત (સં.); ISBN : 978-93 - 932-39-91-4; પ્રકાશન: RED'SHINE Publication PVt. Ltd., Lunawada, India; August-2022; Page : 178-187.

**Article in a book:**

'૨૦મી સદીનાસમાજ સુધારકઃ શારદાબેન મહેતા - ૧૮૮૨ થી ૧૯૭૦': Book: ૧૯મી સદીમાં ગુજરાતમાં સામાજિક સુધારા; ISBN:978-81-7057-210-1; પ્રકાશનઃ અનડા બુક ડીપો, અમદાવાદ; ૨૦૨૨; Page: 93 to 98.

- અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયાની પસંદગી સમિતિમાં સમાજશાસ્ત્રના વિષય તજજ્ઞ તરીકે કામગીરી

- અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયાની પસંદગી સમિતિમાં ઈનચાર્જ- પ્રિન્સિપાલ તરીકે કામગીરી
- વિશ્વ ગુજરાતી સમાજના સભ્ય તરીકે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

### ❑ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી, પ્રા. હિના પટેલઃ

તા. ૩૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્ર દ્વારા આયોજિત 'Trends and Issues of Sociology in Gujarat' વિષયક સેમિનારમાં સહભાગી થયાં.

### ❑ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદીઃ

તા. ૨૭ એપ્રિલ - ૯ મે, ૨૦૨૨ દરમિયાન KCG- (Knowledge Consortium of Gujarat) - Department of Education, Government of Gujarat દ્વારા આયોજિત Online Research Methodology Workshop on Social Science માં ઉપસ્થિત રહ્યાં.

### ❑ ડૉ. સોનલ મોદીઃ

- તા. ૧૮-૨૦ મે, ૨૦૨૨ દરમિયાન ગાંધીનગરમાં Gujarat Governmentના Directorate of Archaeology and Museum તથા Sports, Youth & Cultural Activities Department દ્વારા આયોજિત 'Vadnagar - a global heritage tourism વિષયક International Conference માં સહભાગી થયાં.
- તા. ૧૬ જુલાઈ, ૨૦૨૨ના રોજ KCG (Knowledge Consortium of Gujarat) - Department of Education, Government of Gujarat દ્વારા આયોજિત Webinar on Women's Rights માં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

### ❑ ડૉ. સોનલ મોદી તથા પ્રા. હિના પટેલ :

- Gujarat University ના UGC - Human Resource Development Centre (HRDC) દ્વારા આયોજિત અને UGC પ્રાયોજિત Online Workshop on NEP : 2020 અંતર્ગત
  - તા. ૨૦ જૂન, ૨૦૨૨ના રોજ 'Good Academic Research Practices / Academic Research Integrity',
  - તા. ૨૩ જૂન, ૨૦૨૨ ના રોજ 'Multidisciplinary'.
  - તા. ૨૪ જૂન, ૨૦૨૨ના રોજ 'Educational Framework for Global Citizenship in Higher Education',

- તા. ૨૫ જૂન, ૨૦૨૨ના રોજ Digital Governance

  ... વિષયક Online Workshop માં સહભાગી થયાં.

❑ **પ્રા. હિના પટેલ:**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ★ CWDC (Collegiate Women's Development Committee) / ICC (Internal Complaints Committee) :

**ડૉ. શૈલજા ધ્રુવ (કન્વીનર- CWDC & ICC); ડૉ. નયના પ્રજાપતિ (કૉ-કન્વીનર-CWDC) તથા ડૉ. સોનલ મોદી (કૉ-કન્વીનર-ICC) કાર્યભાર સંભાળે છે.**

**Orientation Programme:**

તા. ૬, ૭, ૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ વિદ્યાર્થિનીઓ માટે Orientation કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ઉપર્યુક્ત આયોજિત ઓરીએન્ટેશન કાર્યક્રમના પ્રારંભમાં ઈનચાર્જ આચાર્યશ્રી અને CWDC તથા ICC ના કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવે વિદ્યાર્થિનીઓને સ્વ-રક્ષણ, સ્વ-વલણ, વ્યક્તિગત મૂલ્યો, CWDC ની ભૂમિકા, ICC ના મહત્વ તદ્‌ઉપરાંત CWDC ના ઉદ્‌ભવ, વિદ્યાર્થિનીઓના ઉત્કર્ષ વિકાસ સંબંધિત CWDC અંતર્ગત કૉલેજની પ્રવૃત્તિઓ તેમજ WDC તથા ICC સંબંધિત જોગવાઈઓ અને કાનૂન વિશે માહિતી આપી.

આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ અર્થે 'ક્લીની કહાની' તથા મહિલાઓના જાતીય શોષણ વિરુધ્ધ જાગૃતિ લાવવાના હેતુથી અબ ખામોશી ક્યોં ? વિષયક ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ICCના કૉ-કન્વીનર ડૉ. સોનલ મોદીએ કર્યું. કાર્યક્રમોના આયોજનમાં CWDC ના કૉ-કન્વીનર ડૉ. નયના પ્રજાપતિએ સહયોગ આપ્યો.

**વ્યાખ્યાન:**

તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ અમદાવાદ સ્થિત AADAR (Academy of Ayurveda Development and Research) ના સહયોગથી 'સ્વાસ્થ્ય જાળવણીમાં આયુર્વેદની ભૂમિકા' વિષયક વ્યાખ્યાન યોજવામાં આવ્યું. જેમાં Prof. Dr. Alaka Vyas (President - AADAR); મુખ્ય વક્તા તરીકે Vaidya Neha Modh (Medical Officer - Civil Hospital, Asarva, Ahmedabad), તેમજ ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) ઉપસ્થિત રહ્યાં.

પ્રારંભમાં ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, મંચસ્થજનોનો ટુંક પરિચય આપી, અભિવાદન કર્યું. ડૉ. અલ્કાબહેને AADAR ની સ્થાપના અને પ્રવૃત્તિઓ વિશે રજૂઆત કરી. ડૉ. ચંદ્રિકાબહેને શુભેચ્છા પાઠવી

જણાવ્યું કે, ''સમાજમાં વિવિધ સંસ્થાઓ મહિલાઓના સ્વાસ્થ્ય સંબંધિત અનેક જાગૃતિ કાર્યક્રમો કરે છે, આજે કૉલેજના CWDC/ICC તેમજ AADAR ના સંયુક્ત ઉપક્રમે તબીબી ક્ષેત્રની આયુર્વેદ શાખાના અનુસંધાનમાં વ્યાખ્યાન યોજાયેલ છે તે ખૂબ સરાહનીય છે. Beautyની સાથે Healthની જાળવણી આવશ્યક છે. જેમાં આયુર્વેદ દ્વારા થતી સારવાર પણ સારુ પરિણામ આપે છે. આજે શ્રી નેહાબહેન જે માહિતી આપશે તે તમને ઉપયોગી બનશે જ એવી શ્રધ્ધા ધરાવું છું''

મુખ્ય વક્તા વૈદ્ય નેહાબહેને PPT ના માધ્યમથી વિષયોચિત વક્તવ્ય આપ્યું. જેમાં આયુર્વેદની પશ્ચાદ્ભૂમિ, આયુર્વેદ સારવારની પધ્ધતિ, આયુર્વેદિક ઔષધો વગેરે વિશે રજૂઆત કરી. વક્તવ્ય બાદ પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

ડૉ. સોનલ મોદીએ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર સૌનો આભાર માન્યો. ડૉ. નયના પ્રજાપતિએ સહાયક ભૂમિકા ભજવી.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. સોનલ મોદીએ કર્યું.

- **દ્વિવિધ કાર્યક્રમ:**

તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ CWDC/ICC ના નેજા હેઠળ દ્વિવિધ કાર્યક્રમનું આયોજન થયું. કાર્યક્રમના આયોજન અને અમલમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ તથા CWDC/ICC કન્વીનર ડૉ.શૈલજા ધ્રુવ; CWDC કૉ-કન્વીનર ડૉ. નયના પ્રજાપતિ; ICC કૉ-કન્વીનર ડૉ. સોનલ મોદી તેમજ આર્ટ્સ વિભાગના સ્ટુડન્ટસ-ઈનચાર્જ ડૉ. રશ્મિ સોનીએ સક્રિય ભૂમિકા ભજવી.

➡ **Guest Lecture:**

વિદ્યાર્થિનીઓમાં આરોગ્ય-જાગૃતિ લાવવાના હેતુથી 'Menstrual Hygiene' (માસિક દરમિયાન સંભાળ અને સ્વચ્છતા) વિષયક Guest lecture નું આયોજન કરવામાં આવ્યું.

મુખ્ય વક્તા Dr. Rajal Thaker (Professor ObGyn-SCL Hospital, NHL Municipal Medical College, Ahmedabad) એ વિષયોચિત Medical Kitના સહારે વિદ્યાર્થિનીઓને Menstrual Cycle; four Phases of Menstrual Cycle - Menstrual, Follicular, Ovulation & Luteal વગેરે વિશે વિસ્તૃત માહિતી આપી. તદ્ઉપરાંત Sanitary Pads ના પ્રકાર, તેની ઉપયોગની પધ્ધતિ; પર્યાવરણ પર તેની અસર વગેરે વિશે માહિતી આપી. સ્વાનુભાવના આધારે પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

➡ **'Endometriosis' Awareness:**

Department of ObGyn, Smt NHL Municipal Medical College, Smt SCL Hospital Ahmedabad, India અને Prefectural University of Medicine, Kyoto, Japanના સંયુક્ત ઉપક્રમે આયોજિત the study regarding Endometriosis (ગર્ભાશયકલાવિસ્થાન- ગર્ભાશયની અંદરની દિવાલ અન્ય સ્થાને હોય તેવો વિકાર) Research Project અંતર્ગત Awareness Programme

યોજવામાં આવ્યો.

જેમાં India ના Principal Investigator Dr. Rajal Thaker (Professor), Co-Investigators Dr. Vaishali Panchal (Asso.Prof) & Dr. Kartikey Antala (Resident) ઉપસ્થિત રહ્યાં. પ્રારંભમાં ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, કાર્યક્રમની રૂપરેખા આપી. મંચસ્થજનોને ટુંક પરિચય આપી, સ્મૃતિ ભેટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું.

PPT તેમજ Social Media ના માધ્યમથી આયોજિત 'the study regarding 'Endometriosis Awareness Promotion Project (EAPP): a multinational cross-sectional collaborative study for early detection and management of endometriosis' માં વિદ્યાર્થિનીઓએ બહોળી સંખ્યામાં Voluntary ભાગ લીધો. Part-A Pre Test (Quiz Questions) અને Part-B Post Test (Quiz Questions) દ્વારા વિદ્યાર્થિનીઓએ અનુક્રમે પોતાની જાણકારી તેમજ Investigator દ્વારા અપાયેલ જાણકારીને આધારે data fillup કર્યાં. મૈત્રીપૂર્ણ વાતાવરણમાં વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી મેળવી. બન્ને કાર્યક્રમના સમાપને વિદ્યાર્થિનીઓએ સંયુક્ત પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ''આજે અમને મહિલાઓના આરોગ્ય બાબતની ઘણી જાણકારી મળી, ટેક્નોલોજીનો સદ્ઉપયોગ કરવાની પધ્ધતિ મળી, ખાસ તો Multinational Study માં અમને સામેલ થવાની તક મળી તેનો ઘણો આનંદ છે.'' કાર્યક્રમોના સમાપને ડૉ. સોનલ મોદીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર-સહયોગ આપનાર સૌનો આભાર માન્યો.

માહિતીના આદાન-પ્રદાનથી સમગ્ર દ્વિવિધ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયાં.

## ❑ ડૉ. શૈલજા ધ્રુવઃ

- તા. ૬ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ અમદાવાદમાં Gujarat University- WDC (Women Development Cell) & ICC (Internal Complaint Committee) ના ઉપક્રમે આયોજિત 'Managing Personal Finance' વિષયક Interactive Seminar માં સહભાગી થયાં.
- તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ, ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC દ્વારા આયોજિત 'Now no more An awareness initiative for prevention of Sexual Harassment (PoSH) at workplace' વિષયક સેમિનારમાં Online સહભાગી થયાં.
- તા. ૬ માર્ચ, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં NCW (National Commission for Women) and Gujarat University ના WDC & ICC ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'NRI Marriages - Do's and Don'ts : A Way Forward' - an Awareness Programme માં સહભાગી થયાં.

## ❑ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. નયના પ્રજાપતિઃ

તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં National Commission for Women તથા Gujarat

Universityના WDC & ICCના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Achievements of NCW since 2014 and NGOs of Swadhar Greh, Ujjawala and OSCs' અંતર્ગતની Regional Consultation Meetમાં સહભાગી થયાં.

- ❑ **ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદીઃ**

- તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC in collaboration with Rotary Club of Kankariya, Ahmedabad દ્વારા આયોજિત 'Mental, Emotional and Physical Health of Adolescent and Adulthood in Women - Sakhi Swasthya' વિષયક symposium માં સહભાગી થયાં.
- તા. ૪ માર્ચ, ૨૦૨૩ ના રોજ અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૮ માર્ચ, જાહેર રજા હોવાથી) ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC દ્વારા આયોજિત International Women's Day: 2023 ના Celebration Programme માં સહભાગી થયાં.

- **આંતરવિભાગીય :**

- ❑ **ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ, પ્રા. ભરત પટેલ, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. વર્ષા પ્રજાપતિ, ડૉ. નિશા જોશી, ડૉ. રાવજી કોટવાલ, ડૉ. ઘનશ્યામ અંજારા, ડૉ. સોનલ મોદી, પ્રા. હિના પટેલઃ**

તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં ગુજરાત ઈતિહાસ પરિષદ, અમદાવાદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે आज़ादी का अमृत महोत्सव અંતર્ગત આયોજિત The role of revolutionary women in the freedom struggle of India વિષયક State level Seminar માં સહભાગી થયાં. જેમાં

- હર્ષદકુમાર બ્રહ્મભટ્ટે 'મેડમ ભીખાયજી કામા' વિશે પેપર રજૂ કર્યું.

- ❑ **ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી, પ્રા. હિના પટેલ, ડૉ. નીતા પટેલઃ**

તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં SNDT - Shreemati Nathibai Damodar Thackersey Women's University, Mumbai and BAPS Swaminarayan Research Institute, New Delhiના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Women Empowerment and Hindu Socio-Spiritual Traditions' વિષયક International Conferenceમાં સહભાગી થયાં. જેમાં...

- ડૉ. શૈલજા ધ્રુવે 'સામાજિક સુધારણા અને સ્ત્રી સશક્તિકરણ (સ્વામિનારાયણ હિન્દુ પરંપરાના સંદર્ભમાં)' વિશે પેપર (સંયુક્ત) રજૂ કર્યું.

- ❑ **ડૉ. નયના પ્રજાપતિ, ડૉ. શ્વેતા ઝાલા તથા ડૉ. ટ્વીન્કલ ચૌધરીઃ**

તા. ૪ માર્ચ, ૨૦૨૩ના રોજ ગાંધીનગર સ્થિત Shri P.K. Chaudhari Mahila Arts College દ્વારા આયોજિત Academic Disciplines and Research Methodology વિષયક National Conferenceમાં પેપર રજૂ કર્યું. જે International Muttidisciplinary E-Journal-An

International Peer Reviewed, Refereed Journal ISSN:2277-4262; SJIF: 8.244; www.shreeprakashan.com; Vol-12, Issue-03, March-2023 માં પ્રકાશિત થયાં. જેમ કે...

- ડૉ. નયના પ્રજાપતિએ 'The Educational and Nutritional Impact of Mdm on Children of Government Primary School of Ahmedabad' વિશે (પ્રકાશન પેઈજ; ૧૧૩-૧૨૧)
- ડૉ. શ્વેતા ઝાલાએ 'Dual Burden of Nutrition among Adult Women in State of Uttar Pradesh : Findings from NEHS-4' વિશે (પ્રકાશન પેઈજઃ ૨૫૧-૨૬૧)
- ડૉ. ટ્વીન્કલ ચૌધરીએ 'ગુજરાતમાં કપાસના ઉત્પાદનની પાક તરાહ અને ઉત્પાદકતાના વલણો' વિશે (પ્રકાશન પેઈજઃ ૨૭૯-૨૮૫)

.... રજૂ કરેલ પેપર પ્રકાશિત થયાં.

### ❑ ડૉ. રશ્મિ સોની, ડૉ. નીતા પટેલ તથા ડૉ. શીતલ રાઠોડઃ

તા. ૨૫ માર્ચ, ૨૦૨૩ના રોજ Shyam Lal College (Evening), University of Delhi; International School of Business Management, Suresh Gyan Vihar University, Jaipur તથા Pinaki Technno, Indiaના સંયુક્ત ઉપક્રમે આયોજિત DOAJ & Best Practices in Scholarly Communication વિષયક Online National Webinar માં સહભાગી થયાં.

### ❑ NSS તથા કોમર્સ વિભાગઃ

તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કૉમર્સ વિભાગ દ્વારા B.Com SEM-I: Gujarati Medium ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમ આનુષંગિક (Soft Skill Course) 'NSS' વિષયક વ્યાખ્યાનમાં ડૉ. સોનલ મોદી (પ્રોગ્રામ ઓફિસર - NSS) એ વિષયોચિત એકમો વિશે માહિતી પ્રદાન કરી.

## ★ ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળઃ

- કૉલેજની શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓ સક્રિય રસ લે છે.
- રમતગમત ક્ષેત્રે - સિનિયર ખેલાડી ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, વિદ્યાર્થિનીઓ કૉલેજનું ગૌરવ વધારે છે.
- એસ.એલ.યુ. કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા SLU College: KALA-KAUSHAL TROPHY પ્રાપ્ત કરનાર રાધા ચૌધરી (BA SEM-III / IV)ને ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ દ્વારા પુરસ્કાર આપી, સન્માનવામાં આવી.
- **પ્રીતિ પટેલઃ** સુરતમાં મહિલા પોલીસ કર્મી (કોન્સ્ટેબલ) તરીકેની ફરજ સાથે, રમતગમતના ક્ષેત્રે દેશ-વિદેશમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, રાષ્ટ્રનું ગૌરવ વધારી રહ્યા છે. સમાજસેવાના કાર્યમાં અગ્રણી ભૂમિકા ભજવે છે.

## ★ ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૨:

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૨ અંતર્ગત નિર્ધારિત થયેલ હોદ્દાઓ અનુસાર...

**Sector Officer**

ડૉ. મુકેશકુમાર બારૈયા

**મતપેટી સ્વીકાર કેન્દ્રોની વ્યવસ્થાના સુપરવાઈઝર**

ડૉ. મધુસુદન મુખર્જી

**મતદાન મથક પ્રમુખ અધિકારી - Presiding Officer (P.R.)**

પ્રા. નરવતસિંહ ડામોર, ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ, ડૉ. રાવજી કોટવાલ

**પ્રથમ મતદાન અધિકારી Polling Officer1 (Po1)**

શ્રી શિવચરણ કબીસર

**મતદાન અધિકારી Polling Officer (PO)**

ડૉ. ઘનશ્યામ અંજારા, પ્રા. દિનેશ પટેલ

**મહિલા મતદાન અધિકારી (FPO)**

ડૉ. રશ્મિ સોની, ડૉ. નિશા જોશી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. વર્ષા પ્રજાપતિ, ડૉ. શીતલ રાઠોડ, ડૉ. સોનલ મોદી, શ્રી માયા સોની

... સક્રિય કામગીરી કરી.

**વિશેષ નોંધઃ સેફોલોજી (Psephology):**

રાજકીય આગાહીના અભ્યાસ માટેની અલાયદી શાખા છે, જેને સેફોલોજી કહેવાય છે. Psephology મૂળ ગ્રીક શબ્દ છે. ગ્રીક વિશ્વની લોકશાહી શાસન પધ્ધતિના પ્રયોગનું પ્રણેતા સમાન મનાય છે. તે વખતે ચૂંટણીનો વિચાર અમલમાં આવ્યો ત્યારે શાસક તરીકે નાગરિકો કોને સત્તા સોંપવા માંગે છે તે નક્કી કરવા માટે મતદાન કેન્દ્રો પર પત્થરના ટુકડા રાખવામાં આવતા હતાં. જેટલા ઉમેદવાર હોય તેટલા મોટા માટલા રાખવામાં આવ્યા હોય. મતદાર જેતે મત આપવા માંગતો હોય તેના નામના માટલામાં તેણે કોઈને દેખાય નહીં તેમ પત્થરનો ટુકડો નાખવાનો. પત્થરના ટુકડાની ગણતરીને આધારે બહુમતી નક્કી થતી. ગ્રીક ભાષામાં પત્થરના ટુકડા (પેબલ્સ)ને Psepho કહેવાય, એટલે મતગણતરી અને આંકડાના આધારે અભ્યાસ પરથી તારણ, ટ્રેન્ડ, આગાહી કરવાના શાસ્ત્રનું નામ Psephology પડ્યું. જો કે તે Political Science અંતર્ગત જ હોઈ તેનો અલાયદો ડિગ્રી અભ્યાસ નથી. પ્રવર્તમાન સમયમાં રાજકીય વિશ્લેષકો અને ઓપીનિયન પોલ હાથ ધરતી એજન્સીઓ પણ આંકડાકીય આંટીઘૂંટીને વૈજ્ઞાનિક કે ખાસ બનાવેલ સોફ્ટવેર, ગ્રાફિક્સની મદદથી આગાહીની એરણ પર ચઢાવે છે. આ પધ્ધતિ જ સેફોલોજી.

## ★ NSS વિભાગ તથા સમુદાય સેવા ધારાઃ

**NSS પ્રોગ્રામ ઑફિસર તથા સમુદાય સેવા ધારાના કન્વીનર ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ** અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું.

- **Orientation Programme :**

તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ NSS અંગે Orientation Programmeનું આયોજન કરવામાં આવ્યું. જેમાં SEM-I માં પ્રવેશ મેળવનાર અને NSS માં જોડાનાર વિદ્યાર્થિઓને NSS પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી.

Orientation Programmeના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. નીતા પટેલ, ડૉ. કેતન મહેતા તેમજ કેમ્પસ એમ્બેસેડર્સ વિદ્યાર્થિનીઓ સ્વયંસેવિકા - વૈશાલી કદમ અને શ્વેતા મિસ્ત્રી - સહિત NSSમાં સવિશેષ પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ સક્રિય ભૂમિકા ભજવી.

Orientation Programmeમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના NSS Unitના સલાહકાર સમિતિના સભ્ય (જાણીતા વક્તા અને ઉદ્‌ઘોષક, એસોસિયેટ પ્રોફેસર DCM કોલેજ વિરમગામ) શ્રી અશ્વિન આણદાણી ઉપસ્થિત રહ્યાં.

**નોંધઃ** વિશેષ ઉપસ્થિતઃ ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, અમદાવાદ; પૂર્વ પ્રૉફેસર - સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)

કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. સોનલ મોદીએ સૌને આવકારી Orientation Programmeની રૂપરેખા આપી તેમજ દત્તક ગામ કોબા (જિ. ગાંધીનગર) વિશે જાણકારી આપી.

ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ સંસ્થાગત ટૂંક પરિચય, NSSનું જીવન ઘડતરમાં મહત્વ વિશે ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'સચ' બોલને સે હંમેશા 'દિલ' સાફ રહેતા હૈ; 'અચ્છાઈ' કરને સે હંમેશા 'મન' સાફ રહેતા હૈ; 'મહેનત' કરને સે હંમેશા 'દિમાગ' સાફ રહતા હૈ. વધુમાં, મુખ્ય મહેમાન શ્રી અશ્વિન આણદાણીનો પરિચય આપી, સ્મૃતિભેટથી અભિવાદન કર્યું.

NSSમાં પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ આગંતુક વિદ્યાર્થિનીઓને પોતાના સ્વ-અનુભવને આધારે NSS હેઠળ સમાજકાર્ય વિશે માહિતી આપી.

શ્રી અશ્વિન આણદાણીએ ઉદ્‌બોધનમાં NSS: અર્થ, હેતુઓ, લક્ષ્યાંકો, સ્વયંસેવકોની આચાર સંહિતા - ભૂમિકા, પ્રોગ્રામ ઓફિસરની માર્ગદર્શકરૂપ ભૂમિકા, દત્તક ગામની પ્રવૃત્તિઓથી ગામ અને સ્વયંસેવકો વચ્ચેનો અનુબંધ, શિબિરની શિસ્ત વગેરે બાબતો વિશે સદષ્ટાંત રજૂઆત કરી.

વધુમાં, સેવાકીય પ્રવૃત્તિઓના પ્રશ્નો, પડકારો તેમજ નિરાકરણ/ઉપાયો વિશે આનુભવિક રજૂઆત કરી. મન અને હૃદયથી સેવાકીય કામગીરી કરવાનો પણ અનેરો આનંદ હોય છે તેમ જણાવ્યું.

ડૉ. સોનલ મોદી તેમજ ડૉ. અર્ચના પંડ્યાએ વર્ષ દરમિયાનની કૉલેજ તથા યુનિવર્સિટી કક્ષાની કામગીરીના સમયપત્રકનું ઘડતર કરી, વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી.

વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ માટે રસ-રુચિ મુજબ ટીમોની રચના કરવામાં આવી.

ડૉ. ચંદ્રિકા રાવલ સહિત ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. કેતન મહેતાએ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાનાર વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી.

કાર્યક્રમના સમાપને NSSની સ્વયં સેવિકા આફિયા તેમજ ડૉ. નીતા પટેલે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર-સહયોગ આપનાર સૌનો આભાર માન્યો.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. સોનલ મોદીએ કર્યું.

આનુભવિક - વૈચારિક - પ્રદાનથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

**નોંધઃ** તા. ૨૨ જુલાઈ, ૨૦૨૨ તેમજ તા. ૨૭ જુલાઈ ૨૦૨૨ ના રોજ ડૉ. સોનલ મોદીએ અનુક્રમે BA SEM-I અને B.Com SEM-Iમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને NSSની પાયાગત માહિતી આપી, પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી.

- **શિક્ષકદિનની ઉજવણીઃ**

તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ શિક્ષક દિન ઉજવવામાં આવ્યો. જેમાં આર્ટ્સ અને કોમર્સની વિદ્યાર્થિનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને ઉજવણી કરી.

**નોંધઃ** તા. ૫ સપ્ટેમ્બર, ૧૯૬૨ના રોજ દેશમાં પહેલીવાર શિક્ષકદિન ઉજવાયો હતો. પ્રતિવર્ષ ભારત દેશમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવે છે.

- **વૃક્ષારોપણ કાર્યક્રમઃ**

તા. ૧૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત ડૉ. સોનલ મોદીએ વૃક્ષનું જતન અને પર્યાવરણમાં વૃક્ષોની મહત્તા વિશે જાણકારી આપી. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે 'હર ઘર તિરંગા'ની જેમ 'હર ઘર વૃક્ષારોપણ'ના સૂત્રને ચરિતાર્થ કરવા આહ્‌વાન કર્યું. NSS કમિટિના સભ્યો - ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. નીતા પટેલ, ડૉ. કેતન મહેતા સહિત NSSની બહેનોએ વૃક્ષારોપણમાં ઉત્સાહભેર ભાગ લીધો.

- **સ્વચ્છતા અભિયાનઃ**

વર્ષ દરમિયાન મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ NSS અંતર્ગત સ્વચ્છતા અભિયાનને ગતિશીલ બનાવતા સફાઈ કાર્યક્રમો કૉલેજ કેમ્પસમાં યોજાયાં, જેમાં એસ.એલ.યુ. પરિવારજનોએ (ઈનચાર્જ પ્રિન્સિપાલ - અધ્યાપકો - વહીવટી કર્મચારીઓ - વિદ્યાર્થિનીઓ) સક્રિયપણે કામગીરી કરી.

**વિશેષઃ** તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૨; તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૨ તેમજ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ આયોજિત Deep Cleaning સફાઈ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. સોનલ મોદીના માર્ગદર્શકરૂપ સહભાગ સાથે વિદ્યાર્થિનીઓએ સક્રિયપણે કામગીરી કરી.

\- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ NSS અંતર્ગત AMC (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) દ્વારા અપાયેલ સૂકા-ભીના કચરાની જાણકારી આપતા પેફલેટનું વિતરણ કૉલેજ પરિસરમાં કરવામાં આવ્યું. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે પેફલેટના માધ્યમથી સૌને AMCના જાહેરનામાને કેન્દ્રમાં રાખી ઘર, સંસ્થામાં સ્વચ્છતાને વધુને વધુ પ્રાધાન્ય આપવા પર ભાર મૂક્યો.

- સ્વચ્છતા અભિયાનને સતત ગતિશીલ રાખવાના ભાગરૂપે કૉલેજ પરિસરમાં સવિશેષ કચરાપેટીઓની વ્યવસ્થા કરવામાં આવી.

- **NSS સ્થાપના દિનની ઉજવણી:**

  તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ NSS સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી. સ્વયં સેવકોએ ઈનચાર્જ પ્રિન્સિપાલ, પ્રોગ્રામ ઓફિસર તથા NSS વિભાગીય અધ્યાપકોની નિશ્રામાં કૉલેજ પરિસરમાં ઉર્જા, જળના જતન અને જાળવણીને અનુલક્ષીને 'NSS Day' ની ઉજવણી કરી.

  **નોંધ:** રાષ્ટ્રી સેવા યોજના (NSS : National Service Scheme) ની શરૂઆત ૧૯૬૯-૭૦ના વર્ષથી (મહાત્મા ગાંધીજીના જન્મ શતાબ્દી વર્ષથી) શરૂ કરવામાં આવેલ. NSSએ વિદ્યાર્થિઓ કે જે રાષ્ટ્રનું ભવિષ્ય છે, તેમનામાં રાષ્ટ્રીય સેવા માટે અભિરુચી કેળવાય અને સમાજસેવાના માધ્યમથી વ્યક્તિ વિકાસ થાય તેવા હેતુથી આયોજિત થયેલ યોજના છે.

- **પલ્સ પોલિયો અભિયાન:**

  તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કૉલેજ કેમ્પસમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત Training Programmeનું આયોજન કરવામાં આવ્યું. શ્રી જીજ્ઞા શાહ (Polio Supervisor) તથા શ્રી ઝંખના જીવનયાત્રી (General Nursing Midwife) - Urban Health Centre, AMC, Paldi, Ahmedabad) એ ડૉ. સોનલ મોદી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. નીતા પટેલ તથા ડૉ. કેતન મહેતાની નિશ્રામાં વિદ્યાર્થિનીઓને 'પોલિયોની રસી'ના અનુસંધાનમાં વિવિધ બાબતોનું ડેમોન્સ્ટ્રેશન આપી, તાલીમ આપી.

  તા. ૧૮-૧૯-૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમિયાન અમદાવાદ મ્યુનસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સઘન પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ અમદાવાદના જુદા જુદા વિસ્તારોના AMC Health Centreમાં ઉપસ્થિત રહી, બહોળી સંખ્યામાં સેવાકીય પ્રવૃત્તિ કરી.

  **વિશેષ:** પલ્સ પોલિયો અભિયાનમાં યોગદાન આપનાર તાલીમાર્થી વિદ્યાર્થિનીઓને AMC દ્વારા પ્રમાણપત્ર તથા પુરસ્કાર આપી, પ્રોત્સાહિત કરવામાં આવી.

## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત...

- **કૉલેજ પરિસરમાં...**

- તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ 'તિરંગાનો ઈતિહાસ અને મહત્વ' શીર્ષક હેઠળ નિબંધ લેખન સ્પર્ધા તેમજ 'તિરંગા મહોત્સવ' શીર્ષક હેઠળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ 'મેરા દેશ, મેરી શાન' શીર્ષક હેઠળ વક્તૃત્વ સ્પર્ધા તેમજ 'દેશભક્તિ' હેઠળ ગીત-ગઝલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું...

... તમામ સ્પર્ધાઓમાં રસ-રુચિ મુજબ NSSની સ્વયં સેવિકાઓએ ઉત્સાહભેર ભાગ લઈ, આઝાદીના મહોત્સવને ઉજાગર કર્યો.

## ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં...

- તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીના યજમાન પદે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, કલેક્ટર કચેરી - અમદાવાદ તથા ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'તિરંગા ઉત્સવ યાત્રા'માં NSSની સ્વયંસેવિકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

  **નોંધઃ** ભારતના ગૃહમંત્રીશ્રીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અમલીકરણ સમિતિએ રાષ્ટ્રધ્વજના સન્માનમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે તા. ૧૩-૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન આયોજિત 'હર ઘર તિરંગા' અભિયાનને ગતિ આપવા કાર્યક્રમ યોજવા જણાવેલ, તેના અનુસંધાને 'તિરંગા ઉત્સવ યાત્રા' યોજાઈ.

- તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીના પટાંગણમાં આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં NSSની સ્વયં સેવિકાઓ ઉત્સાહભેર સહભાગી બની, રાષ્ટ્રીય પર્વની ઉજવણીને હૃદયસ્થ કરી.

## ● પ્રતિજ્ઞા કાર્યક્રમોઃ

- તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કૉલેજ કેમ્પસમાં 'અંગદાન જાગૃતિ' કાર્યક્રમ યોજાયો. ગુજરાત યુનિવર્સિટી અને અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ આયોજિત 'અંગદાન જાગૃતિ' કાર્યક્રમમાં NSSની સ્વયંસેવિકાઓએ ભાગ લઈ 'અંગદાન...મહાદાન' અભિયાનની જાણકારી મેળવી, સમાજમાં 'અંગદાન એ જીવનદાન' સૂત્રને વેગવંતુ કરવાની પ્રતિજ્ઞા લીધી.

- તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે 'મતદાતા નોંધણી' અભિયાનને અનુલક્ષીને મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં NSSની સ્વયં સેવિકાઓએ ભાગ લઈ, સમાજમાં મતદાર વય ધરાવતા નાગરિકો કે જેમણે નોંધણી કરાવેલ નથી, તેમને મતદાતા નોંધણી માટે સજ્જ કરવાની પ્રતિજ્ઞા લીધી.

  **નોંધઃ** લોકશાહી પર્વના ભાગરૂપ ચૂંટણી પ્રક્રિયામાં 'મતદાર'ની મહત્તા અગ્રગ્રણ્ય હોય છે. સુશાસનમાં મતદારનો મત અગત્યનો બની રહે છે, આથી જ બંધારણીય રીતે મતદાનની વય ધરાવતા નાગરિકની મતદાતા તરીકેની નોંધણી આવશ્યક બની રહે છે.

## ● ઐતિહાસિક સ્થળની મુલાકાતઃ

- તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ NSS-સ્વયં સેવિકાઓએ અમદાવાદ સ્થિત ઐતિહસિક સ્થળ-સત્યાગ્રહ આશ્રમ (કોચરબ આશ્રમ)ની મુલાકાત લઈ, ગાંધીજીની કાર્ય પધ્ધતિ, તેના નિયમો, સ્વચ્છતા અંગેના દૃષ્ટિકોણ વિશે માહિતી મેળવી.

  **નોંધઃ** કોચરબ આશ્રમના એક્ટીવીટી સેન્ટરમાં થઈ રહેલા સફાઈ કાર્યમાં સ્વયંસેવિકાઓ સામેલ પણ થયાં.

- તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ NSS- સ્વયં સેવિકાઓએ અમદાવાદ સ્થિત ઐતિહાસિક સ્થળ- ગાંધી આશ્રમ (સાબરમતી આશ્રમ)ની મુલાકાત લઈ, ગાંધીજીના 'મારું જીવન એ જ મારો સંદેશ' ને ધ્યાનમાં લઈ, જીવન-કવન સહિત રહેણી-કરણી, અર્થોપાર્જનમાં સહાયક રેંટિયો વગેરે વિશે જાણકારી મેળવી.

- **WorkShop:**

  તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ World Student's Day નિમિત્તે અમદાવાદમાં Indian Red Cross Society - Gujarat State Branch તથા NSS Department - Gujarat Universityના સંયુક્ત ઉપક્રમે Youth Red Cross - YRC / NSS Progrogramme અંતર્ગત આયોજિત Workshopમાં પ્રોગ્રામ આવકાર ડૉ. સોનલ મોદી તથા NSS- સ્વયંસેવિકાઓ - વૈશાલી કદમ, શ્વેતા મિસ્ત્રી, સંજના ચૌહાણ, ભાવના પરમાર સહભાગી થયાં.

  Workshopમાં શ્રી નરેશભાઈએ First Aidની તાલીમ આપી. તદ્ઉપરાંત તાલીમાર્થીઓને Red Cross ના ફિઝીયોથેરાપી સેન્ટર, X-ray સેન્ટર, 'વાત્સલ્ય' વૃધ્ધાશ્રમ, લેબોરેટરી વગેરેની મુલાકાત લેવડાવી, માહિતી પ્રદાન કરી. Workshopના સમાપને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં.

  **નોંધ:** In 2010, it was decided to observe World Student's Day on October 15. The day commemorates the birthday of former Indian President APJ Abdul Kalam (Avul Pakir Jainulabdeen Abdul Kalam), to honour the contributions of the renowned scientists to the nation, especially in the field of education and research.

- **સેમિનાર:**

  તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના NSS વિભાગના યજમાન પદે યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ અને વિશ્વ યુવક કેન્દ્ર, ન્યુ દિલ્હીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'નેતૃત્વ અને વ્યક્તિત્વ વિકાસ' વિષયક સેમિનારમાં NSSની સ્વયં સેવિકાઓ - રિધ્ધી ડોડિયા, વિધિ પરમાર, હિરલ સાતિયા, મેશ્વા ઠક્કર, રુચિતા ધંધૂકિયા સહભાગી થયાં.

- **રક્ષાબંધન પર્વની ઉજવણી:**

  તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ડૉ. સોનલ મોદીના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધન (તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૨ જાહેર રજા હોવાથી) પર્વની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ સ્થિત એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં NSSની સ્વયંસેવિકાઓએ પોલીસકર્મીઓને રાખડી બાંધી, સુરક્ષા-જતનની હાર્દિક શુભેચ્છા પાઠવી, મીઠાઈ આપી.

- **NSS Intercollege Zonal Camp :**

  તા. ૧૮-૨૦ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન ભાણપૂર - મહુડી (રાણપૂર, જિ. ગાંધીનગર) મુકામે ગુજરાત યુનિવર્સિટીના NSS વિભાગ દ્વારા NSS Intercollege Zonal Campનું આયોજન કરવામાં આવ્યું. જેમાં NSS - સ્વયંસેવિકાઓ - વૈશાલી કદમ અને શ્વેતા મિસ્ત્રી સહભાગી થયાં.

- **વ્યાખ્યાનઃ**

  તા. ૩ માર્ચ, ૨૦૨૩ના રોજ 'પર્યાવરણની જાળવણી' વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા ડૉ. ચંદ્રિકાબહેન રાવલે (માનદ્ મંત્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) વિષયોચિત વક્તવ્યમાં વીજળી, પાણી, વૃક્ષોના જતનની મહત્તા સાથે પર્યાવરણના વિવિધ પાસાની રજૂઆત કરી. વધુમાં, NSSના માધ્યમ થકી પર્યાવરણ જાળવણીમાં અપાતા યોગદાનની ઉદાહરણ સહિત જાણકારી આપી.

  પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

  ડૉ. સોનલ મોદીએ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન કર્યું.

- **દત્તક ગામઃ**

  કોબા (જિ. ગાંધીનગર)માં વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ બચાવો - પ્લાસ્ટિક છોડો અભિયાન, થેલેસેમિયા જાગૃતિ અભિયાન, HIV / AIDS ના અનુસંધાનમાં લોકજાગૃતિ કાર્યક્રમો (NACOના સહયોગ દ્વારા), વિધવા સહાય પ્રવૃત્તિ, સરકાર દ્વારા મળતી વિવિધ સહાયો તેમજ ગ્રામ વિકાસલક્ષી યોજનાઓ વિશે જાગૃતિ કાર્યક્રમો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ આયોજિત કાર્યક્રમો તેમજ કૉલેજની શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ દરમિયાન NSS વિભાગ સેવાકીય કાર્યો દ્વારા પારિવારિક વાતાવરણ જાળવવામાં યોગદાન પુરુ પાડે છે.

### ❑ ડૉ. સોનલ મોદીઃ

- તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ World First Aid day નિમિત્તે અમદાવાદમાં Indian Red Cross Society - Gujarat State Branch દ્વારા આયોજિત Youth Red Cross Counsellor's First Aid Trainingમાં સહભાગી થયાં.
- તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સુઘડ - ગાંધીનગર સ્થિત Environmental Sanitation Institute માં ગુજરાત યુનિવર્સિટીના NSS (National Service Scheme) Department દ્વારા આયોજિત Programme Officers Workshopમાં સહભાગી થયાં.
- તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ગાંધીનગરમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, NSS Cell, ગાંધીનગર તથા ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'માર્ગ-સલામતી' વિષયક તાલીમ કાર્યક્રમમાં સહભાગી થયાં.

## ★ NCC વિભાગઃ

**ANO (Assistant NCC Officer) Lt ઉર્વશી શર્માના નેતૃત્વ હેઠળ વર્ષ દરમિયાન NCCની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.**

**નોંધઃ** LT ઉર્વશી શર્માની એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ વિમેનમાં NCC-ANO તરીકે નિમણુંક કરાતા તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કોલેજમાં હાજર થયાં.

ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે NCC વિભાગના Care taker તરીકે વધારાનો કાર્યભાર તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી સંભાળ્યો. (Duration of NCC Care taker : 15 September, 2021 to 6 September, 2022)

**વિશેષઃ** ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવની NCC-Care taker તરીકે ઉત્કૃષ્ટ કામગીરીને NCC-Unit: 1 Guj. Girls BN, NCC, Ahmedabad એ 'Appreciation letter' એનાયત કરી, બિરદાવી.

**નોંધ :** આ પત્ર Collegeના Managing Trust : Gujarat Stree Kelavani Mandal ને પાઠવવામાં આવ્યો.

- **વર્ષના પ્રારંભમાં...**
  - ડૉ. શૈલજા ધ્રુવએ NCC ક્ષેત્રની વિવિધ વિંગ્સ (Army, Navy તથા Air Force) તેમજ પ્રવર્તમાન સમયમાં NCCના મહત્વ વિશે સવિસ્તર માહિતી આપી.
  - આગંતુક કેડેટ્સને સિનિયર કેડેટ્સે આવકારી, સ્વ-અનુભવને આધારે NCCની જીવનમાં જરૂરિયાત શિસ્ત વિશે સવિસ્તર માહિતી આપી.
  - LT, ઉર્વશી શર્મા (ANO-SLU College)એ NCCની શિસ્ત વિશે સવિસ્તર માહિતી આપી.
  - NCC First Year Enrollment Process અંતર્ગત વિદ્યાર્થિનીઓની Written test તેમજ Physical Fitness (Hight, Weight, Running) checking નું આયોજન કરવામાં આવ્યું. Eligible વિદ્યાર્થિનીનું as a cadet selection કરવામાં આવ્યું.
  - વર્ષ દરમિયાન યોજાયેલ Combined Annual Training Camp (અમદાવાદ)માં વિદ્યાર્થિનીઓએ ભાગલીધો.
  - વર્ષ દરમિયાન યોજાયેલ NCC Unit (Law Garden, Ahmedbad) તેમજ કૉલેજ કેમ્પસ ખાતે આયોજિત Paradeમાં Cadets ઉત્સાહભેર સહભાગી થયા.
- વર્ષ દરમિયાન NCC Unit (Law Garden, Ahmedabad) ના નેજા હેઠળ Puneet Sagar Abhiyanમાં Cadets એ ઉત્સાહભેર ભાગ લઈ, Ahmedabad સ્થિત Riverfront વિસ્તાર તેમજ વિવિધ જળાશયોના વિસ્તારમાં ફેકાયેલા પ્લાસ્ટિક તેમજ અન્ય કચરાના નિકાલની કામગીરી ઉત્કૃષ્ટતાથી નિભાવી. તદ્ઉપરાંત આ અભિયાન અંતર્ગત આયોજિત નિબંધ, પોસ્ટર મેકિંગ, ચિત્ર, વક્તૃત્વ, વગેરે સ્પર્ધામાં ભાગ લીધો.

**નોંધઃ** समुद्र तटों, नदियों, झीलों सहित अन्य जल निकायों को प्लास्टिक और अन्य अपशिष्ट पदार्थो से मुक्त

रखने के लिए राष्ट्रीय कैडेट कोर (NCC-National Cadet Corps) द्वारा 1 December, 2021 को पुनीत सागर अभियान शुरु किया गया था।

- તા. ૨૯ સપ્ટેમ્બર - ૧૨ ઓક્ટોબર,૨૦૨૨ દરમિયાન ગુજરાત રાજ્યના યજમાનપદે આયોજિત 36th National Games - Gujarat 2022. Celebrating Unity Through Sports અંતર્ગત્ Ahmedabadમાં આયોજિત National Gamesના વિવિધ સ્થળોમાં કૉલેજની NCC Cadets - Shweta Mistri, Renuka Makwana, Saymabanu Saiyed, Mubina Shaikh - as a volunteer સક્રિયરૂપે કામગીરી કરી. તેમની કામગીરીની સરાહના કરી, NCC Unit દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યું.

- તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ લેફ. ઉવર્શી શર્માના નેતૃત્વ હેઠળ Cadets એ અમદાવાદમાં Indian Air Force દ્વારા આયોજિત 'Know Your Airforce' અંતર્ગતના પ્રદર્શનને નિહાળ્યું. પ્રદર્શન દરમિયાન aircraft, missiles, weaponry systems, radars વિશે જાણકારી મેળવી. તદ્ઉપરાંત Airforce Band ને માણ્યું.

  **Note :** Place : SWAC (South Western Air Command) Communication Flight Nr. SVBP International Airport, Ahmedabad.

- તા. ૧૭ ઓક્ટોબર - ૧ નવેમ્બર, ૨૦૨૨ દરમિયાન Rajpipla (Dist. Narmada) માં NCC GP HQ, Vadodara સંચાલિત under the aegis of NCC Dte Gujarat, Dadra Nagar Haveli, Daman & Diuના SNIC (Special National Integration Camps) માં NCC-Cadet Saiyed Saymabanu સહભાગી થઈ. તદ્ઉપરાંત તા. ૧ નવેમ્બર, ૨૦૨૨એ SNIC Rashtriya Ekta Diwas - 2022 ના Celebration માં પણ સહભાગી બની.



- **Amruta Hublikar:**

- Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
- તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૨ થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન Gujaratમાં આયોજિત વિવિધ Campsમાં ઉત્કૃષ્ટ કામગીરીને લીધે દિલ્હીમાં આયોજિત RDC (Republic Day Celebration) માટે પસંદગી થઈ.
- તા. ૧ જાન્યુઆરી થી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન નવી દિલ્હીમાં આયોજિત RDC અંતર્ગત PM Rally: (વડાપ્રધાનને સલામી આપવી) માટે પસંદગી પામતા, નવી દિલ્હીના Cariappa Parade Groundમા આયોજિત PM Rallyમાં ભાગ લઈ, ગુજરાત રાજ્યની teamમાં પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ SLU College માં NCC Unit આયોજિત 'B' Certificate ની પરીક્ષા માટે 'પરીક્ષા કેન્દ્ર' વ્યવસ્થાપન કરવામાં આવેલ.

- તા. ૩ માર્ચ, ૨૦૨૩ના રોજ 1 Guj. Girls BN NCC Ahmedabadના MAJ Shashi Singh & Shri Usha Bhatt (GCI - Girls Caring Instrector) એ SLU College ની શુભેચ્છા મુલાકાત લીધી.
- વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં યોજાયેલ 'B' સર્ટિફિકેટની પરીક્ષામાં NCC-Cadets એ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. કૉલેજનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું.
- વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં 'B' અને 'C' સર્ટિફિકેટની પરીક્ષામાં NCC-Cadets સામેલ થયાં.

  **નોંધ:** 'B' અને 'C' સર્ટિફિકેટની સૈધ્ધાંતિક (Theory) અને પ્રાયોગિક (Practical) પરીક્ષાના સંદર્ભમાં કેડેટસને તાલીમ આપવામાં આવી.
- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ આયોજિત કાર્યક્રમો તેમજ કૉલેજની ઈત્તર પ્રવૃત્તિઓ દરમિયાન શિસ્તયુક્ત વાતાવરણની જાળવણી માટે NCC વિભાગ ઉત્સાહભેર ફરજ બજાવી, યોગદાન આપે છે.

## ❑ Lt. ઉર્વશી શર્મા:



- તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કોલેજ ફોર વિમેનમાં NCC-ANO તરીકે નિમણૂંક કરાતા કાર્યરત
- તા. ૧૮-૨૨ ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન Gandhinagarમાં આયોજિત 12th Edition of Defexpo:2022 માં સક્રિય ભૂમિકા ભજવી.
- તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત NCC Unit-Law garden ખાતે NCC Directorate Gujarat, Dadra Nagar Haveli, Daman & Diu ના નેજા હેઠળ આયોજિત કાર્યક્રમમાં Brigadier N.K. Raijada ના શુભ હસ્તે ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન Outstanding Performance માટેનું Appreciation Certificate તેમજ રૂા. ૧૦૦૦/–નો પુરસ્કાર એનાયત થયાં.

  **Note:**Outstanding performance in SSCD (Social Service and Community Development) activities planned and well conducted at Institution level, at Ahmedabad during the year - 2022-2023.

## ❑ ડૉ. શૈલજા ધ્રુવ :

- તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ NCC Unit Ahmedabad (Law Garden) માં 1 Guj.Girls BN NCC દ્વારા આયોજિત CO's Conferenceમાં as a NCC-Care taker ઉપસ્થિત રહ્યાં.

  **Note :** - 1 Guj. Girls BN NCC, Ahmedabad has appointed as caretaker since 15 September, 2021. - Duration of NCC Care taker : 15 September 2021 to 6 September, 2022.

★ **શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગ તથા વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાઃ**

**શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ઓફ ફિઝીકલ એજ્યુકેશન તથા વ્યાયામ- યોગ-ખેલકૂદ ધારાના કન્વીનર ડૉ. મુકેશકુમાર બારૈયાના માર્ગદર્શન હેઠળ** વર્ષ દરમિયાન વિવિધ રમતોની તાલીમ શિબિર તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

- તા. ૨૧ જૂન, ૨૦૨૨ના રોજ 'વિશ્વ યોગ દિવસ:૨૦૨૨' (8th International Yoga day)ની ઉજવણી કૉલેજ પરિસરમાં કરવામાં આવી. જેમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલ, ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. શૈલજા ધ્રુવ, કૉલેજના શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફ તેમજ NSS, NCC, Sportsની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

  **નોંધ:** તા. ૨૧ જૂન, ૨૦૨૨ 'વિશ્વ સંગીત દિવસ'ની ઉજવણી પણ કૉલેજ પરિસરમાં કરવામાં આવી. સુકંઠ ધરાવતા શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારી ભાઈ-બહેનોએ ગીત, ગઝલ, દોહા વગેરે રજૂ કરીને કૉલેજ પરિસરને સંગીતમય બનાવ્યું.

- તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ ક્રોસકન્ટ્રી સ્પર્ધા**નું આયોજન સી.ટી. કૉલેજ કેમ્પસ, લાલદરવાજા ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ : આરતી ઠાકોર, સુરેખા ચૌહાણ, ઉર્મિ પરમાર, આરેફા મન્સુરી, શ્વેતા મિસ્ત્રી અને ઈલીશા પઠાણે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. તે પૈકી **સુરેખા ચૌહાણની પસંદગી ગુજરાત યુનિવર્સિટીમાં રિઝર્વ ખેલાડી તરીકે** થઈ હતી.

- ૧-૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન સદગુણા ગર્લ્સ કૉલેજ, લાલ દરવાજા ખાતે કરવામાં આવ્યું. જેમાં આફરીન પઠાણ અને મનિષા ચૌધરીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ બેડમિંટન સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના ખાતે કરવામાં આવ્યું. જેમાં મેહરીન કાદરી, ઝહીરા કુરેશી અને નિકિતા કનીજાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૧૧-૧૨ ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ વોલીબોલ સ્પર્ધા**નું આયોજન ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવ્યું. જેમાં જ્યોતિ વાઘેલા, સપના ડાભી, કિંજલ લકુમ, નિધિ ગોસાઈ, સાયમા સૈયદ, ફરહીન શેખ, અમૃતા હુબલીકર અને શ્રેયા રાજપુરાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. તે પૈકી **જ્યોતિ વાઘેલાની પસંદગી ગુજરાત યુનિવર્સિટી ટીમમાં રિઝર્વ ખેલાડી તરીકે** થઈ.

- તા. ૧૦ ડીસેમ્બર, ૨૦૨૨ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ સાયકલીંગ સ્પર્ધા**નું આયોજન

ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે કરવામાં આવ્યું. જેમાં સાયમા એન.સૌયદ, સપના ડાભી, ઈલીશા પઠાણ, રેણુકા મકવાણા, સાયમા આર. સૈયદ અને ઝહીરા કુરેશીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. તેમજ **કૉલેજ ટીમે** ઐતિહાસિક રમત દેખાવ કરીને સમગ્ર સ્પર્ધામાં **દ્વિતીય સ્થાન હાંસલ કરીને રનર્સઅપ** બની. તે પૈકી **સાયમા સૈયદ અને સપના ડાભીની પસંદગી ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી સાયકલીંગ સ્પર્ધા માટે** કરવામાં આવી. જ્યારે **રેણુકા મકવાણાની પસંદગી રિઝર્વ ખેલાડી તરીકે** કરવામાં આવી.

- તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૨ના રોજ સદગુણા ગર્લ્સ કૉલેજ, લાલદરવાજા ખાતે ગુજરાત યુનિવર્સિટી યોગાસન ટીમના પસંદગી મુકાબલાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આફીન પઠાણ અને મનિષા ચૌધરીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૧૧-૧૩ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ એથ્લેટીક્સ સ્પર્ધા**નું આયોજન ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવ્યું. જેમાં ઝહીરા કુરેશી, ઉર્મિ પરમાર, દિશા પ્રજાપતિ, સુરેખા ચૌહાણ, આરતી ઠાકોર, ઈલીશા પઠાણ, સાયમા સૈયદ અને ફરહીન શેખે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. સમગ્ર સ્પર્ધામાં એસ.એલ.યુ. કૉલેજ ટીમે ખૂબ સુંદર રમત દેખાવ કરી સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| - | **આરતી ઠાકોર** | - | **બરછીફેંક** | - | **પ્રથમ** | - | **સુવર્ણ ચંદ્રક** |
| - | **સુરેખા ચૌહાણ** | - | **૪૦૦ મી.દોડ** | - | **દ્વિતીય** | - | **રજત ચંદ્રક** |
| | | | **૮૦૦ મી.દોડ** | - | **તૃતીય** | - | **કાંસ્ય ચંદ્રક** |
| | | | **૧૫૦૦ મી. દોડ** | - | **તૃતીય** | - | **કાંસ્ય ચંદ્રક** |
| - | * | | **૪ X ૪૦૦ મી. રીલે દોડ** | - | **પ્રથમ** | - | **સુવર્ણ ચંદ્રક** |

**(*રીલે દોડ ટીમના સભ્યોઃ સુરેખા ચૌહાણ, આરતી ઠાકોર, ઉર્મિ પરમાર અને દિશા પ્રજાપતિ)**

- તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ પાવર લીફટીંગ સ્પર્ધાનું આયોજન સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ ખાતે કરવામાં આવ્યું. જેમાં સાયમા સૈયદ અને ફરહીન શેખે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- **આંતર વિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધાઓઃ**

તા. ૧૪ - ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન **ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી સાયકલીંગ સ્પર્ધા**નું આયોજન એમ.જી.એમ. યુનિવર્સિટી, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) ખાતે કરવામાં આવ્યું. જેમાં **સાયમા સૈયદ અને સપના ડાભીએ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ** કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું.

- **વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાઃ**

તા. ૮ - ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન સપ્તધારા અંતર્ગત વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા દ્વારા વિવિધ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં...

| | | | | | |
|---|---|---|---|---|---|
| - | **ચેસ** | : | **અસ્વરા એમ. પઠાણ** | - | **પ્રથમ** |
| | | | **સારા જે. મેમણ** | - | **દ્વિતીય** |
| | | | **પાયલ જી. પ્રજાપતિ** | - | **તૃતીય** |
| - | **કેરમ** | : | **ઝહીરા એ. કુરેશી** | - | **પ્રથમ** |
| | | | **ફરહીન એ. શેખ** | - | **દ્વિતીય** |
| | | | **માહીન એમ. શેખ** | - | **તૃતીય** |
| - | **બેડમિંટન** | : | **મેહરીન આર. કાદરી** | - | **પ્રથમ** |
| | | | **મનિષા સી. ચૌધરી** | - | **દ્વિતીય** |
| | | | **રોશની પી. ગૌડ** | - | **તૃતીય** |
| - | **૨ કિ.મી. દોડ** | : | **આરેફા એચ. મન્સુરી** | - | **પ્રથમ** |
| | | | **સુરેખા ડી. ચૌહાણ** | - | **દ્વિતીય** |
| | | | **ઉર્મિ જે. પરમાર** | - | **તૃતીય** |
| - | **૫ કિ.મી. સાયકલીંગ** | : | **સાયમા એન. સૈયદ** | - | **પ્રથમ** |
| | | | **સપના એમ. ડાભી** | - | **દ્વિતીય** |
| | | | **નિકિતા કે. કનીજા** | - | **તૃતીય** |
| - | **દોરડાકૂદ** | : | **આફરીન એમ. પઠાણ** | - | **પ્રથમ** |
| | | | **શ્વેતા ડી. મિસ્ત્રી** | - | **દ્વિતીય** |
| | | | **દિશા વી. પ્રજાપતિ** | - | **તૃતીય** |

**... સ્થાને વિજેતા બન્યા. વિજેતા થનાર ખેલાડીઓને પ્રમાણપત્ર અને ઈનામ એનાયત** કરવામાં આવ્યાં.

- **પ્રાદેશિક કક્ષાની રમત સ્પર્ધાઓ :**

- તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ **મહાજન શક્તિદળ દ્વારા રાજ્ય કક્ષાની ૩ કિ.મી. ક્રોસકન્ટ્રી દોડ સ્પર્ધાનું આયોજન એસ.એલ.યુ. કૉલેજથી ગૂજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ સુધી** કરવામાં આવ્યું. જેમાં કૉલેજની ટીમે ખૂબ સુંદર રમત દેખાવ કર્યો. જેમાં...

| | | | | |
|---|---|---|---|---|
| **સુરેખા ડી. ચૌહાણ** | - | **પ્રથમ** | - | **સુવર્ણ ચંદ્રક** |
| **ઉર્મિ જે. પરમાર** | - | **દ્વિતીય** | - | **રજત ચંદ્રક** |
| **આરેફા એચ. મન્સુરી** | - | **તૃતીય** | - | **કાંસ્ય ચંદ્રક** |

આ સ્પર્ધામાં દિશા પ્રજાપતિ, ઈલીશા પઠાણ, સાયમા સૈયદ, રેણુકા મકવાણા, ઝહીરા શેખ, મનિષા ચૌધરી, મિસ્બા મલેક, અમૃતા હુબલીકર, સાંઈ હુબલીકર, નિષા ઠાકોર તથા સાયમા આર. સૈયદે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

**નોંધ :** મહાજન શક્તિદળના પૂર્વ પ્રમુખ અને એસ.એલ.યુ. કોલેજના નિવૃત્ત પ્રા. સ્નેહાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતા અને ક્રોસકન્ટ્રી દોડનો પ્રારંભ કરાવ્યો હતો. આ દોડની શરૂઆત એસ.એલ.યુ. કોલેજના મેદાનમાંથી કરવામાં આવી હતી જ્યારે ગૂજરાત વિદ્યાપીઠ ઈન્કમટેક્ષ ખાતે દોડ પૂર્ણ કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ગુજરાત ભરની વિદ્યાર્થી બહેનો તથા મહિલાઓએ ભાગ લીધો હતો.

- તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ **રાજ્ય કક્ષાની કુસ્તી સ્પર્ધા**નું આયોજન જયદિપસિંહ બારીયા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, દેવગઢ બારીયા ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિની **પ્રિયાંશી રાણાએ પ્રથમ સ્થાન મેળવીને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત** કર્યું. **પ્રિયાંશી રાણાની પસંદગી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે** કરવામાં આવી.

- **આંતરરાષ્ટ્રીય કક્ષાની રમત સ્પર્ધાઓઃ**

તા. ૧૮ - ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમિયાન The Association of Traditional Youth Games and Sports International દ્વારા રંગશાળા સ્પોર્ટસ સ્ટેડીયમ, પોખરા, નેપાળ ખાતે **ઈન્ટરનેશનલ બેડમિંટન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ **ફેની રાઠોડે પ્રથમ સ્થાન** અને **મિનાક્ષી બારીયાએ દ્વિતીય સ્થાન** સિંગલ્સ વિભાગમાં મેળવી અનુક્રમે **સુવર્ણચંદ્રક અને રજત ચંદ્રક પ્રાપ્ત** કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું.

# ગૌરવવંતા ખેલાડીઓ



**Sayma N. Saiyed**
Cycling



**Sapana Dabhi**
Cycling



**Arti Thakor**
Athletics



**Jyoti Vaghela**
Volleyball



**Surekha Chauhan**
Best Athlete



**Urmi Parmar**
Runnerup Athlete

# ગૌરવવંતા ખેલાડીઓ



**Priyanshi Rana**
Wrestling



**Renuka Makwana**
Cycling



**Zaheera Qureshi**
Cycling



**Ilisha Pathan**
Cycling



**Disha Prajapati**
Athletics



**Sayma R. Saiyed**
Cycling

- ## વાર્ષિક રમતોત્સવ :

તા. ૨૧ - ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન કૉલેજ વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બેડમિંટન, ચેસ, કેરમ, ૫૦ મી. દોડ, ૧૦૦ મી. દોડ, ગોળાફેંક, દોરડાકૂદ, સ્લો સાયકલીંગ, ૫ કિ.મી. સાયકલીંગ, સંગીત ખુરશી, રંજનાત્મક રમત, રસ્સા ખેંચ જેવી વિવિધ ઈવેન્ટસના આયોજન કરવામાં આવ્યાં તેમજ સ્ટાફ માટે બેડમિંટન તથા લીંબુ ચમચી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં...

**BADMINTON :**

| | | | |
|---|---|---|---|
| **First** | : | **Zaheera A. Quraishi** | (B.Com. SEM-VI) |
| **Second** | : | **Roshni I. Saiyed** | (B.Com. SEM-II) |
| **Third** | : | **Shreya J. Rajpura** | (B.A. SEM-II) |

**CHESS :**

| | | | |
|---|---|---|---|
| **First** | : | **Rukhsanaben Y. Mansuri** | (B.Com. SEM-IV) |
| **Second** | : | **Poonam A. Paranaliya** | (B.A. SEM-VI) |
| **Third** | : | **Mubbsshira A. Shaikh** | (B.Com. SEM-II) |

**CARROM :**

| | | | |
|---|---|---|---|
| **First** | : | **Sukaina A. Lakhani** | (B.Com. SEM-II) |
| **Second** | : | **Seeta N. Madrecha** | (B.Com. SEM-IV) |
| **Third** | : | **Saniya D. Advani** | (B.Com. SEM-II) |

**50 M. RUN :**

| | | | |
|---|---|---|---|
| **First** | : | **Urmi J. Parmar** | (B.A. SEM-II) |
| **Second** | : | **Surekha D. Chauhan** | (B.A. SEM-II) |
| **Third** | : | **Vaidehi P. Gohil** | (B.Com. SEM-II) |

**100 M. RUN :**

| | | | |
|---|---|---|---|
| **First** | : | **Urmi J. Parmar** | (B.A. SEM-II) |
| **Second** | : | **Surekha D. Chauhan** | (B.A. SEM-II) |
| **Third** | : | **Muskan A. Chaudhri** | (B.A. SEM-IV) |

**SHOT PUT :**

| | | | |
|---|---|---|---|
| **First** | : | **Farhin A. Shaikh** | (B.Com. SEM-IV) |
| **Second** | : | **Nikita N. Dabhi** | (B.A. SEM-IV) |
| **Third** | : | **Nafisa C. Fakir** | (B.Com. SEM-II) |

**SKIPPING ROPE :**

| | | | |
|---|---|---|---|
| **First** | : | **Mahin M. Shaikh** | (B.Com. SEM-II) |
| **Second** | : | **Vaidehi P. Gohil** | (B.Com. SEM-II) |
| **Third** | : | **Disha V. Prajapati** | (B.Com. SEM-II) |

**SLOW CYCLING :**

| | | | |
|---|---|---|---|
| First | : | **Alka B. Gohil** | (B.A. SEM-II) |
| Second | : | **Hinal V. Makwana** | (B.Com. SEM-VI) |
| Third | : | **Mehroz M. Shaikh** | (B.Com. SEM-VI) |

**5 KM CYCLING :**

| | | | |
|---|---|---|---|
| First | : | **Surekha D. Chauhan** | (B.A. SEM-II) |
| Second | : | **Sapana M. Dabhi** | (B.A. SEM-II) |
| Third | : | **Urmi J. Parmar** | (B.A. SEM-II) |

**MUSICAL CHAIR :**

| | | | |
|---|---|---|---|
| First | : | **Amruta M. Hublikar** | (B.Com. SEM-IV) |
| Second | : | **Nafisa C. Fakir** | (B.Com. SEM-II) |
| Third | : | **Sangeeta R. Gohel** | (B.A. SEM-II) |

**RECREATION GAME :**

| | | | |
|---|---|---|---|
| First | : | **Nafisa C. Fakir** | (B.Com. SEM-II) |
| Second | : | **Nikita N. Dabhi** | (B.A. SEM-VI) |
| Third | : | **Radha S. Gupta** | (B.A. SEM-II) |

**LEMAN-SPOON :**

| | | | |
|---|---|---|---|
| First | : | **Shri N. R. Damor** | Staff |
| Second | : | **Dr. G. M. Anjara** | Staff |
| Third | : | **Dr. Shital B. Rathod** | Staff |

**TUG OF WAR :**

| | | | |
|---|---|---|---|
| First | : | **Amruta M. Hublikar** | (B.Com. SEM-IV) |
| | | **Sapana M. Dabhi** | (B.A. SEM-II) |
| | | **Aafiya H. Attarwala** | (B.A. SEM-II) |
| | | **Vaidehi P. Gohil** | (B.Com. SEM-II) |
| | | **Shruti G. Parekh** | (B.Com. SEM-II) |
| | | **Shifa N. Mansuri** | (B.Com. SEM-II) |
| | | **Shahin I. Momin** | (B.A. SEM-IV) |
| | | **Reshma I. Shaikh** | (B.Com. SEM-II) |
| Second | : | **Farhin A. Shaikh** | (B.Com. SEM-IV) |
| | | **Sangeeta R. Gohel** | (B.A. SEM-II) |
| | | **Surekha D. Chauhan** | (B.A. SEM-II) |
| | | **Alka B. Gohil** | (B.A. SEM-II) |
| | | **Nafisa C. Fakir** | (B.Com. SEM-II) |
| | | **Amina S. Shaikh** | (B.Com. SEM-II) |
| | | **Bansari H. Parmar** | (B.Com. SEM-II) |

| | | | |
|---|---|---|---|
| | | **Vanshisha P. Shah** | (B.A. SEM-II) |
| **Third** | **:** | **Radha C. Chaudhary** | (B.A. SEM-IV) |
| | | **Poonam R. Sharma** | (B.A. SEM-IV) |
| | | **Nehal V. Bharwad** | (B.Com. SEM-II) |
| | | **Tanzim M. Saiyed** | (B.Com. SEM-IV) |
| | | **Aashiyana H. Fakir** | (B.A. SEM-II) |
| | | **Seema I. Shaikh** | (B.Com. SEM-II) |
| | | **Asha A. Gondaliya** | (B.Com. SEM-II) |
| | | **Disha P. Patel** | (B.Com. SEM-II) |

વાર્ષિક રમતોત્સવમાં કોઈ એક વિદ્યાર્થિની વધુમાં વધુ ચાર ઈવેન્ટ્સમાં ભાગ લઈ શકે, અને ચારેય ઈવેન્ટ્સમાં વધુમાં વધુ પોઈન્ટસ (પ્રથમ-૫ પોઈન્ટસ, દ્વિતીય-૩ પોઈન્ટસ અને તૃતીય-૧ પોઈન્ટસ) મેળવનાર ખેલાડીને BEST ATHLETE જાહેર કરવામાં આવે છે. જેમાં આ વર્ષે **સુરેખા ડી. ચૌહાણને 'BEST ATHLETE' ટ્રોફી એનાયત** કરવામાં આવી. તે જ રીતે બીજા ક્રમે સૌથી વધુ પોઈન્ટસ મેળવનાર ખેલાડીને 'RUNNER UP ATHLETE' જાહેર કરવામાં આવે છે. આ વર્ષે **ઉર્મિ જે. પરમારને 'RUNNER UP ATHLETE' ટ્રોફી એનાયત** કરવામાં આવી... આ ઉપરાંત વાર્ષિક રમતોત્સવની દરેક ઈવેન્ટ્સમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર ખેલાડીને ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં.

- તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતર કૉલેજ ચેસ સ્પર્ધાની સબ કમિટીની મિટીંગ કૉલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. શૈલજા ધ્રુવની અધ્યક્ષતામાં કરવામાં આવી, જેમાં ગુજરાત યુનિવર્સિટી સ્થાનિક રમત સમિતિના મંત્રીશ્રી ડૉ. એ. જે. પરમાર, સહમંત્રી ડૉ. મુકેશકુમાર બારૈયા તથા અન્ય સભ્યશ્રીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમનું આયોજન કર્યું હતું.
- તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ કૉલેજ વાર્ષિક રમતોત્સવના ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલ તથા ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. શૈલજા ધ્રુવ ઉપસ્થિત રહી, વિવિધ ઈવેન્ટ્સમાં વિજેતા થયેલ ખેલાડીઓને ઈનામો તથા પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કર્યા. આ પ્રસંગે કૉલેજના અધ્યાપકશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં.

કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. મુકેશકુમાર બારૈયાએ કર્યું.

**સાહસિક પ્રવૃત્તિઓઃ**

- તા. ૯ - ૧૩ મે, ૨૦૨૨ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા માઉન્ટઆબુ ખાતે એડવાન્સ ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ફરહાના શેખે કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૬ - ૧૪ જૂન, ૨૦૨૨ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા 'Sunder Dhunga Glacier Camp' નું

આયોજન બાગેશ્વર, ઉત્તરાખંડ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મિતવા ડી. ચૌહાણ તથા ફરહાનાબાનુ એ. શેખે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૯ - ૧૨ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા વ્યારા ખાતે ફોરેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મિતવા ચૌહાણ અને ફરહાના શેખે કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧૭ - ૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય માઉન્ટેન્રીંગ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ ખાતે બેઝિક ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સપના ડાભી, સુરેખા ચૌહાણ અને શ્વેતા મિસ્ત્રીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૫ - ૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા બેટ દ્વારકા ખાતે મરીન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દિશા વી. પ્રજાપતિએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

### ❑ ડૉ. મુકેશકુમાર બારૈયાઃ

- તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ Global Indian International School, Ahmedabad દ્વારા આયોજીત 'Investiture ceremony of student council' માં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં.
- તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ Institute of Journalism and Communication દ્વારા આયોજીત Foreign students Association programme - sports events માં મુખ્ય મહેમાન અને રેફરી તરીકે ઉપસ્થિત રહ્યાં.
- તા. ૨૦ - ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન Indian Institute of Teacher Education, Gandhinagar દ્વારા ખેલકૂદ રમતોત્સવમાં નિર્ણાયક અને પસંદગી સમિતિના સભ્ય તરીકે ઉપસ્થિત રહ્યાં.
- તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ નિરમા યુનિવર્સિટી, અમદાવાદ ખાતે આયોજીત 'Annual Sports meet-2022-23' માં નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યાં.
- તા. ૨ - ૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી સ્થાનિક રમત સમિતિ દ્વારા માઉન્ટ આબુ ખાતે આયોજીત Faculty development programme and workshop on "Sports officiating and Eligibility Rules & Regulationsમાં ઉપસ્થિત રહ્યાં.
- તા. ૪ - ૫ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન ગુજરાત રાજ્ય યુનિવર્સિટીઝ અને કૉલેજ શારીરિક શિક્ષણ અધ્યાપક મંડળ દ્વારા આયોજીત National Seminar on 'Emerging Trends, Challenges and Solutions in Physical education' માં 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ના પરિપ્રેક્ષ્યમાં રમત અને શારીરિક શિક્ષણ' શીર્ષક હેઠળ સંશોધનપત્ર પ્રસ્તુત કર્યું. આ ઉપરાંત કાર્યક્રમ આયોજન સમિતિ અને પ્રકાશન સમિતિમાં સક્રિય ભૂમિકા ભજવી.

- તા. ૫ - ૭ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન શ્રીમતિ એ.પી. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નરોડા દ્વારા માઉન્ટ આબુ ખાતે આયોજીત International Conference on 'New Education Policy - 2020 and its Ethical Impact' માં 'Sports Communication : The way to create a sports culture' શીર્ષક પર સંશોધનપત્ર પ્રસ્તુત કર્યુ.

  આ ઉપરાંત એક ટેકનિકલ સેશનમાં Co-chair person તરીકે ભૂમિકા ભજવી.

- તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ એચ.કે. કૉમર્સ કોલેજ, અમદાવાદ દ્વારા આયોજીત વાર્ષિક રમતોત્સવમાં નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યાં.
- તા. ૧ - ૫ એપ્રિલ, ૨૦૨૩ દરમિયાન Swami Vivekanand Subharti University, Meerut (U.P.) દ્વારા આયોજીત All India Inter University Shooting Championship માં ગુજરાત યુનિવર્સિટી ટીમના કોચ - મેનેજર તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી.
- **પ્રકાશન :**

  **પેપર**

➡ **રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦** ના પરિપ્રેક્ષ્યમાં રમત અને શારીરિક શિક્ષણ; SOHAM - an International Multidisciplinary Peer Reviewed Research Journal; ISSN - 2350 - 0697, Impact Factor-5.645.; Dr. Dikhush Patel (Editor in Chief) Volume-34; Issue :1 Oct-Dece-2022; Page - 116-120.

➡ 'Sports communication : The way of create a sports culture; SOHAM - an International Multidisciplinary Peer Reviewed journal; ISSN - 2350 - 0697; Impact Factor-5.645; Dr. Bikhush Patel (Editor in Chief); Volume-34; Issue-2; Oct - Dece-2022; Page : 79 - 80.

- ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજીસ શારીરિક શિક્ષણ અધ્યાપક મંડળના કારોબારી સભ્ય તરીકે સક્રિય રૂપે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સ્થાનિક રમત સમિતિમાં સહમંત્રી તરીકે વરણી થતાં સક્રિય પણે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની વિવિધ રમત સમિતિઓ અને પસંદગી સમિતિઓમાં સક્રિય રૂપે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી તથા ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

---

**આમ, વર્ષ દરમિયાન કૉલેજ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી રહી.**

**વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી આ કૉલેજની તમામ પ્રકારની પ્રવૃત્તિઓ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા પ્રચાર-પ્રસાર પામી.**

## First Year Admission Process







## Sem-I : BA & B.Com Orientation Programme / Welcome






# SLU Collegeના યજમાન પદે આયોજિત

## Symposium : The NEP : 2020 : Prospects and Challenges



આવકાર આપતા કો. ઓર્ડિનેટર ડૉ. મુકેશકુમાર બારૈયા



Symposium ની રૂપરેખા આપતા ડૉ. ચંદ્રિકા રાવલ

## અભિવાદન...

મુખ્ય વક્તા



ડૉ. વિદ્યુત જોશી

સંકલનકર્તા



ડૉ. રાજસી કલાર્ક

As a resource persons



ડૉ. ગુરુદત્ત જપ્પી



ડૉ. કરસનભાઈ ચોથાણી



સ્વાગત ઉદ્‌બોધન કરતાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ



# SLU College યજમાન પદે આયોજિત

## Symposium : The NEP : 2020 : Prospects and Challenges

### વકતવ્ય...









### સંકલન...



### સમાપન...





## Institutional Development Plan (IDP) અંતર્ગત ...



વિચાર વિમર્શ સહ માહિતી સંગ્રહણ કરતા ઈનચાર્જ પ્રિ.ડૉ. શૈલજા ધ્રુવ, કૉ. ઓર્ડિનેટર- ડૉ. કંદર્પ ચાવડા,
કૉ-કૉ. ઓર્ડિનેટર - ડૉ. મુકેશકુમાર બારૈયા, સલાહકાર - ડૉ. ચંદ્રિકા રાવલ, માનદ્‌મંત્રીશ્રી, ગુ.સ્ત્રી.કે.મંડળ
તથા વહીવટી સહાયક કર્મચારીઓ

## Climate Change અંતર્ગત ...

### Group Discussion



### Elocution Competition



## G-20 અંતર્ગત ... Competitions



# Innovation Club અંતર્ગત ...

## કૉલેજ પરિસરમાં Amrut Navsarjan Training ના નેજા હેઠળ Prabodh Level Training ઉદ્‌ઘાટન...







આભાર વ્યક્ત કરતાં કૉ-કૉર્ડિનેટર
ડૉ. શ્વેતા ઝાલા

આવકાર આપતા કૉ.-ઓર્ડિનેટર
ડૉ. મુકેશકુમાર બારૈયા

ઉદ્‌બોધન કરતાં ઈનચાર્જ પ્રિ.
ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. રશ્મિ સોની

## શ્રી કિશોર રાઠોડ (માસ્ટર ટ્રેનર) દ્વારા તાલીમ લેતા સહભાગીદારો.....







# Innovation Club અંતર્ગત ... વ્યાખ્યાન : 'New Start up : A Success Story



આવકાર આપતા કૉ.-ઓર્ડિનેટર ડૉ. મુકેશકુમાર બારૈયા          અભિવાદન ઝીલતા મંચસ્થજનો



મુખ્ય વક્તા : શ્રી પાયલ પાઠક (Show : Shark Tank India, ફંડિંગ મેળવનાર)



કૉલેજમાં આયોજિત તાલીમના સહભાગીદારોને પ્રમાણપત્ર એનાયત



KCG આયોજિત 'Innovation Club' અંતર્ગતના FD Programme માં સહભાગી કૉ.કૉર્ડિનેટર ડૉ. શ્વેતા ઝાલા

# સપ્તધારા...



મહેંદી સ્પર્ધા

નિર્ણાયકો : શ્રી કોમલ શાહ, શ્રી ઈન્દુ રાઠોડ



રંગોળી સ્પર્ધા



ડિબેટ સ્પર્ધા



Quiz



નિબંધ સ્પર્ધા



પાદપૂર્તિ સ્પર્ધા

# સપ્તધારા...

રંગકલા કૌશલ ધારા



કૉલાજ સ્પર્ધા



પોસ્ટર મેકિંગ સ્પર્ધા



નિર્ણાયક : શ્રી નયના મેવાડા



હળવું કંઠય સંગીત સ્પર્ધા



કાવ્ય પઠન સ્પર્ધા



એકપાત્રિય અભિનય સ્પર્ધા



સાયકલિંગ સ્પર્ધા





વ્યાયામ - યોગ ખેલકૂદ ધારા : સ્પર્ધકો

# સપ્તધારા... ઈનામ વિતરણ...

## અભિનંદન પાઠવતાં...









ઈનચાર્જ પ્રિન્સિપાલ
ડૉ. શૈલજા ધ્રુવ

ડૉ. ચંદ્રિકા રાવલ
માનદ્ મંત્રીશ્રી-ગુજરાત સ્ત્રી
કેળવણી મંડળ

ઉદ્ઘોષક
ડૉ. વર્ષા પ્રજાપતિ

## વિજયી ભવઃ ...



# સપ્તધારા... વિજયી ભવઃ ...





ઉદ્‌ઘોષક : ડૉ. મુકેશકુમાર બારૈયા














રાધા ચૌધરી - SLU College
Kala Kaushal Trophy એનાયત



ખુશખુશાલ
વિજેતાઓ...



# Days ઉજવણી ...











## અભિવ્યકિત : ૨૦૨૩













## ઈનામ વિતરણ : ૨૦૨૩ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ



ટ્રોફી એનાયત - ખુશખુશાલ વિદ્યાર્થિનીઓ






શુભેચ્છા પાઠવતાં ઈનચાર્જ
પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ

# નવરાત્રિ મહોત્સવ ... સહયોગ : સોની હેન્ડીક્રાફ્ટ, અમદાવાદ



નિર્ણાયકો : ડૉ. જલ્પા ગજ્જર, શ્રી તપસ્વિની ગજ્જર

# નવરાત્રિ મહોત્સવ ...









શૌર્યગાન સ્પર્ધામાં દ્વિતીય સ્થાને વિજેતા
- દીપિકા જાદવ



SLU College: Soor Sangeet Trophy
એનાયત - દીપિકા જાદવ

## IBS-ICFAI એનાયત - અંતર્ગત...







2023 : Teacher's Day
Best Message Contestમાં
ભાગ લેતી વિદ્યાર્થિનીઓ

નિર્ણાયકો : ડૉ. રશ્મિ સોની
ડૉ. નિશા જોષી, ડૉ. અર્ચના પંડ્યા

વિજેતા વિદ્યાર્થિનીઓ



Om Stationery Hub, Ahmedabadના
સહયોગથી વિદ્યાર્થિનીઓ માટે Help Desk



સ્વ. ડૉ. હરિણી રામિલ દીવાનજી મેમોરિયલ ફાઉન્ડેશન તરફથી
આર્થિક સહાય મેળવતી વિદ્યાર્થિનીઓ

## ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર : અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત...



પૂર્વ તૈયારી



## નિમણૂંક :

### ડૉ. શ્વેતા વિરેન્દ્રસિંહ ઝાલા (ભૂગોળ)







### ડૉ. આશાબેન પરસોત્તમભાઈ રાઠવા (અર્થશાસ્ત્ર)







### ડૉ. કંદર્પ દિલીપભાઈ ચાવડા (કોમર્સ ઍન્ડ એકાઉન્ટન્સી)







### ડૉ. ટ્વીન્કલબેન કાનજીભાઈ ચૌધરી (અર્થશાસ્ત્ર)







# હોમસાયન્સ વિભાગ...



ગુજ. યુનિ. SEM-V&VI (સંયુક્ત) પરિણામમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતી દીધિતી દવે



ગાંધીનગરમાં આયોજિત National Seminarમાં પેપર રજૂ કરતા ડૉ. નયના પ્રજાપતિ



બોર્ડ ઑફ સ્ટડીઝ (હોમ સાયન્સ)ની મીટિંગમાં ઉપસ્થિત ડૉ. નયના પ્રજાપતિ

# हिन्दी विभाग...

हिन्दी दिवस का जश्न



# માનસશાસ્ત્ર વિભાગ...




બી.એમ. ઈન્સ્ટિટયૂટ ઑફ મેન્ટલ હેલ્થ, અમદાવાદ



International Conferenceમાં ડૉ. નીતા પટેલ સહભાગી

# ઈતિહાસ વિભાગ...



International Conference માં વિચારો રજૂ કરતાં ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ



'હડપ્પીયન સંસ્કૃતિ' વિષયક સેમિનારમાં સહભાગી વિદ્યાર્થિનીઓ

# અર્થશાસ્ત્ર વિભાગ...



ભાવનગરમાં આયોજિત FDPમાં સહભાગી ડૉ. આશા રાઠવા તથા ડૉ. ટ્વીન્કલ ચૌધરી



ગાંધીનગરમાં આયોજિત National Seminarમાં પેપર રજૂ કરતાં ડૉ. ટ્વીન્કલ ચૌધરી

# કોમર્સ વિભાગ...

**શૈક્ષણિક મુલાકાત... Kautilya Museum of Accountancy, School of Commerce, Gujarat University**





## સેમિનાર...



Shri Pravinsinh Pawar - STPC Banking Jobs




'Sustainable Development Goals' વિષયક રજૂઆત

## Workshop...



Shri Amit Prajapati & Dr. Pallavi Mittal
- IBS - ICFAI Business School

## Competition



આયોજકો, સહભાગીદારો, વિજેતાઓ

## વ્યાખ્યાન



ડૉ. સોનલ મોદી 'NSS' વિષયક (Soft Skill)

# UDISHA/Skill Development... અંતર્ગત સેમિનાર/Workshop

## How to Crack Competitive Exam




Shri Harendra Chaudhary - Examshala, Ahmedabad

## Career Counseling and Opportunities




Shri Parth Vyas, Shri Amarshil, Shri Niyati Kelkar - Panache' Academy, Ahmedabad

## Web Designing Courses




Shri Shobhit & Shri Naina Oza - Kshitij, Vivan, Ahmedabad

## Career & Skill Development



Anudip Foundation, Ahmedabad

## Various Hard & Soft Skills



Dr. Vibha Dwivedi, Faculty - Kadi Sarva Vishwavidhyalaya, Gandhinagar

## Vision GPSC : 2022




સહભાગી : વિદ્યાર્થિનીઓ

## TPO Meet...




સહભાગી : શ્રી પાયલ શાહ

# ભૂગોળ વિભાગ... શૈક્ષણિક મુલાકાત










**Udan Project અંતર્ગત Mudra Port**

## ભૌગોલિક શૈક્ષણિક પ્રવાસ : 'ગીરના જંગલો'



કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ



કિલ્લો, દીવ



ગળધરા, ખોડીયાર ડેમ, ધારી



ધાણાની ખેતી, ઉના

# ભૂગોળ વિભાગ... યજમાન પદે આયોજિત, પ્રા. જલિનીબહેન કે. પટેલ પ્રાયોજિત...

## ગુજરાત ભૂગોળ મંડળ - વ્યાખ્યાન શ્રેણી પ્રથમ મણકો




પ્રા. જલિનીબહેન પટેલ



શ્રી સોમાભાઈ પટેલ



ડૉ. ચંદ્રિકા રાવલ



ડૉ. જે. જી. રંગીયા



વક્તા : ડૉ. જે. જી. રંગીયા : 'ગુજરાતના આર્થિક વિકાસમાં ભૌગોલિકતત્ત્વોની ભૂમિકા'



પ્રા. ઘનશ્યામ અંજારા : Ph.D. પદવી પ્રાપ્ત કરતાં અભિનંદન પાઠવતા એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો

# ગુજરાતી વિભાગ...

## ગુજરાતી વિભાગના યજમાનપદે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા











2 Ahmedabad City

Saturday, 17 September, 2022

વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા કાર્યક્રમનું આયોજન

## વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણી...







વક્તા : શ્રી નિસર્ગ આહીર

## શૈક્ષણિક મુલાકાત...







સાબરમતી આશ્રમ, અમદાવાદ





એમ.જે. લાયબ્રેરી, અમદાવાદ

# ગુજરાતી વિભાગ...

## અતિથિ વ્યાખ્યાન :



વક્તા : ડૉ. નિયતિ અંતાણી - 'છંદ' વિષયક

## ડૉ. વર્ષા પ્રજાપતિ... સ્વ-રચિત કાવ્ય પઠન...



આણંદ કૉલેજ



Gujarat First News Channel





સાહિત્ય પંચામૃત:૨૦૨૩



'વ્હાલા સાથે વાળુ' - ગૂજરાત વિદ્યાપીઠ

## નિર્ણાયક તરીકે...



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.
યુથ ફેસ્ટિવલ, કાવ્યપઠન સ્પર્ધા



કાવ્યપઠન સ્પર્ધા
ગૂજરાત વિદ્યાપીઠ

## મુખ્ય મહેમાન તરીકે



સાહિત્ય સંગમ ગ્રુપ આયોજિત કાવ્યગોષ્ઠિ

# ગુજરાતી વિભાગ...

## ડૉ. વર્ષા પ્રજાપતિ... સન્માનિત...



જૂઈ મેળો ૨૦૨૩ - ઈન્દોર ખાતે
શ્રીમતી કોકિલ-હીરા કાવ્યકલા પારિતોષિકથી સન્માનિત



માતૃ સંસ્થા - નરોડા કૉલેજના 'તેડૂ' કાર્યક્રમમાં પૂર્વ
વિદ્યાર્થિનીના નાતે સન્માનિત

## વક્તા તરીકે ...




'સાત રંગના સરનામે' કાર્યક્રમ



ગુજરાત આર્ટ્સ એન્ડ
કોમર્સ કૉલેજ (સાંજ)



અધ્યાપક સજ્જતા શિબિર
ગૂજરાત વિદ્યાપીઠ



ભારતીય સમુદાય
શિક્ષણ સંઘ

## સર્જક તરીકે...



GTPL-282

## સંચાલક તરીકે...



કવિ સંમેલન, લુણાવાડા

# સમાજશાસ્ત્ર વિભાગ...



Guest Lecture ડૉ. યોગેશ રાજગોર :
'માધ્યમ સંસ્કૃતિની સામાજિક અસર'



International Conferenceમાં સહભાગી







Presentation Competitionના વિજેતાઓ

## શૈક્ષણિક મુલાકાત ....





આદિવાસી મ્યુઝિયમ



ગાંધી આશ્રમ





અખંડ જ્યોત ફાઉન્ડેશન



મિનલ કોઠારી લાયબ્રેરી

## સમાજશાસ્ત્ર વિભાગ... દિન ઉજવણી



વિશ્વ આદિવાસી દિવસ તથા National Librarian's Day

## ચર્ચા



રાષ્ટ્રીય કન્યા દિવસ તથા રાષ્ટ્રીય મતદાર દિવસ

## ડૉ. શૈલજા ધ્રુવ...




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ




પેપરની રજૂઆત




પેપરની રજૂઆત



પ્રતિભાવ આપતા




ગુજરાત વિદ્યાપીઠમાં આયોજીત પરિસંવાદમાં સહભાગી



With ડૉ. ચંદ્રિકા રાવલ



National Conference, અમદાવાદમાં સહભાગી

## CWDC/ICC અંતર્ગત... Orientation Programme








અબ ખામોશી ક્યોં ? ડૉક્યુમેન્ટરી નિહાળતી વિદ્યાર્થિનીઓ

## Guest Lecture on Menstrual Hygiene




**by : Dr. Rajal Thaker**
**- (Professor ObGym - SCL Hospital, NHL Municipal Medical College, Ahmedabad)**

# CWDC/ICC અંતર્ગત...

**AADAR ના સહયોગથી આયોજિત વ્યાખ્યાન : 'સ્વાસ્થ્ય જાળવણીમાં આયુર્વેદની ભૂમિકા'**



**વક્તા : Vaidya Neha Modh - (Medical Officer - Civil Hospital, Asarva, Ahmedabad)**

# WDC/ICC નેજા હેઠળ કાર્યક્રમોમાં ઉપસ્થિત...

**Regional Consultation Meet**



ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. નયના પ્રજાપતિ

**International Women's Day : 2023 Celebration**



ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદી

**An Awareness Programme**



ડૉ. શૈલજા ધ્રુવ



**The Study regarding Endometriosis - Research Project અંતર્ગત Awareness Programmeમાં સહભાગી વિદ્યાર્થિનીઓ**

**Symposium**



ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદી તથા વિદ્યાર્થિનીઓ

# NSS અંતર્ગત... Orientation Programme






ઉપસ્થિત : શ્રી અશ્વિન આણદાણી, ડૉ. ચંદ્રિકા રાવલ

## પોલિયો નાબૂદી અભિયાન














પોલિયો રસીકરણ અભિયાન હેઠળ તાલીમ અને અમલીકરણ

## ધ્વજવંદન... ગુજરાત યુનિવર્સિટી









## ઐતિહાસિક સ્થળની મુલાકાત...




સત્યાગ્રહ આશ્રમ કોચરબ






Activity Center



ગાંધી આશ્રમ

# NSS અંતર્ગત... Workshop







આયોજક : Indian Red Cross Society & NSS Unit, Guj. University સહભાગી - ડૉ. સોનલ મોદી તથા વિદ્યાર્થિનીઓ

## વૃક્ષારોપણ





## Guest Lecture



ડૉ. ચંદ્રિકા રાવલ : 'પર્યાવરણની જાળવણી'

## રક્ષાબંધન પર્વની ઉજવણી





એલિસબ્રિજ પોલીસ સ્ટેશન

## NSS Day ઉજવણી






સ્થાપના દિન (૨૪ સપ્ટેમ્બર)

## સેમિનાર




એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના NSS વિભાગના યજમાનપદે : 'નેતૃત્વ અને વ્યક્તિત્વ વિકાસ' વિષયક

# NSS અંતર્ગત...

## સ્વચ્છતા અભિયાન

## રાષ્ટ્રીય મતદાર દિવસ



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જાહેરનામાના વિતરણ માટે સજ્જ



'સ્વચ્છતા' પ્રતિજ્ઞા



પ્રતિજ્ઞા : મતદાતા કાર્ડ જાગૃતિ
તેમજ અંગદાન-જીવનદાન જાગૃતિ

## સફાઈ અભિયાન...



## શિક્ષક દિન ...



શિક્ષિકાની ભૂમિકા માટે ઉત્સાહી વિદ્યાર્થિનીઓ



શિક્ષિકાની ભૂમિકા

# NSS અંતર્ગત... આઝાદી કા અમૃત મહોત્સવના નેજા હેઠળ આયોજિત





વક્તૃત્વ સ્પર્ધા



દેશભક્તિ ગીત સ્પર્ધા



નિબંધ સ્પર્ધા

## ડૉ. સોનલ મોદી ...





ESI - Sughad - Gandhinagarમાં આયોજિત
'Programme Officer Workshopમાં સહભાગી



Indian Red Cross Society આયોજિત
First Aid Training માં સહભાગી



Road Safety
Training માં
સહભાગી

# રમતગમત વિભાગ...

## Gujarat University Intercollege... Athletics Competitions




Athletics Team - Winners

### Performing Long Jump



આરતી ઠાકોર



બરછી ફેંક - પ્રથમ - સુવર્ણ ચંદ્રક

4 x 400 m Relay



SLU College team

પ્રથમ - સુવર્ણ ચંદ્રક

સુરેખા ચૌહાણ



૪૦૦ મી. દોડ - દ્વિતીય રજત ચંદ્રક



૮૦૦ મી. દોડ - તૃતીય કાંસ્ય ચંદ્રક



૧૫૦૦ મી. દોડ - તૃતીય કાંસ્ય ચંદ્રક

### Cycling Competition



SLU College team Runners up

### Cross Country Competition



SLU College team

# રમતગમત વિભાગ... SLU College : Sports Day



ઉદ્‌ઘાટન



ગોળા ફેક સ્પર્ધા



૫૦ મીટર દોડ સ્પર્ધા



૧૦૦ મીટર દોડ સ્પર્ધા



કેરમ સ્પર્ધા



સાયકલિંગ સ્પર્ધા



શૈક્ષણિક સ્ટાફ Lemon - Spoon : સ્પર્ધા

## રમતગમત વિભાગના યજમાનપદે આયોજિત



ગુજરાત યુનિવર્સિટી ચેસ સ્પર્ધા મીટિંગમાં અધ્યક્ષ સ્થાને ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ

# રમતગમત વિભાગ... SLU College : Sports Day વિજેતાઓ...



સંબોધન કરતા ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી-ગુ.સ્ત્રી.કે. મંડળ)
તથા ઉદ્‌ઘોષણા કરતાં ડૉ. મુકેશકુમાર બારૈયા

## વિજયી ભવ: ...





**Best Athlete**



સુરેખા ચૌહાણ

**Runnersup Athlete**



ઉર્મિ પરમાર

# રમતગમત વિભાગ...

## મહાજન શક્તિદળ આયોજિત રાજ્યકક્ષાની ૩ કિ.મી. ક્રોસ કન્ટ્રી દોડ સ્પર્ધા...



SLU Collegeના પટાંગણથી શરૂઆત



SLU College team
ઉપસ્થિતિ : શ્રી સ્નેહાબહેન પટેલ



SLU ની ખેલાડીઓ પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાને

## રાજ્યકક્ષાની કુસ્તી સ્પર્ધા



પ્રિયાંશી રાણા - પ્રથમ સુવર્ણ ચંદ્રક

## આંતરરાષ્ટ્રીય બેડમિંટન સ્પર્ધા, નેપાળ









પ્રથમ - સુવર્ણ ચંદ્રક

દ્વિતીય - રજત ચંદ્રક

SLU College પૂર્વ વિદ્યાર્થિનીઓ

## ડૉ. મુકેશકુમાર બારૈયા...





માઉન્ટ આબુમાં આયોજિત International Conference ની Sessionમાં Chair Person



માઉન્ટ આબુમાં આયોજિત FDPમાં સહભાગી



માઉન્ટ આબુમાં આયોજિત National Seminarમાં as Anchor



Global International School આયોજિત કાર્યક્રમમાં as a Chief Guest



ગુજરાત યુનિ. સ્થાનિક રમત સમિતિના સહમંત્રી તરીકે સંબોધન

# NCC અંતર્ગત...



Lt. Urvashi Sharma - Appointed as a ANO, SLU College (From : 7th September, 2022)




NCC-Entrance Written Test

Preparation for 'B' & 'C' Certificate Exam

MAJ Shashi Singh & Shri Usha Bhatt (GCI), NCC Unit






'B' Certificate Exam Center at SLU College

# NCC અંતર્ગત...



Amruta Hublikar : Best Cadet;
RD Camp માં સહભાગી New Delhi




Lt. Urvashi Sharma, honored by Appreciation Certificate from Brigadier N. K. Raijada for Outstanding performance in SSSD



Cadets participation in Punnet Sagar Abhiyan Rally



'Know your Air force' - Exhibition નિહાળતી Cadets

## Dr. Shailaja Dhruva as a NCC - Caretaker... (till 6th September, 2022)



Cadets of 'B' & 'C' certificate: training at SLU College. Assist by Swati Nagla



Cadets of 'B' & 'C' certificate: training at NCC Unit, Law Garden, Ahmedabad



Appreciating Cadets hard work

## Meeting with...

**at NCC Unit**



MAJ Shashi Singh & Shri Usha Bhatt (GCI)



Col Shajan Thomas
Commanding Officer

# Fashion Design Diploma Course...









માર્ગદર્શન આપતા શ્રી અનાર પરીખ

Project અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર થયેલ Garments

Positive Thinking - Video નિહાળતી વિદ્યાર્થિનીઓ

# આહારનો આસ્વાદ...















Aarsi - A Mirror of this College : અંક-૧૭ના વિમોચન પ્રસંગે ઉદ્‌બોધન કરતાં જાણીતા કેળવણીકાર શ્રી મનસુખ સલ્લા




IBS-ICFAI આયોજિત Heads of Institutions Meet





GRC આયોજિત Towards Equity & Equality Workshop

CRY, ISAR, Unicef આયોજિત Strategy and learning Workshop

સહભાગી - ઈનચાર્જ પ્રિ.ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. ચંદ્રિકા રાવલ

## શુભેચ્છા મુલાકાતે...

## પૂર્વ વિદ્યાર્થિનીઓ





ગ્રાહક સુરક્ષા સંકુલના પ્રતિનિધિ શ્રી મેઘાવી જોષી સાથે માહિતી આદાન-પ્રદાન કરતાં ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ

સીમા તિરમીઝી, પ્રીતિ પટેલ

દેવલ દવે ભટ્ટ




અમદાવાદ સ્થિત શાંતિનિકેતન સિનિયર લીવીંગ સંસ્થા તરફથી ભેટરૂપે અપાયેલ ખુરશીઓ
(મધ્યસ્થી : શ્રી જૂલી દેસાઈ, કારોબારી સભ્ય, ગુ.સ્ત્રી.કે.મંડળ)

# પ્રકાશન...

## (આરસી...AARSI)
**A MIRROR OF THIS COLLEGE**












# (આરસી...AARSI)

## A MIRROR OF THIS COLLEGE












# (આરસી...AARSI)

## A MIRROR OF THIS COLLEGE












# (આરસી...AARSI)

## A MIRROR OF THIS COLLEGE















# AARSI A Journal of Social Reflection



# વિદ્યાર્થિની પ્રતિનિધિ મંડળના હોદ્દેદારો
## (૨૦૨૨-૨૦૨૩)



**Shaikh Mariya Mohmmed IIyas**
GS - General Secretary



**Rathod Rajeshvariben Mansangbhai**
CS - Cultural Secretary



**Pathan Sabiyabibi Ashrafkhan**
DS - Debate Secretary



**Kaku Shailja Jayeshkumar**
SS - Sports Secretary



**Mansuri Tazmeenbano Nasim Amed**
Treasurer



**Maheta Palak Dharmendrabhai**
Co-opt., Commerce



**Mistri Shwetaben Dineshbhai**
Co-opt., Arts

# નિવૃત્તિ સન્માન

## ૪૦ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી વયમર્યાદાથી નિવૃત્ત થતા આંકડાશાસ્ત્રના અધ્યાપક

## ડો. જશવંતભાઈ ઠક્કર



"સેવા કરવી એ પણ ભક્તિ છે" અર્થાત્ કોઈકનું કામ કરી આપવાની સત્તા તમારા હાથમાં હોય તો અવશ્ય કામ કરી આપજો. ઈશ્વરનો આભાર માનજો. આ માટે તમારી પસંદગી કરવામાં આવી છે. ભાગ્યશાળીને આવી તક મળે છે. બાકી ધક્કા ખવડાવનારા તો ઘણા છે." - આ બાબતને ચરિતાર્થ કરી શ્રી જશવંતભાઈએ.

તા. ૧૦ જુલાઈ, ૧૯૬૦માં અમદાવાદમાં શ્રીમતી ભાનુબહેન, હરીભાઈ ઠક્કર પરિવારમાં જન્મેલા ડૉ. જશવંતભાઈ ચાર ભાઈભાંડુમાં જેષ્ઠ ભ્રાતા. પ્રાથમિક શિક્ષણ અમદાવાદ સ્થિત અસારવા વિસ્તારની શારદા શિક્ષણ તીર્થમાંથી; માધ્યમિક થી ઉચ્ચત્તર માધ્યમિક સ્વસ્તિક વિદ્યાલયમાંથી મેળવ્યું. ૧૯૭૬ થી ૧૯૮૦ દરમિયાન નવગુજરાત કોમર્સ કૉલેજમાં સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવી BCom (Statistics) ની પદવી પ્રાપ્ત કરી. કોલેજના સમયગાળા દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની સેનેટ - ચૂંટણીમાં વિદ્યાર્થી મતદાતા તરીકે નોંધણી થતા મતદાન કરેલ. ૧૯૮૦-'૮૨ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના School of Commerce માંથી અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવી, ૧૯૮૨માં M.Com (Statistics) ની પદવી મેળવી. નોંધપાત્ર બાબત એ રહી કે સ્નાતક કક્ષાએ સેનેટ-મતદાતા તરીકે ફરજ બજાવનારા ડૉ. જશવંતભાઈએ અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી-સેનેટ સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી, ચૂંટાયા અને સેનેટ સભ્ય તરીકે આરુઢ થયાં.

તા. ૫ જુલાઈ, ૧૯૮૨ના રોજ પાટણ સ્થિત શ્રીમતી તારાબેન સુંદરલાલ રાયચંદ કોલેજમાં અધ્યાપક તરીકે નિમણૂંક થતા, વ્યવસાયિક ક્ષેત્રે પગરવ પાંડ્યા. ૫ જુલાઈ, ૧૯૮૨ થી ૪ ઑગસ્ટ, ૧૯૮૩ દરમિયાન આંકડાશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે કાર્યરત રહ્યાં. વચગાળામાં તા. ૯ ડિસેમ્બર, ૧૯૮૨ના રોજ શ્રી વિનોદાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાઈ, ગૃહસ્થજીવનની શરૂઆત કરી.

તા. ૫ ઑગસ્ટ, ૧૯૮૩ થી એસ.એસ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ ફોર વિમેનમાં કોમર્સ વિભાગમાં આંકડાશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણુંક થતા વ્યવસાયિકક્ષેત્રનું મુખ્ય સ્થળ અમદાવાદ બની રહ્યું.

તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૨માં ગુજરાત યુનિવર્સિટીમાં Business Management /Commerce Subject હેઠળ A Comparative Study in Higher Educational Systems - India and abroad (a services marketing perspective) વિષય અંતર્ગત Ph.D. ની પદવી મેળવી.

સત્તા અને સેવાના સમન્વયરૂપ વ્યક્તિત્વ ધરાવનાર ડૉ. જશવંતભાઈએ વ્યવસાયિક સમયગાળા દરમિયાન ખાસ કરીને ગુજરાત યુનિવર્સિટીના વિવિધ સ્તરે અનેકવિધ હોદ્દાઓના નેજા હેઠળ સક્રિય કામગીરી કરી. જેમ કે,

- અધ્યાપક મંડળના કૉલેજ પ્રતિનિધિ.
- કોમર્સ ફેકલ્ટીના બિનહરિફ Dean તરીકે (૨૭ ડિસેમ્બર, ૨૦૧૯ - ૩૧ ઓક્ટોબર ૨૦૨૨)
- એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્ય,
- Academic Councilના સભ્ય,
- કોમર્સ ફેકલ્ટીની Admission (B.Com, BBA, BCA, MBA - ઈન્ટિગ્રેટડ, MSC, IT તમામ કોર્ષ) Committeeના કન્વીનર; (Off-line-Online પ્રક્રિયા)
- Legal Cellના કન્વીનર,
- ૧૯૮૭ થી સતત અધ્યાપકોની સીટ પર સેનેટ - ચૂંટણીમાં ચૂંટાતા, લગભગ ૩૦ વર્ષ સેનેટ સભ્ય,
- પરીક્ષા શુધ્ધિ સમિતિ, LIC (Local Inquiry Committee) University Squad જેવી મહત્વની વિવિધ સમિતિના સભ્ય,
- બોર્ડ ઓફ સ્ટડીઝ (સ્ટેટીસ્ટીક્સ)ના સભ્ય; ચેરમેન,
- પરીક્ષાલક્ષી (આંકડાશાસ્ત્ર: UG,PG) કમિટિના સભ્ય

.... સક્રિય કામગીરી કરી.

તદ્ઉપરાંત

- ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી (આંકડાશાસ્ત્ર: PG) કામગીરી.
- ૨૦૨૧માં ગુજરાત સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં પાંચ વર્ષ માટે સેનેટ-સભ્ય તરીકે નામનિર્દિષ્ટ (nominate) થતાં ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી કામગીરી
- અધ્યાપકોના પ્રશ્નોના ઉકેલ સંદર્ભે યુનિવર્સિટી તેમજ રાજ્યકક્ષાએ સઘન રજૂઆતો

.... સમાવિષ્ટ રહી.

એસ.એલ.યુ. કૉલેજ તેમજ સંચાલક મંડળ આયોજિત વિવિધ શૈક્ષણિક તેમજ શિક્ષણ સંલગ્ન કાર્યક્રમો તેમજ ભૌતિક સાધન-સગવડ - સુવિધાઓ વગેરેના અનુસંધાનમાં સખાવતો, પ્રાયોજકો, મહેમાનો, મંચસ્થજનો વગેરે આવશ્યકતાઓને પરિપૂર્ણ કરવામાં પોતાના વ્યક્તિગત- સંપર્કોનો લાભ યથાયોગ્ય સમયે આપતા રહ્યાં. એટલું જ નહીં વ્યક્તિગત રીતે આર્થિક સહાયક તરીકે પણ યોગદાન આપી, સંસ્થાકીય નીજી ભૂમિકા ભજવતા રહ્યાં.

હરવા-ફરવાના અને મિત્ર-વર્તુળ સાથે સમય પસાર કરવાના શોખીન જશવંતભાઈએ અમેરિકાના સવિશેષ પ્રવાસો દરમિયાન પણ ટેકનોલોજીના માધ્યમથી પોતાને સોંપાયેલ હોદ્દા સંબંધિત કામગીરી નિભાવતા રહ્યાં, તેમજ ઉપલાથી નીચલા સ્તરે કાર્યરત કર્મચારીઓ તદ્ઉપરાંત સામાન્યજનોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી, મદદરૂપ બનવા કટિબધ્ધ રહ્યાં.

૪૦ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ કાર્યાલય સમયબાદ વયમર્યાદાથી નિવૃત્ત થતા ડૉ. જશવંતભાઈનું નિવૃત્તમય જીવન હંમેશની જેમ પ્રવૃત્તિમય બની રહે એવી શુભેચ્છા સહ્ પ્રભુપ્રાર્થના.

*****

## હોમસાયન્સના અધ્યાપિકા તરીકે ૩૫ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી વયમર્યાદાથી નિવૃત્ત થતા Life Science નિષ્ણાત

## ડૉ. પિંકેશકુમારી ગર્ગ



'સત્યની સ્પર્ધા હોતી નથી, સત્ય સ્પર્ધામાં હોતું નથી, સત્ય સ્પર્ધક નથી, એ નિતાંત છે, નિશ્ચલ છે!' આ ઉકિતને નીજી જીવનમાં કેન્દ્રમાં રાખી ડૉ. પિંકેશબહેને.

તા. ૮ ઓગસ્ટ, ૧૯૬૦માં ભાવનગરમાં શ્રીમતી શકુન્તલાદેવી, વિરેન્દ્રસ્વરૂપ ગર્ગ પરિવારમાં જન્મેલા પિંકેશબહેન એકના એક ભાઈની જયેષ્ઠ ભગિની. મૂળ વતન મથુરા (ઉત્તરપ્રદેશ). પિતા પશ્ચિમ રેલ્વેના એન્જિનીયર તરીકે સરકારી વ્યવસાયમાં જોડાયેલા હોવાથી શિક્ષણના સ્થળો બદલાતા રહ્યાં. રાજસ્થાન, ગુજરાત તેમજ ઉત્તરપ્રદેશની વિવિધ શાળામાંથી શિક્ષણ મેળવ્યું. મારવાડ (રાજસ્થાન)ની પ્રાથમિક શાળામાંથી ૩ ધોરણ સુધી પ્રાથમિક શિક્ષણ, ગુજરાતના રાજકોટની માધ્યમિક શાળામાંથી ધોરણ-૪ અને મહેસાણાની માધ્યમિક શાળામાંથી ધોરણ-૫ થી ૮ સુધીનું શિક્ષણ મેળવ્યું. ઉત્તરપ્રદેશ સ્થિત ખુર્જા શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાંથી ધોરણ-૯ અને બુલન્દ શહેરની આદર્શ વૈદિક ઈન્ટરમીડીએટ કૉલેજ, કરોરામાંથી $10^{th}$ Boardની પરીક્ષા આપી, ઉત્તિર્ણ થયાં. Science Streamના વિદ્યાર્થિની હોવાને લીધે Pre University થી B.Sc. સુધીનું શિક્ષણ Botany વિષય સાથે અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન M.G. Science Institute માંથી મેળવી, ૧૯૭૮માં B.Sc. (Botany) સાથે સ્નાતક થયાં. સમગ્ર યુનિ.માં B.Sc. (Botany) માં બીજો ક્રમ હાંસલ કરેલ. નોંધપાત્ર બાબત એ રહી કે કૉલેજના ત્રીજા વર્ષમાં પિતાની બદલી રાજસ્થાન થતા રહેઠાણની વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ગવર્મેન્ટ લેડીઝ હોસ્ટેલ, એલિસબ્રિજમાં પ્રવેશ મેળવી, સ્નાતકકક્ષાનું શિક્ષણ પૂર્ણ કરેલ. ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના School of Sciences ના Botany Department માંથી M.Sc., M.Phil તેમજ Ph.D ની પદવી પ્રાપ્ત કરી. સમગ્ર અનુસ્નાતકનું શિક્ષણ ગુજરાત યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાંથી તેમજ Teacher's ફેલોશીપ અંતર્ગત મળેલ યુનિવર્સિટીના સ્ટાફ ક્વાર્ટસમાં રહી, મેળવ્યું. ૧૯૭૮-૧૯૮૦ દરમિયાન M.Sc. (Botany); 1980-'81 માં M.Phil - Botany (Plant Physiology) ની પદવી મેળવી.

૧૯૮૧-૧૯૮૫ દરમિયાન Botany-Plant Physiology અંતર્ગત Seed size studies in Maize and Soyabean વિષય પર સંશોધનાત્મક મહાનિબંધ સુપ્રત કરી, ૧૯૮૫માં Ph.D ની પદવી પ્રાપ્ત કરી. Ph.D શિક્ષણ દરમિયાન ૧૯૮૨-૧૯૮૩માં Gujarat State, Government Scholarship તેમજ ૧૯૮૩-૮૫ માં UGC અંતર્ગતની JRF (Junior Research Fellowship) મળતા, નિયમાનુસારના કાર્યો નિષ્ઠાથી નિભાવ્યાં.

તા. ૫ સપ્ટેમ્બર, ૧૯૮૫ના રોજ RA Bhavan's Science College માં સબસ્ટીટ્યૂટ વેકેન્સીમાં હંગામી ધોરણે નિમણૂંક થતાં વ્યવસાયિક ક્ષેત્રે પ્રવેશ કર્યો. આ સમયગાળા દરમિયાન B.Sc. અને M.Sc. ના વિદ્યાર્થીઓ માટે આયોજિત મધ્યપ્રદેશ (પંચમઢી-ઉજ્જૈન, જબલપૂર, ભેડાઘાટ) તેમજ સૌરાષ્ટ્ર (ઓખા, દ્વારકા, મીઠાપૂર, ભાવનગર)ની Botany Study tours માં લેડી એસ્કોર્ટ તેમજ વિષય નિષ્ણાત તરીકે માર્ગદર્શકરૂપ ભૂમિકા ભજવી. તેમજ ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં જીવવિજ્ઞાન વિષય અંતર્ગત કામગીરી કરેલ. તા. ૩૦ નવેમ્બર, ૧૯૮૭ના રોજ એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનના હોમસાયન્સ વિભાગમાં General Science વિષયના વ્યાખ્યાતા તરીકે નિમણૂંક થતા, કાર્યરત બન્યા ત્યારે આ કૉલેજના હોમસાયન્સ વિભાગના પ્રથમ Ph.D પદવી ધારક તરીકેની નોંધ પણ લેવાઈ. તા. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ હૈદરાબાદના વતની Dr. Nagendra Prasad Dosapaty (Research Assistant, IFCO, Kalol) સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગૃહસ્થજીવનની શરૂઆત કરી.

અધ્યાપન કાર્યકાળ દરમિયાન હોમસાયન્સના અભ્યાસક્રમમાં સવિશેષરૂપે તેમના General Science વિષયક વિવિધ બાબતોની મહત્વપૂર્ણ જાણકારીનો લાભ વિદ્યાર્થિનીઓને મળતો રહ્યો. વિષય નિષ્ણાતને નાતે રેડિયો દ્વારા પણ વિષયોચિત પોતાના જ્ઞાનનો લાભ આપ્યો.

સ્થાનિકથી આંતરરાષ્ટ્રીય કક્ષાના 'હોમસાયન્સ' અંતર્ગતના Seminar, Webinar, Workshop, Conference વગેરેમાં સહભાગી બન્યા, પોતાના સંશોધનાત્મક વિષયને લગતા પેપર રજૂ કર્યા. જેમાના કેટલાંક વિષયયોચિત Journal માં પણ પ્રકાશિત કર્યા.

અધ્યાપનના વચગાળામાં ૧૯૯૫માં જીવનસાથી ડૉ. નાગેન્દ્ર પ્રસાદ દોસાપાટીનુ અકાળે અવસાન થતાં કારમા આઘાતને ઝીલી લઈ, સિંગલ પેરેન્ટ તરીકે ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી.

હોમસાયન્સના વિદ્યાર્થીઓને ઉપયોગી બનવાના આશયથી અભ્યાસક્રમને અનુલક્ષીને 'જીવવિજ્ઞાન' શિર્ષક હેઠળ ૨૦૦૧-૨૦૦૨ માં પુસ્તક પ્રકાશિત કર્યું. ગુજરાત યુનિવર્સિટી, શ્રી ગુરૂ ગોવિંદ યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્ટડીઝ (હોમસાયન્સ) ના સભ્યપદેથી હોમસાયન્સ વિષયના અભ્યાસ ઘડતર પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવી તેમજ પરીક્ષા સંલગ્ન કામગીરીમાં પણ કાર્યરત રહ્યાં.

વિદ્યાર્થિનીઓને રાહત દરે પુસ્તકો મળી રહે તે આશયથી કૉલેજ દ્વારા યોજિત Book Bank Yojana હેઠળ હોમસાયન્સના કો-ઓર્ડિનેટર તરીકે સંનિષ્ઠ ભૂમિકા ભજવી. શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૨૦૧૪ દરમિયાન UGC અંતર્ગતના COC (Career Oriented Course) અન્વયે Hospital Nutrition & Dietetics Course માં અધ્યાપન કાર્ય કરેલ. વળી, R.A. Bhavan's Science College તેમજ M G Science Instituteના અનુસ્નાતક વિભાગમાં 'Botany' વિષયના Visiting Faculty તરીકે કાર્યરત રહ્યાં.

૨૦૨૦થી એસ.એલ.યુ. કૉલેજના હોમસાયન્સ વિષયના અધ્યક્ષ પદેથી વિભાગીય વહીવટી કામગીરીને પણ સરસ રીતે નિભાવી. વિજ્ઞાન અને કલાના સમન્વયરૂપ એવા પિંકેશબહેને કૉલેજની શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં પણ કન્વીનર, માર્ગદર્શક તરીકે ભૂમિકા ભજવી. સપ્તધારા અંતર્ગતની 'રંગ કલા કૌશલ ધારા'ના ઈનચાર્જ પ્રાધ્યાપક તરીકે સક્રિયપણે કાર્યરત રહ્યાં. રંગોલી, કોલાજ, કાર્ટુનિંગ, પોસ્ટર મેકિંગ, ઓન ધ સ્પોટ પેઈન્ટિગ જેવી કલાઓની સૂઝ ધરાવતા હોવાને લીધે વિદ્યાર્થિનીઓને પણ પ્રોત્સાહિત કરતા રહ્યાં. સ્થાનિકથી National, Internationl Competitions માં વિદ્યાર્થિનીઓ ભાગ લે તે માટે પૂર્વ તૈયારીથી સમાપનની સમગ્ર પ્રક્રિયામાં ઊંડો રસ દાખવી, વિદ્યાર્થિનીઓની સુષુપ્તશક્તિઓને ઉજાગર કરતા રહ્યાં.

Trekkingના શોખીન અને Youth Hostel Association of India (YHAI) ના Life member હોવાને લીધે અનેકવિધ Trekking Camp માં સહભાગી થયાં. તદ્ઉપરાંત YHAI દ્વારા ધોરણ-૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ૩-૫ મે, ૨૦૦૨ દરમિયાન National Nature Study Trekking Programme અંતર્ગત આયોજિત Kulu-Manali Base Camp માં Expert & Escort તરીકે આનુભવિક ઉત્કૃષ્ટ કામગીરી કરેલ.

ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવનાર અને ચિત્રકલા, સંગીત-નૃત્યનો શોખ ધરાવનાર પિંકેશબહેને શાળાકીય જીવન દરમિયાન પોતાના રસ-રુચિ તેમજ શોખને અનુલક્ષીને વિવિધ પરીક્ષાઓ સારા ગુણ/ગ્રેડથી ઉત્તિર્ણ કરેલ. વળી, પોતાના કૉલેજ-શિક્ષણ દરમિયાન ગરબા, કંઠય સંગીતમાં પણ સક્રિય ભાગીદારી નિભાવેલ. તેમની રસિક બાબતોમાં ભરતગૂંથણ, સીવણ, વાંચન, વાસ્તુશાસ્ત્ર, ધાર્મિક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય.

૩૫ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી, તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ કાર્યાલય સમયબાદ વયમર્યાદાથી નિવૃત્ત થતા ડૉ. પિંકેશબહેનનું નિવૃત્તિમય જીવન પ્રવૃત્તિમય બની રહે એવી શુભેચ્છા સહ પ્રભુપ્રાર્થના.

*****

**વિકાસગાથા**

# એસ.એલ.યુ. આટ્ર્સ

# ઍન્ડ

# એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ

# (સ્થાપના : ૩૦ ઓગસ્ટ, ૧૯૨૦)

**- ડૉ. શૈલજા ધ્રુવ**

ઍસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ

આજથી લગભગ ૧૦૨ વર્ષ પહેલાં ઉચ્ચતર શિક્ષણનો લાભ આંગળીને વેઢે ગણી શકાય એટલી જૂજ બહેનો લેતી હતી. સ્ત્રીઓ માટે ઉચ્ચતર કેળવણીના વિચારો ધરાવનાર અમુક જ અગ્રગણ્ય વ્યક્તિઓ હતી. સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ તો બાજુએ રહ્યું, પણ માધ્યમિક શિક્ષણ માટે અમદાવાદ શહેરમાં ફક્ત એક-બે કન્યા શાળાઓ હતી. તે વખતે સર વિઠ્ઠલદાસ ઠાકરસી તરફથી પૂનાની કર્વે મહિલા વિદ્યાપીઠને રૂપિયા પંદર લાખની ઉદાર સખાવત મળી અને શ્રીમતી શારદાબહેન મહેતા (ગુજરાતની સૌ પ્રથમ સ્નાતિકા)ને ગુજરાતની સ્ત્રીઓ માટે પણ ઉચ્ચતર કેળવણી માટે કંઈક કરવાના કોડ જાગ્યા. તેમની પ્રેરણા, સલાહ તેમજ માર્ગદર્શન તથા સર રમણભાઈ નીલકંઠ, ડો. સુમંત મહેતા, લેડી વિદ્યાગૌરી નીલકંઠ (ગુજરાતની સૌ પ્રથમ સ્નાતિકા), શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રી રામનારાયણ પાઠક, શ્રી દાદાસાહેબ માવલંકર, શ્રી બલ્લુભાઈ ઠાકોર વગેરેના સક્રિય સહકાર, દીર્ઘદૃષ્ટિ અને સ્ત્રીશિક્ષણની ધગશને પરિણામે ‘ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે’ સાહસ કરી સ્ત્રીઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમવાળી, માતૃભાષા દ્વારા શિક્ષણ આપતી, શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી વિમેન્સ યુનિવર્સિટી (S.N.D.T. Women’s University) સાથે સંલગ્ન એવી **અમદાવાદની પ્રથમ મહિલા પાઠશાળા (મહિલા કૉલેજ)** ની સ્થાપના ૩૦ ઓગસ્ટ, ૧૯૨૦માં કરી. શ્રી લાલશંકર ઉમિયાશંકરની સ્મૃતિમાં આ મહિલા પાઠશાળાને સખાવત (રા.બ. લાલશંકર દ્વારા સ્વખર્ચે બંધાયેલ સંસાર-સુધારા હૉલ, રાયખડ (હાલનું સસ્તુ સાહિત્ય કેન્દ્રનો ઉપલો ભાગ)ના ભાડાની અમુક રકમ તેમજ લાલશંકરે પોતે કેળવણી માટે ટ્રસ્ટ કરેલી રકમોના વ્યાજમાંથી અપાયેલ ગ્રાન્ટ બન્ને સંયુક્ત રકમ) અપાતા તે ‘શ્રી લાલશંકર ઉમિયાશંકર મહિલા પાઠશાળા’ તરીકે નામાભિધાન થઈ. **શ્રી લાલશંકર ઉમિયાશંકર આટ્ર્સ કૉલેજ, જે એસ. એલ.યુ. આટ્ર્સ કૉલેજ તરીકે જાણીતી છે.**

**નોંધ: તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ એસ.એલ.યુ. કૉલેજે સ્થાપનાના ૯૯ વર્ષ પૂર્ણ કરી, ૧૦૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ.** શતાબ્દી વર્ષ (૨૦૧૯ - ૨૦૨૦)ની ઉજવણી હોંશભેર કરવામાં આવેલી.

શરૂઆતમાં વનિતા વિશ્રામ (૧૯૦૮માં સ્થાપિત)થી તેનું બીજારોપણ થયું. વનિતા વિશ્રામમાં સ્થપાયેલ મહિલા વિદ્યાલયની (૧૯૧૬માં સ્થાપિત) શાળાંત પરીક્ષામાંથી ઉત્તિર્ણ થયેલ ત્રણ બહેનોને - સવિતા ત્રિવેદી, નંદગૌરી સેતલવાડ, અરવિંદા ઠાકોર - મહિલા પાઠશાળામાં (૧૯૧૬માં પૂનામાં સ્થાપિત કર્વે યુનિવર્સિટી સાથેના ૧૯૨૦ ના જોડાણ સંદર્ભે) પ્રવેશ અપાયો.

રા. બ. લાલશંકર ઊમીઆશંકર મહિલાપાઠશાળાની પ્રથમ વિદ્યાર્થિનીઓ અને અધિષ્ઠાત્રી શારદાબ્હેન.



**મહિલા પાઠશાળાના અધિષ્ઠાત્રી શારદાબહેન સુમન્ત મહેતા અને પ્રથમ ત્રણ વિદ્યાર્થિનીઓ - સવિતા ત્રિવેદી, નંદગૌરી સેતલવાડ, અરવિંદા ઠાકોર. (૧૯૨૦)**

(સાભાર : જીવન સંભારણા (૧૯૩૮), શારદા મહેતા; પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા, પૃષ્ઠ ૨૫૩)

નોંધપાત્ર બાબત એ રહી કે, **અમદાવાદની આ પ્રથમ મહિલા કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની ભારત વર્ષની પ્રથમ affiliated કૉલેજ** બની ! જેના અધિષ્ઠાત્રી ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતિકા શ્રી શારદાગૌરી સુમન્ત મહેતા હતા.

ઉન્નત ધગશ ધરાવનારા સ્વપ્રદષ્ટા સમાજસેવકો, શિક્ષણશાસ્ત્રીઓ, એવા જ ઉત્સાહી શુભનિષ્ઠા ધરાવનાર સમાજસેવકોએ આ કૉલેજના વિકાસને ગતિ આપી છે. આ કૉલેજમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. શ્રી રામનારાયણ પાઠક, સ્વ. શ્રી મોતીલાલ અલમૌલા, ઇન્દોરના મહારાજા હોલ્કરના રાજકુમારી સ્વ. ઇન્દિરાબાઈ ભાગવત, શ્રી જેઠાલાલ ગો. શાહ, શ્રી ઇન્દુમતીબહેન મહેતા, ડો. ધ્રુમનબહેન દીવાનજી વગેરેએ આચાર્યપદ શોભાવ્યું છે. ત્યારબાદ શ્રી હસુબહેન ગૂર્જર તથા સ્વ. ડો. પૂર્ણિમાબહેન શાહ રહ્યાં. હાલમાં ડો. સિરાલીબહેન મહેતા ઉત્સાહભેર આચાર્યનો કાર્યભાર સંભાળી રહ્યાં છે.

આ કૉલેજના અધ્યાપન કાર્યમાં ગુજરાતની પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ આરંભના સમયમાં પોતાની કિંમતી માનદ્ સેવાઓ આપી છે. શ્રી શારદાબહેન મહેતા, લેડી વિદ્યાબહેન નીલકંઠ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી રામાનારાયણ પાઠક, શ્રી પ્રાણજીવન પાઠક, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી નવલરામ ત્રિવેદી, શ્રી રામમોહનરાય દેસાઈ, શ્રી જેઠાલાલ ગો. શાહ, શ્રી ગટુભાઈ ધ્રુ, શ્રી વિશ્વનાથ ભટ્ટ, પંડિત હરિભાઈ ઉપાધ્યાય, શ્રી નસરવાનજી દારૂવાલા, શ્રી રવિશંકર પંડિત, શ્રી હનુમંતરાય દેવધર, શ્રી કૃષ્ણરતન જનકર, ડૉ. મનહર ના. કવિ, શ્રી વિષ્ણુભાઈ અત્રે, શ્રી તિરંગિણીબહેન નીલકંઠ, શ્રી સેમ્સન બેન્જામિન, શ્રી વિનોદિની નીલકંઠ, ડૉ. માધવજી મચ્છર, શ્રી ગુલાબબહેન હઠીસિંગ, શ્રી તહેમીનાબહેન કામા, પ્રો. શ્રી શેઠના, શ્રી ભીખુભાઈ આચાર્ય, શ્રી કલ્યાણજી શુક્લ, શ્રી એમ. બી. ગોડબોલે, શ્રી સુકુમાર જોષીપુરા, શ્રી રામપ્રસાદ શુક્લ, શ્રી નાગરદાસ બામણિયા, શ્રી સાકરલાલ દવે, શ્રી ગણપતિપ્રસાદ ભટ્ટ, પ્રો. શ્રી વણીકર, શ્રી જયંત શાસ્ત્રી, શ્રી વી. આર. મહેતા, શ્રી અશ્વિનભાઈ વ્યાસ, શ્રી સત્યેન્દ્ર શાહ, ડો. પદ્માબહેન ફડિયા, પ્રિ. બહાદુરશાહ પંડિત, શ્રી દલસુખભાઈ શાહ, ડૉ. વિદ્યુતભાઈ જોષી, ડૉ. મૃગાવતીબહેન શાહ, પ્રિ. સી. એલ. શાસ્ત્રી, શ્રી રણછોડલાલ વાયડા, શ્રી ઉષાબહેન જોષી વગેરેએ પોતાની સેવાઓ દ્વારા આ સંસ્થાનું ગૌરવ વધાર્યું. તદઉપરાંત સાક્ષર શ્રી કેશવલાલ હ. ધ્રુ, પ્રો. બળવંતરાય ઠાકોર, સર રમણભાઈ નીલકંઠ, શ્રી ન્હાનાલાલ કવિ, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરે મહાનુભાવોએ સંસ્થાને અવારનવાર સહાય આપી.

તા. ૩૦ ઓગસ્ટ, ૧૯૨૦માં સ્થાપિત એસ.એલ.યુ. કૉલેજના વર્ગો ૧ સપ્ટેમ્બર ૧૯૨૦ થી શરૂ થયેલાં. ૧ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર ૧૯૨૦ દરમિયાન વનિતા વિશ્રામના ઉપરના માળે; ૧ નવેમ્બર, ૧૯૨૦ થી ૩૧ મે, ૧૯૬૩ દરમિયાન આ કૉલેજના વર્ગો ભાડેથી લીધેલ લેડીઝ કલબ (ભોળાનાથ સારાભાઈ ઈન્સ્ટિટયૂટ - ધી નેશનલ ઈન્ડિયન ઍસોસિયેશનનું બિલ્ડીંગ)ના ઉપલા માળે, ખમાસા રોડ, રાયખડમાં ચાલતાં; ૧ જૂન ૧૯૬૩ થી આ કૉલેજ વી. એસ. હોસ્પિટલ નજીક, એલિસબ્રિજ પોસ્ટ ઓફિસ પાસે, પોતાના મકાનમાં સ્થળાંતરિત થઈ.

ઈ.સ. ૧૯૭૩માં એસ. એલ. યુ. કૉલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાઈ. અત્યાર સુધી 'હોમસાયન્સ' એક વિષય તરીકે શીખવવામાં આવતો હતો તેને બદલે હોમસાયન્સ વિભાગ શરૂ થયો. ૧૯૮૧માં આજ કૉલેજના વિદ્યાર્થિની અને જ્યોતિસંઘનાં ભૂતપૂર્વ કાર્યકર સ્વ. શ્રીમતી પદ્માબહેન હરિવદન ઠાકોરના સ્મરણાર્થે દાન મળતાં શ્રી હરિવદન અને શ્રીમતી પદ્માબહેન ઠાકોર કૉમર્સ કૉલેજ શરૂ થઈ. (એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ) ૨૦૦૭ થી કૉમર્સ વિભાગમાં English Medium પણ શરૂ કરવામાં આવ્યું. ૨૦૧૪માં M.Com. માટે અનુસ્નાતક કેન્દ્રની મંજૂરી મળતાં જુલાઈ-૨૦૧૪ થી Gujarati Medium તથા English Medium માં M.Com. ના વર્ગો શરૂ થયાં.

આજે એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજમાં એફ.વાય., એસ. વાય., ટી.વાય.માં જુદા જુદા મુખ્ય અને ગૌણ વિષયો સાથે લગભગ ૧૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ તેમજ એમ.કૉમ.માં ૪૫૦ જેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી છે. તદ્ઉપરાંત વ્યવસાયલક્ષી Course - Fashion Design નો પણ સમાવેશ કરવામાં આવ્યો.

એસ.એલ.યુ. આર્ટ્સ કૉલેજમાં હોમસાયન્સ, ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂગોળ, ઈતિહાસ જેવા મુખ્ય વિષયો તથા કૉમર્સ વિભાગમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ અંતર્ગત વિદ્યાર્થિનીઓ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવે છે. અહીંનો રમતગમતનો વિભાગ તથા પુસ્તકાલય સમૃદ્ધ છે.

**આ કૉલેજ શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓથી હંમેશા ધમધમતી રહે છે...**

*****




**એસ.એલ.યુ. કૉલેજ - વનિતા વિશ્રામ,** આ બિલ્ડીંગના ઉપરના એક ઓરડામાં
(૧ સપ્ટેમ્બર - ૩૧ ઓક્ટોબર ૧૯૨૦ દરમિયાન)કૉલેજના વર્ગો ચાલતા હતા.



**એસ.એલ.યુ. કૉલેજ-રાયખડ**
(ભોળાનાથ સારાભાઈ ઈન્સ્ટિટયૂટ (લેડીઝ ક્લબ)
-ધી નેશનલ ઈન્ડિયન ઍસોસિયેશન - રાયખડ, અમદાવાદ)
આ બિલ્ડીંગના ઉપલા માળે ભાડેથી લીધેલ ત્રણ ઓરડામાં
(૧ નવેમ્બર, ૧૯૨૦ થી ૩૧ મે, ૧૯૬૩ દરમિયાન)
કૉલેજના વર્ગો ચાલતા હતાં.



**એસ.એલ.યુ.કૉલેજ – એલિસબ્રિજ**
પોતાના આ બિલ્ડીંગમાં
(૧ જૂન, ૧૯૬૩ થી આજપર્યંત) કૉલેજ કાર્યરત છે.

## હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ...

आज़ादी का अमृत महोत्सव

### SPORTS



### NSS







### NCC









એસ.એલ.યુ. કૉલેજના યજમાનપદે આયોજિત
Symposium on the NEP : 2020 : Prospects and Challenges



**આરસી** : A Mirror of this College

વર્ષ : ૨૦૨૧-૨૦૨૨; અંક-૧૭ ના વિમોચન પ્રસંગે ઉપસ્થિત જાણીતા કેળવણીકાર શ્રી મનસુખ સલ્લા;
ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્ મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકા રાવલ; ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તથા
એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો